રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા




## સ્વાતંત્ર્યપર્વની ઉજવણી





વર્ષ: ૭૭ | અંક : ૦૨ | ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩

## પૂજ્ય મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા અને

# પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ



પ્રાસંગિક :
શ્રી અરુણભાઈ દવે



વક્તા પરિચય :
શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા



વક્તા :
શ્રી મનસુખભાઈ સલ્લા



સન્માનવિધિ સંકલન :
શ્રી હસમુખભાઈ દેવમુરારિ



સન્માન સ્વીકારતા શ્રી અતુલભાઈ પંડ્યા



સન્માન સ્વીકારતા શ્રી બિંદુબહેન-પાર્થેશભાઈ પંડ્યા



સન્માન સ્વીકારતા શ્રી રવજીભાઈ ગાબાણી



સન્માનિત પૂર્વ વિદ્યાર્થીઓ અને ગુરુજન



શાલ અર્પણવિધિ



આભારદર્શન : શ્રી રામચંદ્રભાઈ પંચોળી



પ્રબુદ્ધ શ્રોતાગણ

# કોડિયું

વર્ષ : ૭૭ સપ્ટેમ્બર : ૨૦૨૩ અંક : ૦૨

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **અતુલભાઈ પંડ્યા**<br>પાર્થેશભાઈ પંડ્યા | ...૫૧ |
| ૦૨ | **બિન્દુ - પાર્થેશ**<br>અતુલભાઈ પંડ્યા | ...૫૪ |
| ૦૩ | **શાળાથી સચિવાલય સુધીની યાત્રા : રવજી ગાબાણી**<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૫૬ |
| ૦૪ | **યુગપ્રવાહ અને નઈ તાલીમ**<br>ભાણદેવજી | ...૫૮ |
| ૦૫ | **લોકભારતીના દાદાઓઃ દર્શક તમે ક્યાં ક્યાં નથી...**<br>મનોહર ત્રિવેદી | ...૬૧ |
| ૦૬ | **ભારતભૂમિની ઊર્જાવાન નારીઓ : ગાંધીજીની માનસપુત્રી : અંબુજામ્મલ**<br>ટીના દોશી | ...૬૫ |
| ૦૭ | **નાનાભાઈ ભટ્ટની પાત્રસૃષ્ટિ અને સંવાદકળા**<br>નીતિન ભટ્ટ | ...૬૮ |
| ૦૮ | **ભૂરી છત્રી**<br>રસ્કિન બૉન્ડ. અનુવાદ : ડંકેશ ઓઝા | ...૭૨ |
| ૦૯ | **શિક્ષકત્વની વાત...**<br>પારસકુમાર | ...૭૪ |
| ૧૦ | **બાળકેળવણી**<br>કાલિન્દી પરીખ | ...૭૬ |
| ૧૧ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૮૦ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માની કેળવણી

આપણી પૃથ્વી ઉપર વસતા કરોડો પ્રકારના જીવો પૈકી જે થોડાક લાખો જીવોનો અભ્યાસ થઈ શક્યો છે તે પરથી તમામ જીવોનું અંતિમ લક્ષ 'મોજ' કરવાનું છે. દરેક જીવની સતત ઝંખના, દોડ, ઈચ્છા, પ્રયત્ન, સ્વપ્ન કંઈ હોય તો તે છે સુખ પ્રાપ્તિની. જ્યારે આપણો આધ્યાત્મિક વારસો એવું શીખવે છે કે માણસના દુઃખનું કારણ જ આ સુખની ઝંખના છે! આપણે એવું સ્વીકારી લીધું છે કે જીવન એ સુખની શોધ છે પણ વાસ્તવમાં જીવન એ તો સત્યની શોધ છે. રસ્કિને એટલે તો વારંવાર સમજાવ્યું છે કે "ધન એ સંપત્તિ નથી, જીવન એ સંપત્તિ છે." હકીકતે પ્રકૃતિએ તો સચ્ચિદાનંદ સ્વરૂપ એવા આપણા સૌમાં બીરાજમાન આત્માના સાક્ષાત્કારનું સત્ય શોધવા-પામવા માટે જીવન બક્ષ્યુ છે. જિજ્ઞાસા, અવલોકન, જિજીવિષા, સહજવૃત્તિઓ માણસમાં રહેલી છે. આ તમામ માનવસહજ વૃત્તિઓમાંથી સર્વાંશે માણસને આનંદ, શાંતિ, જ્ઞાન, શક્તિ, સૌંદર્ય, પ્રેમ, જાતિયસુખ અને અમરત્વ મળે છે. પરંતુ જો આ સમગ્ર સુખનું પોટલું વાળીએ તો તે પોટલાનું લેબલ તો 'આત્મા' જ થાય છે. આત્મા એ સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને પૂર્ણ છે. આત્મા આપણા અસ્તિત્વની ઓળખનું કેન્દ્ર છે. માટે જ આત્માપ્રાપ્તિ માટેની આ વિદ્યા એટલે કે અધ્યાત્મવિદ્યા એ તમામ વિદ્યાઓમાં કેન્દ્રસ્થવિદ્યા છે. વળી, આ આત્માપ્રાપ્તિનો પ્રયત્ન સુખ દ્વારા મેળવવો શક્ય નથી. માણસની સુખ પાછળની દોડ, ઈચ્છાઓ, સ્વપ્નાઓ વગેરેનું મૂળ માણસના અભાવામાં સમાયેલું છે. અભાવો એટલે આંતરિક ખાલીપાની લાગણીઓ. હવે સ્પષ્ટ છે કે માણસના જીવનનો અંધકાર, દુઃખ, અભાવો એટલે આત્માના સાક્ષાત્કારનો અભાવ. આ અભાવગ્રંથીના વિસર્જનનો એકમાત્ર ઉપાય છે અને તે છે અધ્યાત્મની કેળવણી. આપણા નીચલા ધોરણોના પાઠ્યપુસ્તકોમાં આ કેળવણી આપતા કાવ્યો અને પાઠો ભરપૂર હતા પણ ચંદ્ર પર પહોંચવાની ઘેલછા અને ઉતાવળે એ બધું કાઢી નાખવામાં આવ્યું!! ચંદ્ર પર જનારો જો અંદરથી દુઃખી હશે તો તે ત્યાં જઈને પણ રોદણા જ રોશે!!

આ આત્મા એટલે કે ચેતના જે દરેક જડ, ચેતનમાં હાજરાહજૂર છે. પથ્થરમાં એ સુષુપ્ત છે, વનસ્પતિમાં શ્વાસ લે છે, પ્રાણીઓમાં ક્રિયાશીલ છે અને મનુષ્યમાં ચૈતન્યરૂપે રહેલી છે. દરેક સજીવનો વિકાસ એ જીવનનો અનિવાર્ય સ્વરૂપગત ગુણધર્મ છે. જીવનવિકાસનું સર્વોત્તમ માધ્યમ એ 'અધ્યાત્મ' જ છે ત્યારે એની કેળવણી મા-બાપ અને બાળકોએ અનિવાર્યપણે લેવી પડશે. વિજ્ઞાન અને અધ્યાત્મ એવું સમજાવે છે કે આ ચેતના એટલે કે પરમાત્માનો સ્વભાવ પરમ સ્વતંત્રતાનો છે. સ્વામિત્વ વગરનું અસ્તિત્વ એટલે પરમાત્મા! અર્થાત્, પદાર્થ કે પ્રાણીના માલિક બનવાની આપણી આદિમવૃત્તિમાંથી તેના મિત્ર બનવા તરફ જે લઈ જાય તે સાચી અધ્યાત્મિક કેળવણી! જો માણસ પ્રકૃતિને અનુકૂળ થઈ સ્વતંત્રતામાં જીવશે તો સુખ મળશે અને જો પ્રકૃતિને પ્રતિકૂળ થઈને

પરતંત્રતામાં જીવશે તો દુઃખનો દરિયો મળશે. જ્યારે જ્યારે આપણે આપણા સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માથી દૂર જઈએ છીએ ત્યારે ખાલીપો-અભાવો પેદા થાય છે. વળી, ખીલો ખસી જવાથી પેદા થતું આ દુઃખ પણ ભ્રામક છે! પાણીને લાગેલી તરસ જેવું ભ્રામક છે!! પ્રકૃતિએ માણસને શું પસંદ કરવું તેની સ્વતંત્રતા આપીને જાણે મસ મોટી ભૂલ કરી છે!! આત્માની પ્રસન્નતાની, સુખની ચરમસીમાની અભિવ્યકિત એ નૃત્ય છે. આથી તમામ આનંદોત્સવ નૃત્ય કરીને મનાવાય છે. આ કેટલી સાદી-સીધી-સરળ અને પ્રમાણમાં સસ્તી એવી જીવનપ્રણાલી પ્રકૃતિએ બક્ષી છે!

તમામ ક્ષેત્રમાં વ્યાપક બનેલી સ્પર્ધાએ મનુષ્યનું સુખ હણી લીધું છે. કોઈ પણ ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારની સ્પર્ધા ક્યારેય નિર્દોષ કે તંદુરસ્ત હોઈ શકે જ નહીં. સ્પર્ધા પોતે જ નિષેધાત્મક પ્રવૃત્તિ છે. ઈર્ષા, લોભ, હરિફાઈ, અહંકાર, નફરત વગેરે જેવા દુર્ગુણોને જન્માવતી કોઈ પ્રવૃત્તિ હોય તો તે છે સ્પર્ધા.

રાજસ્થાનનું કોટા આજે વિશ્વમાં ચર્ચાના ચકડોળે ચડ્યું છે. આજે કોટાએ અનેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાનું કેન્દ્ર બની અનેક યુવાનોના સ્વપ્ન સાકાર કરવાના બહાને લાખો રૂપિયાનો વેપાર કરીને, શિક્ષણને બજારુ કરીને ભારતીયસંસ્કૃતિનો કચ્ચરઘાણ બોલાવી રહ્યું છે. અહીં દિવસે દિવસે યુવાનો-યુવતિઓની આત્મહત્યાનું પ્રમાણ ચિંતાજનક દરે વધી રહ્યું છે. બધાને કલેકટર, ડૉકટર કે ઈજનેર થવું છે, જીવનની પ્રસન્નતા નથી જોઈતી. બાળકો કરતાં વાલીઓ વધુ જવાબદાર છે. પોતાની ઈચ્છાઓ, અપેક્ષાઓ, સમાજમાં વટ પાડવા જેવી ઘેલછાઓ પૂર્ણ કરવા એ બાળકો ઉપર બળાત્કાર આચરી રહ્યા છે. પોતાના બાળકની હોશિયારી અને પોતાની જાગૃતિ અન્ય કરતાં ચડિયાતી છે એ પૂરવાર કરવા બાળકોની જિંદગીનો ભોગ લેતા માં-બાપ વાસ્તવમાં આ પાપ કરી રહ્યા છે. બાળકોની જીવન-પ્રસન્નતા જૂટવી લેનારા આ મા-બાપ ભગવાનના ગુનેગારો છે.

જ્યાં સુધી આપણે શિક્ષણને સાધ્ય માનીને ચાલીશું ત્યાં સુધી ક્યારેય સુખ મળવાનું નથી, આત્મહત્યાઓ વધ્યા જ કરવાની. શિક્ષણ તો સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માને પામવા માટેનું એક માત્ર સક્ષમ સાધન છે. શિક્ષણને જ્યાં સુધી પવિત્ર સાધન તરીકે નહીં પ્રયોજીએ ત્યાં સુધી આ સ્પર્ધા નામની રાક્ષસી ડાકણ માણસને ક્યારેય સુખી થવા નહીં દે. આપણે આપણી ઋષિ પરંપરાની આશ્રમી શિક્ષણપ્રણાલી અપનાવ્યા વગર છૂટકો જ નથી. આપ સૌ એટલું તો જાણતા જ હશો કે ગુરુ પરંપરા આધારિત આપણી આશ્રમી શિક્ષણપ્રણાલીનું વ્યવહારું અને આધુનિક સ્વરૂપ એ ગાંધીવિચારને વરેલી નઈ તાલીમ છે. ફીનલેન્ડની ફીરકી પણ નઈ તાલીમ જ છે અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ તો નઈ તાલીમનો મસાલો આકર્ષક બોટલમાં ભરેલો છે! સવાલ આ બધાના સ્વીકારનો અને અઘોળ આચરણનો છે.

— [signature]

## ૦૧ અતુલભાઈ પંડ્યા

**પાર્થેશભાઈ પંડ્યા**



**પરિચય**

અતુલભાઈ રતિલાલ પંડયા 'આમ તો નામ હી કાફી હૈ!' તેમની ઊંચાઈ એ માત્ર ભૌતિક ઊંચાઈ નથી, પણ બૌદ્ધિક જિરાફતા પણ એટલી જ. પિતાજી લોકભારતીના જ કાર્યકર. કદાચ લોકભારતીનો એક માત્ર દાખલો હશે કે સંસ્થાના કાર્યકર ગામના સરપંચ થયા હોય. એ રીતે જોવા જઈએ તો અતુલભાઈ સરપંચપુત્ર પણ ખરા. અકલ્પ્ય સ્ફૂર્તિવાળા, હંમેશા કપાળમાં સ્વતંત્ર વ્યક્તિત્વના પ્રતીક જેવો મોટો ચાંદલો કરતાં શિક્ષિકા નલિનીબહેનના સુપુત્ર અતુલભાઈ કંઈક અલગ જ વાતાવરણમાં ઊછર્યા હતા. અને આ વાતાવરણ એટલે લોકભારતીત્વ! રતિભાઈનાં પાંચેય સંતાનો લોકભારતીના વિદ્યાર્થી! અતુલભાઈ એક દૃષ્ટિએ ભાગ્યશાળી પણ ખરા. કારણ કે તેમનાં જીવનસાથી વંદનાબેન પણ લોકભારતીત્વથી રંગાયેલાં મળ્યાં. પશુપાલન, શિક્ષણ, સમાજકાર્ય, વિકાસનાં દરેક ક્ષેત્રો ગળથૂથીથી શરૂ કરી જીવનમંત્ર બની સાથે રહ્યાં. જાણે આખુંય જગત ઘરમાં હોય. કદાચ એટલે જ દીકરી તરીકે 'સૃષ્ટિ' અવતરી! જે અત્યારે કેનેડામાં સ્થાયી થયેલ છે.

અતુલભાઈ ટીમલીડર તરીકે હંમેશા નવું શીખીને અલિપ્ત રહેવા માંગે. શીખે, સમજે, સ્વીકારે, વિકસે અને છતાં નિર્લેપ. સ્વની ઓળખ જાળવીને જળકમળવત રહી શકે. અતુલનો એક અર્થ તલ થાય છે. તલને વિકસવા માટે ઓછું પાણી હોય તો પણ ચાલે. અતુલભાઈને વિકસવા શું જોઈએ? અતુલ જ. ક્યાં જસદણનો નપાણિયો વિસ્તાર! ને ક્યાં ગાંધીજી જ્યાં ૧૩ વર્ષ શ્વસ્યા હતા તે સાબરમતી આશ્રમ! આ તલને વિકસવા માટે બધું જ અનુકૂળ આવે. દુનિયાના લગભગ ૧૧ કરતાં વધુ દેશોમાં શીખવા કે શીખવવા જવાનું થયું અને બધે જ કોળ્યા. જસદણ વિસ્તારનાં ગામડાંઓમાં ૫ વર્ષ ગ્રાસરૂટ લેવલ પર કાર્ય કર્યા બાદ ગુજરાતની પૂર્વ પટ્ટીમાં શિક્ષણની ગુણવત્તા તથા પર્યાવરણ અને વિકાસલક્ષી કામગીરી આંતરરાષ્ટ્રીય સંસ્થાની નાણાંકીય મદદ દ્વારા કરી. ભૂકંપ બાદ કચ્છના નાના રણમાં પુનર્વસન અને લાંબા ગાળાના તાલીમ કાર્યક્રમનું સંચાલન કર્યું. ગુજરાતની, દેશની અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્વૈચ્છિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ સાથેના નેટવર્ક દ્વારા વિવિધ સ્તરના પ્રોજેક્ટ કોર્ડીનેટ કર્યા. મનુદાદા કહેતાં કે 'ચરણ આપનાં ક્યાં બિરાજે, દુબળા બાપડા જ્યાં બિરાજે'... તેમ અતુલભાઈની મોટીમોટી સંસ્થાઓ સાથે છેક છેવાડાના માણસ માટેની મથામણ નિરંતર રહી છે.

અતુલનો એક અર્થ તોળ્યાં વગરનું એવો પણ થાય છે. તેઓ ક્યારેય તોળાયા નથી. આમ તો લોકભારતીનો કોઈ પણ વિદ્યાર્થી તોળાય નહીં, પણ અતુલભાઈ ખાસ છે. તેમની આવડત અને સૂઝના કારણે કેટલીય સંસ્થાઓનાં

માગાં આવ્યાં પણ બધાં લીલા તોરણે પાછાં ગયાં. પર્યાવરણ શિક્ષણકેન્દ્ર તેમની નિયતિ હતી, અને રહી છે. લોકભારતી માટે તેઓએ ત્રણ દાયકા સુધી પર્યાવરણ શિક્ષણ કેન્દ્રમાં કરેલ તપની તપશ્ચર્યાની પલાંઠી(૩ વર્ષ) લોકભારતીમાં માંડી. પરંતુ નિયતિ તેમને હજુ નવી ધરાનું કામ કરાવવા ઇચ્છતી હતી તેથી ૨૦૧૮ના વર્ષથી સાબરમતી આશ્રમના નિયામક તરીકે કાર્ય કરી રહ્યા છે. 'ગાંધી–૧૫૦'ની ઉજવણી માટે વડાપ્રધાન દ્વારા બનાવેલી સમિતિ તથા યુનિવર્સિટીની 'બોર્ડ ઓફ સ્ટડીઝ'માં તેઓ સભ્ય તરીકે રહ્યા છે. ૧૧ જેટલાં પ્રકાશનોમાં તેમના વિચારોની મહેક આવે છે. તે પ્રકાશનો દ્વારા તેમણે કેટલાય રચનાકારોને તક પણ આપી છે. દુનિયાના લગભગ ૧૧ જેટલાં દેશોમાં વ્યાખ્યાન દ્વારા તલપુષ્પીની જેમ સુગંધ ફેલાવી છે અને મજાની વાત એ છે કે તેમની સુગંધમાં લોક-૧ ઘઉંનો અંશ હોય, 'મેના' ગાયનું ભાંભરવું સંભળાય. જાણે લોકભારતી દરેક વખતે ગજગજ ફૂલાતી હોય!

જેમ સત્યનારાયણ ભગવાનની કથા થાય ત્યારે વિષ્ણુસહસ્રનામ દ્વારા એક એક તુલસીપત્ર વિષ્ણુને ચડે તેમ લોકભારતીની કથા થાય ત્યારે એક એક વિદ્યાર્થી દક્ષિણામૂર્તિદેવ પર આહવાહિત થાય. આજે વધુ એક તુલસીદલ લોકભારતી દ્વારા આહવાહિત થવા જઈ રહ્યું છે. તેમને અભિનંદન!

## પ્રતિભાવ

— અતુલ પંડ્યા

સૌપ્રથમ ઋષિતુલ્ય લોકભારતીના સ્થાપકો તથા લોકભારતીના મારા આદરણીય ગુરુજનોને મારા પ્રણામ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માનની ચયન સમિતિના માનનીય સભ્યો કે જેમણે મને આ સન્માન યોગ્ય ગણ્યો તેમને પણ હું વંદન કરું છું.

લોકભારતીત્વને ઉજાગર કરનારનું લોકભારતીના સ્થાપકોએ જે સ્વપ્ન જોયું હશે તે સંદર્ભમાં મારી જાતને મૂકું ત્યારે આ સન્માન સ્વીકારતાં ક્ષણભર ક્ષોભની લાગણી અનુભવું છું. 'ઝાડનાં પારખાં ફળ પરથી' એવું લોકભારતી માને છે ત્યારે આ સન્માન સ્વીકારીને મારી નૈતિક જવાબદારી સવિશેષ છે, તેવું ભાન મને થાય છે. લોકભારતી સાથેનો મારો સંબંધ નાળ જેવો છે. આ નોળવેલે મને હંમેશા 'ઉત્ક્રાંત માનવ' તરફ જવાની પ્રેરણા આપી છે. લોકભારતીના પરિસરનું ભાવાવરણ, દાદાઓ, ગુરુજનોએ મારાં વિચારપિંડ અને વ્યવસાયિક કારકિર્દીના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

મેં અનુભવેલી-સમજેલી નીચે મુજબની લાક્ષણિકતાઓ-વ્યવહારો અને વિચારદર્શનમાંથી આજે પણ લોકભારતીત્વ મને અનેક રીતે ખપમાં આવે છે.

૧. કાર્યકરોની કર્તવ્યનિષ્ઠા(Passion, Dedication),સંસ્થાના મૂળભૂત ઉદ્દેશ્યો અને જીવનમૂલ્યોની સ્પષ્ટતા, સમજણ, ઊંડાણ, એકસૂત્રતા.

૨. વિદ્યાવ્યાસંગીપણું, વાચન-લેખન-ચર્ચા દ્વારા શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ અને શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનું પ્રેમ રસાયણ.

૩. અનુભવ અને શૈક્ષણિકચિંતનના આધારે ઘડેલું શૈક્ષણિક સત્રાયોજન, દિનચર્યા, ઉત્સવો, પ્રવાસો, શિબિરો, છાત્રાલયજીવન દ્વારા બુદ્ધિ અને હૃદયની કેળવણી.

૪. પરિસર પર રહેતાં કાર્યકર અને પરિવારજનો વચ્ચેનો સંબંધ, પરસ્પરનો ભાવ-નિસબત, વ્યવહાર.

૫. Think Globally-Act Locally મુજબ સમગ્ર સંસ્થાનું માળખું અને અનુસાંગિક વ્યવસ્થાઓ ગોઠવવાનો સભાન પ્રયાસ.

૬. ગૌશાળા, ખેતી-વિભાગ, નર્સરી, ઘઉં સંશોધન, લોકવિજ્ઞાન કેન્દ્ર, પાણી સંગ્રહ વગેરે વિભાગમાં થતી કામગીરી, તેમાં વિદ્યાર્થીઓની

સમજણપૂર્વકની સામેલગીરી દ્વારા પ્રત્યક્ષ અનુભવ અને વર્ગશિક્ષણ સાથેનો અનુબંધ. વિભાગીય વડા અને તેમનું ટીમવર્ક, કામ સાથેનું જોડાણ અને પરિસર પરની સાતત્યપૂર્ણ હાજરી.

૭. સંસ્થાના સ્થાપકો, ટ્રસ્ટીઓ અને મહત્ત્વના હોદ્દાના મહાનુભાવોમાં સંસ્થા વિચારની સ્પષ્ટતા, સબળ નેતૃત્વ, કથની-કરણીની એકસૂત્રતા, અનુભવના નિચોડ સ્વરૂપનું જ્ઞાન (Empirical Knowledge), વ્યાપક જગતની વાસ્તવિકતા-હિલચાલ પરત્વેની જાગૃતિ(Macro Level Reality)અને કાર્યકર્તા નિર્માણનો દૃષ્ટિપૂર્વકનો પ્રયત્ન.

૮. આસપાસના ગ્રામ-સમાજ, તેના પ્રશ્નો સાથેનું સક્રિય-જીવંત-સાતત્યપૂર્વકનું જોડાણ, વિદ્યા-વિસ્તારનાં કાર્યો દ્વારા પરિસરની ચાર દીવાલ બહારનું શિક્ષણ અને ગ્રામ-વિકાસનું નિદર્શન.

૯. પરદેશી મહેમાનો, રાષ્ટ્રીય નેતાઓ, તજજ્ઞો, વિષય નિષ્ણાતો, કેળવણીકારોની સંસ્થા મુલાકાત, તેમની સાથેનો વિચારવિમર્શ.

૧૦. વિદ્યાર્થી ભાઈઓ-બહેનો, કાર્યકરોની નિયત આચારસંહિતા અને તેના નક્કી કરેલાં ધોરણો-માપદંડો જળવાઈ રહે, આત્મસાત થાય તે માટેનો, સંચાલકોના લોકશાહી ઢબના જાગૃત પ્રયત્નો અને તેને સંભારતા-સંકોરતા રહેવાની નિસબત.

આ તબક્કે મારા માતા-પિતાને સંસ્કાર, ઘડતર-સ્વતંત્રતા માટે વંદન કરું છું. મારી પત્ની અને દીકરી માટે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. મારી બહેનો અને તેના જીવનસાથીઓ તથા મારા જમાઈ સાથે મારો આ સન્માન સંબંધી રાજીપો વ્યક્ત કરું છું.

### ગાંધીજીની દૃષ્ટિ

ઈ.સ.૧૯૧૭ની એક વાત.

૧૯૧૭નું વર્ષ ગોખલેજીની તિથિ વર્ષ ઉજવવા માટે ગાંધીજીએ સૂચના કરી કે ગોખલેજીના ભાષણો, લેખો ગુજરાતીમાં અનુવાદ કરી, પ્રકાશિત કરી લોકો સુધી પહોચાડી ઉજવાય.

આ કાર્યની મુખ્ય જવાબદારી બાપુએ નરહરિ પરીખને આપી..

તેમાં એક અનુવાદકનો અનુવાદ નબળો હતો પણ નરહરિભાઈ અનુવાદકની ઉંમર અને કીર્તિને જોઈને એમને કાંઈ કહી શકયા નહીં. અનુવાદ પામેલ પુસ્તકના ફરમા ગાંધીજીને વાંચન માટે અપાયા. બીજે દિવસે ગાંધીજીએ નરહરિભાઈને બોલાવી કહ્યું:

'નરહરિ, આ ભાષા તો મુદ્દલ ચાલે એવી નથી.

આવી તરજુમિયા ભાષા કોણ સમજશે ?

તમે આ પાસ કેમ કર્યું ? વારુ, આખી ચોપડી તૈયાર થઈ ગઈ છે?'

નરહરિ પરીખઃ 'હા'

ગાંધીજીઃ 'તો પણ આપણે તો એ રદ્દ જ કરવી પડશે.'

નરહરિ પરીખઃ ' પણ આખી ચોપડી તૈયાર થઈ ગઈ છે; અને આટલા કામનું લગભગ સાતસો રૂપિયા તો બિલ થઈ ગયું હશે. એટલું બધું ખર્ચ કરેલું નકામું જવા દેવાય ?'

ગાંધીજીઃ 'નરહરિ,સાતસો તો શું પણ સાત હજાર રૂપિયા નકામા જતા હોય તો પણ હું જવા દઉં. હું તો પાઈપાઈની ગણતરી કરું અને પ્રસંગ આવ્યે આવા ખર્ચની પણ પરવા ના કરું. આપણે પૈસા ખર્ચ્યા છે માટે શું આવી નબળી ચોપડી પ્રજા આગળ મૂકીએ ? એ તો બેવડો વ્યય થાય !'

ગાંધીજીની અનુવાદ-સજજતા આવી હતી.

## ૦૨ બિન્દુ - પાર્થેશ

### અતુલભાઈ પંડ્યા




**પરિચય**

બિન્દુ-પાર્થેશ, જેવી નીમપાગલોની જોડી હવે ગુજરાતમાં બહુ થોડી બચી છે. 'Pay Package' અને 'PR'ના જમાનામાં નવી જોડીઓ બનશે કે નહીં તે શંકા છે. આમ તો બંનેનો સ્વભાવ, કાર્ય કરવાની રીત, કૌટુંબિક પરિમાર્જન, શૈક્ષણિક પૂર્વભૂમિકા તદ્દન અલગ! પણ બાળકો માટેની નિસબત, નૂતનયુગના નવલા શિક્ષણ માટેની મથામણ, પ્રયોગશીલતા, ઊર્જાવાન પ્રાથમિક શિક્ષણના કોઈ પણ સ્તરના કાર્યક્રમમાં અગ્રેસર સૈનિક સમાન સામેલગીરી જેવી સામ્યતા તેમને સાથે જોડી રાખતી હશે તેવું લાગે! આમ છતાં દાંપત્યજીવન-સમાજજીવન અને ગ્રામ્યજીવન સુચારુ રીતે જીવવા એકબીજાએ ઘણા ખૂણાઓ ઘસવા પડ્યા હશે.

બિન્દુબેનનો ઉછેર-અધ્યાપન મંદિરનો અભ્યાસ 'લોકભારતી પરિસરમાં'. પરિસરની 'ચુલબુલી'-હસતી-ભમતી છોકરીએ ઘણો આંતરિક સંઘર્ષ કરીને હરિયાળું ભણતર, વિજ્ઞાનકેન્દ્રનું જોડાણ, ગુરુજનોના માર્ગદર્શન વડે ગુજરાતની એક આદર્શ શિક્ષિકા તરીકે કાઠું કાઢ્યું. ૨૮ વર્ષ રાજ્યની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે કામ કર્યું.

પાર્થેશ-સૌરાષ્ટ્રની કઠણ ભોંનો કઠણ જણ! ભૌતિકવિજ્ઞાન સાથે સ્નાતક થઈ, જી.બી.ટી.સી. લોકભારતીમાં. લોકભારતીની વોટરશેડ યોજના, વિજ્ઞાનકેન્દ્રનું કામ કરતાં કરતાં લોકભારતીના સંનિષ્ઠ કાર્યકર સમાન ઓળખ વિકસાવી. આ સમય દરમ્યાન બિન્દુ-પાર્થેશ

જીવનસાથી બન્યાં. રાજકોટ વિજ્ઞાનકેન્દ્ર, ગુજરાત રાજ્ય શિક્ષણ અને તાલીમભવન તથા પર્યાવરણ શિક્ષણકેન્દ્ર અમદાવાદમાં પાર્થેશે શિક્ષણ કેન્દ્રી-બહુ આયામી કામગીરી કરી. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર Exposure મળ્યું અને કારકિર્દીને વિશાળ ફલક પર વિકસાવવાની તક મળી. બિન્દુ સાથેના જોડાણથી અને માટીની મહેક સાથે ગાંધીનગર પાસેનું રાજપુર ગામ બંનેની કર્મભૂમિ બની. રાજપુર ગામમાં શરૂઆતમાં તંબુ-નિવાસ અને ત્યારબાદ તેઓ ખેતર પર મકાન બાંધી કાયમી વસ્યાં છે. પરંતુ તેમણે તેમના ઘરનું રાષ્ટ્રીયકરણ કરેલું છે. બાળકો-ગ્રામજનો, જિજ્ઞાસુઓ, મુલાકાતીઓ પોતીકું ગણી આવન-જાવન કરી શકે. 'વાડી પરના વ્હાલા' કરીને નરવું જીવન જીવે છે.

રાજપુરની શાળાને-બાળકોને-ગામને નમૂનારૂપ બનાવવા ખૂબ જહેમત ઉઠાવી છે. વાચન-લેખન-શિક્ષક તાલીમ, નાના-મોટા અનેક સરકારી, સ્વૈચ્છિક પ્રકલ્પો સાથે જોડાઈને-મદદરૂપ થઈને શિક્ષણનું અવિરત કાર્ય કરી રહ્યાં છે. તેમની અંગત શોખની પ્રવૃત્તિમાં હંમેશાં એક શૈક્ષણિક દૃષ્ટિ-ઉદ્દેશ્ય હોય છે. તેની આસપાસ રહેનાર સાહજિક રીતે આપોઆપ આવી શીખી જાય છે. બાળકો સાથે સીધી રીતે અને બાળકો માટેના વિવિધ સ્તરના પ્રશિક્ષકો માટે તેઓ બંને ઉત્તમ તાલીમકાર રહ્યાં છે. રાજપુર ગામ આજે ગુજરાતનું એક આગવું શિક્ષણતીર્થ બન્યું છે. લોકોની અંધશ્રદ્ધા સામેના ઉપવાસ, બાળ-લગ્નો અટકાવવા, આદર્શ ગામનું આયોજન-અમલીકરણ જેવાં અનેક સામાજિક-તળપદાં-નક્કર કાર્યો ધૂણી ધખાવી કરતાં રહ્યાં છે.

બિન્દુબેનને ચિત્રકૂટ એવોર્ડ, મા સરસ્વતી સન્માન, 'The Magnificent-૧૦૦' અંતર્ગત દેશની ૧૦૦ શ્રેષ્ઠ મહિલાઓ પ્રશસ્તિ, કસ્તુરબા એવોર્ડ જેવાં સન્માન મળેલાં છે. આ ઉપરાંત મા-બાબા એવોર્ડ, શ્રેષ્ઠ ગુરુ ગૌરવ એવોર્ડ, જેવાં સન્માનથી આ દંપતી સન્માનિત થયાં છે. લોકભારતીત્વને ખરા અર્થમાં ઉજાગર કરવાનો પુરુષાર્થ બંનેએ કર્યો છે. દર્શકદાદા જેને 'પારકી છઠ્ઠીના જાગતલ' કહેતા હતા તેવા પાર્થેશ-બિંદુનો પરિચય આ માધ્યમ-સન્માન દ્વારા બૃહદ લોકભારતી પરિવારને થશે તે સૌને માટે પ્રેરણાસભર, આનંદદાયક અને ગૌરવપૂર્ણ રહેશે તેવી શ્રદ્ધા છે. તેમને અભિનંદન!

**પ્રતિભાવ**

- બિન્દુ-પાર્થેશ

જ્યારે જાણ્યું કે સન્માન થવાનું છે અને અમારા બંનેનું સાથે થવાનું છે તો આનંદ અને દ્વિધા બંને થયાં. આનંદ એ વાતનો કે બંનેનું સાથે સન્માન થઈ રહ્યું છે. દ્વિધા એ કે આ સન્માનને લાયક આપણે ગણાઈએ?

જ્યારે કોઈ પણ સન્માન મળ્યું છે ત્યારે આ વિચાર આવ્યો છે.

બીજે મળેલાં સન્માન સ્વીકાર્યા હોય ત્યારે; જ્યાં ભણ્યા હોઈએ, જ્યાંથી કામ કરવાની પ્રેરણા મળી હોય તે સંસ્થા તરફથી સન્માન મળવાનું હોય તો સ્વીકારવું જ જોઈએ. અથવા તો એમ કહી શકાય કે માતૃસંસ્થાના સન્માન પછી બાકીના સન્માનની યથાર્થતા વધી જાય છે.

લોકભારતી સંસ્થાના વાતાવરણમાંથી, તેના કાર્યક્રમોમાંથી, તેના કાર્યકરોમાંથી, તેના વર્ગખંડમાંથી ઘણું શીખ્યા છીએ. ઘણાં સપનાં આ સંસ્થાએ આપ્યાં છે. અમને મળેલ સપનાઓ - લોકહિતના, શિક્ષણના નવા પ્રયોગોના દેશ ઉપયોગી કામોના સપના સાકાર કરવા માટે પ્રયત્નશીલ છીએ.

આપે કરેલ સન્માનથી અમારા કામ કરવાના ઉત્સાહમાં વધારો થયો છે. હવે અમે વધારે જવાબદાર બની કામ કરીશું.

સન્માન માટે જેમણે પણ અમારું નામ વિચાર્યું તેમનો અને સન્માન કરવા બદલ સંસ્થાનો દિલથી આભાર.

## ૦૩ શાળાથી સચિવાલય સુધીની યાત્રા : રવજી ગાબાણી

**પ્રવીણચંદ્ર ઠક્કર**



**પરિચય**

આ વર્ષે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ દ્વારા સન્માનિત રવજીભાઈ ગાબાણી (જન્મઃ૦૧-૦૨-૧૯૭૨) લોકભારતી અધ્યાપનમંદિરના ૧૯૯૦ના વિદ્યાર્થી છે. તેમનું મૂળ વતન સુવિધાવિહિન ભાવનગર જિલ્લાના વલ્લભીપુર પાસેનું નાનકડું પીપરિયા ગામ. અપાર અગવડો વચ્ચે એમ.એ. અને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરીને પુરુષાર્થથી પ્રારંભેલી યાત્રાને પરિણામે તેઓ પ્રાથમિક શિક્ષકથી શરૂ કરીને હાલ અધિક કલેક્ટર તરીકે ગુજરાત રાજયના નાયબ મુખ્યદંડકશ્રીના અંગત સચિવપદે પહોંચ્યા છે.

નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળીના આદર્શોને મૂર્તિમંત કરનાર રવજીભાઈના પિતાશ્રી નરસિંહભાઈ સીમાંત ખેડૂત. આર્થિક સમૃદ્ધિ ઓછી પણ સ્વભાવે સરળ, સત્યનિષ્ઠ, ઋજુ અને અજાતશત્રુ. તેમનાં માતાની કાબેલિયત દરેક ક્ષેત્રમાં. જે કંઈ કામ કરે તે પૂરી લગન અને હોંશથી. તેમના ઘરની ઓસરીની દીવાલે હારબદ્ધ દેવ-દેવીઓના ફોટા ટીંગાડેલા. બાળક રવજી ધારી ધારીને આ ફોટા જોયા કરે. તેમને શ્રવણનો કાવડવાળો ફોટો સૌથી વધુ સ્પર્શી ગયેલો. જ્યારે તેઓ શાળાએ જવા લાગ્યા ત્યારે ત્યાં ગવાતા; 'શ્રવણ, કાવડ લઈને ચાલ્યો સેવા માતપિતાની કરવા' ગીત સાંભળીને ઝૂમી ઊઠતો અને રિસેસમાં ઘરે જાય ત્યારે ફરી એ છબીને ટગર ટગર જોઈ લેતો. આ દશ્યમાંથી જ ઘડાયું તેમના વ્યક્તિત્વ વિકાસનું સાત્ત્વિક પોત.

ગામની પ્રાથમિકશાળામાં અભ્યાસ સંપન્ન કરી, ઉ.બુ. વિદ્યાલય રતનપુર(ગાયકવાડી)માંથી એસ.એસ.સી.ની પરીક્ષા આપી. પરિણામ આવ્યું ૭૧%. ગામમાં સૌથી વધુ ટકાવારીનો રેકર્ડ. રવજીભાઈને લોકભારતી અધ્યાપનમંદિરમાં પ્રવેશ મળી ગયો. પ્રથમ વર્ષ માઈધાર કેમ્પસ, તા. પાલીતાણા પર રહેવાનું. સારસ્વત 'દર્શક' પણ મોટાભાગનો સમય ત્યાં રહેતા. રાત્રે ૨-૦૦ વાગે પણ વાચન, લેખનમાં એકાકાર થઈ જતાં, ક્યારેક રડી પડતા 'દર્શક'થી તેઓ પ્રભાવિત થવા લાગ્યા. દાદાની રોજની જવાબદારી સંભાળવાનું સૌભાગ્ય તેમને સાંપડેલું. 'સોક્રેટિસ', 'પરિત્રાણ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી' વગેરે પુસ્તકો એમણે આકંઠ માણ્યાં. સ્વામી સચ્ચિદાનંદજી પણ તેમના પ્રિય લેખક. બીજા વર્ષનો અભ્યાસ લોકભારતીમાં. ભાવસમાધિમાં ગરકાવ કરતી પ્રાર્થના એમને જચી ગઈ. અહીંના વિશાળ ગ્રંથાલયે વાચનની ભૂખ જગાડી. લેખનકળા, કાવ્યસર્જન, ઉમદા શિક્ષક બનવાના અને માનવ તરીકે જીવન જીવવાનાં બીજ અહીં રોપાયાં. લોકભારતી એમના જીવન ઘડતરની આધારશિલા સિદ્ધ

થઈ.

અહીંના બે પ્રસંગો તેમના મન પર અમીટ છાપ મૂકી ગયા છે.

એક : સચ્ચિદાનંદજીનું મનનીય વ્યાખ્યાન અને તેમના પ્રવચન પછી તેમણે સ્વામીજીની લીધેલી ૧૦ મિનિટની મુલાકાત.

બે : ખેડૂત મંડળમાં મનુભાઈએ આપેલી શીખ 'આપણને મતભેદ હોઈ શકે પણ ક્યારેય મનભેદ ન જ રાખીએ.' લોકભારતીમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી તેઓ બોટાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિકશાળામાં પ્રયોગશીલ, સંનિષ્ઠ શિક્ષક તરીકે પ્રવૃત્ત રહ્યા પણ તેમની મનીષા હતી ઉચ્ચ અભ્યાસની. તેથી તેમણે ૧૨મા ધોરણની પરીક્ષા આપી. એમ.એ. બી.એડ્. થયા. ગુજરાત જાહેરસેવા આયોગ જી.પી.એસ.સી.માં ઉત્તીર્ણ થઈ વહીવટી વર્ગ-૨, તાલુકા વિકાસ અધિકારીપદે નિયુક્ત થયા. પ્રજાલક્ષી, પ્રામાણિક વહીવટ કરતાં કરતાં અત્યારે તેઓ સન્માનીય સ્થાને બીરાજમાન છે. પોતાના પ્રેરણાદાયી સંસ્મરણો, સ્વાનુભૂતિનું આલેખન કરતું, ૨૦૪ પાનાનું પુસ્તક ' જિંદગીના સ્ક્રિન શોટ્સ' લખ્યું છે.

લોકભારતીના સંસ્કારી સંતાન રવજીભાઈનો આદર્શ છે માનવીય અભિગમ કેન્દ્રસ્થાને રાખી મૂલ્યવાન સમાજનું નિર્માણ કરવું, શિક્ષણ-કેળવણીને મહત્ત્વ આપતી વ્યવસ્થા ઊભી કરવી, વિદ્યાર્થીઓને નિઃશુલ્ક માર્ગદર્શન અને મદદ આપવાં. યુવાપેઢીને તેમનો સંદેશ છેઃ

'વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે આગળ વધો. કોઈ એક ક્ષેત્ર કે વિષયમાં નિપુણતા હાંસલ કરો જેથી એ વિષય કે ક્ષેત્રના લોકો તમને સામેથી શોધતા આવે. આપણે બીજાનું ધ્યાન રાખવાનું છે. બીજાને ધ્યાનમાં નથી રાખવાના.'

**પ્રતિભાવ**

'લોકભારતી' મારી માતૃસંસ્થા છે. એણે મને એક મા એના સંતાનને પોષે એમ પોષ્યો છે. એણે મારું સાચું ઘડતર કરી, મારી અંદર રહેલી શક્યતાઓની મને ખુદને ઓળખ કરાવી છે.

એણે આપેલી કેળવણીને આત્મસાત કરીને જીવન જીવવાનો લ્હાવો મેં ભરપૂર માણ્યો છે. કોઈના અભાવ કે પ્રભાવમાં નહીં પોતાના સ્વભાવમાં રહીને કઈ રીતે જીવવું જોઈએ એ મને એણે શીખવ્યું છે.

પૂ. દર્શકદાદાએ પ્રબોધેલા જીવનબોધના સથવારે આરંભાયેલી વિદ્યાર્થીકાળ પછીની મારી જિંદગીએ સદા સકારાત્મક ઊર્જાનો જ આશરો લીધો છે. લોકભારતીનું સમગ્ર વાતાવરણ, પૂ. નાનાભાઈ ભટ્ટ અને પૂ. મનુદાદાનું આગવું જીવનદર્શન તથા સમાજનિસબત સાથેની જીવનલક્ષી કેળવણીએ મારા પોતને ઘડવાનું કામ જે રીતે કર્યું છે, એ હું કેમ વીસરી શકું?

પૂ. દાદાની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં લોકભારતી એના એક બાળકને, એટલે કે મને આ રીતે પોંખી, મારા ઓવારણાં લે છે એ મારા માટે ખૂબ જ ગૌરવની વાત છે. એને માટે હું લાયક છું કે નહીં ? એની મને ખબર નથી પણ, એણે મને લાયક ગણ્યો છે એટલી તો મને ખબર છે. અને એટલે, મારા માટે આ ખબર બહુ મહત્ત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ છે.

હું ખુશ છું. કારણ કે મારી મા સમ લોકભારતીએ આજે મને સામેથી દોડતા આવીને મને તેડી લીધો છે. મને એનાં ખોળામાં વહાલપૂર્વક બેસાડી અનહદ વહાલ વરસાવ્યું છે. હું એનો કાયમ ઋણી રહીશ.

લોકભારતીની માટીને વંદન... સર્વે ગુરુજનોને પાયલાગણ... ગ્રામદક્ષિણામૂર્તિ દેવ, નાનાભાઈ ભટ્ટ અને મનુદાદા, બુચદાદા તથા સર્વ ગુરુજનો મારા પર અવિરત આશીર્વાદ વરસાવતા રહો એવી કામના.

સૌને પ્રણામ... ધન્યવાદ.

લિ.

આપ સૌનો રવજી ગાબાણી

## ૦૪ યુગપ્રવાહ અને નઈ તાલીમ

ભાણદેવજી

**ગતાંકથી આગળ**

**પ્રસ્તાવનાઃ**

ગાંધીજી દાર્શનિક ન હતા અને છતાં ગાંધીદર્શન બન્યું છે. ગાંધીજીના મનમાં કોઈ નવી વિચારધારા આપવાનું આયોજન નથી છતાં આપણી પાસે એક મૂલ્યવાન વિચારધારા ગાંધીવિચાર આવેલ છે. ગાંધીજી સત્યના શોધક હતા. પોતાના આ સત્યની શોધ માટે તેઓ કોઈના શિષ્ય કે અનુયાયી બન્યા નથી. તેઓ ખુલ્લા મનથી બધું જ અવિરતપણે અને ક્યાંય બંધાયા વિના તપાસતા રહ્યા છે. તપાસતાં જે સત્ય લાગ્યું તેને સ્વીકારતા રહ્યા છે અને જીવનમાં ઉમેરતા રહ્યા છે. ગાંધીજીનું જીવનદર્શન સરોવરના જળ જેવું સ્થિર નથી, પરંતુ નદીના પ્રવાહ જેવું સતત વિકાસમાન છે. ગાંધીદર્શન માત્ર જીવનદર્શન નહીં, પરંતુ જીવનશૈલી પણ છે. એ જીવન જીવવાની કળા શીખવતું દર્શન છે.

**ગાંધીજીવનદર્શનનું કેન્દ્રઃ**

ગાંધીજીવનદર્શનનું કેન્દ્ર એકાદશવ્રત છે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, જાતમહેનત, સ્વદેશી, અભય, અસ્વાદ, અસ્પૃશ્યતાનિવારણ, સર્વધર્મસમભાવ - આ એકાદશવ્રતનું પાલન તે ગાંધીજીવનદર્શનનું કેન્દ્રસ્થ તત્ત્વ છે. આ એકાદશવ્રત પાલનપૂર્વક જીવવું તે ગાંધીજીવનશૈલી છે.

ગાંધીજીએ પોતાની આત્મકથામાં કહ્યું છે કે, ''મારે જે કરવું છે, જેની હું ત્રીસ વર્ષથી ઝંખના કરી રહ્યો છું, તે તો આત્મદર્શન છે, ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું લેખન બધું એ જ દૃષ્ટિએ છે અને મારું રાજ્યપ્રકરણી ક્ષેત્રમાં ઝંપલાવવું પણ એ જ વસ્તુને આધીન છે.'' આમ એકાદશવ્રતના પાલનપૂર્વક સેવાદ્વારા પરમ સત્યનો સાક્ષાત્કાર આ ગાંધીજીવનદર્શનનું કેન્દ્રસ્થ તત્ત્વ છે.

**નઈ તાલીમ એટલે શું?:**

ગાંધીવિચારદર્શનનો એક ફલિતાર્થ નઈ તાલીમ છે. નઈ તાલીમ એક શિક્ષણપદ્ધતિ છે, પરંતુ તે માત્ર વર્ગશિક્ષણપદ્ધતિ નથી. નઈ તાલીમ સમગ્ર જીવનની શિક્ષણપદ્ધતિ છે. નઈ તાલીમ નિર્ધારિત સમય પૂરતી શિક્ષણવ્યવસ્થા નથી, નઈ તાલીમ એ ચોવીસ કલાક ચાલતી જીવનશિક્ષણપદ્ધતિ છે. સમગ્ર જીવનની શિક્ષણપદ્ધતિઓ પણ અનેક છે. શ્રી અરવિંદ આશ્રમની શાળા-કૉલેજોમાં સમગ્ર જીવનનું શિક્ષણ થાય છે. ગુરુદેવ ટાગોર પ્રણીત શાંતિનિકેતનમાં પણ સમગ્ર જીવનનું શિક્ષણ થાય છે. તો શું આ સર્વ શિક્ષણપદ્ધતિઓને નઈ તાલીમ કહી શકાય?

ના, ન કહી શકાય કેમ કે પ્રત્યેક જીવનશિક્ષણપદ્ધતિને પોતાનો દાર્શનિક પાયો હોય છે. નઈ તાલીમ એટલે ગાંધીદર્શન પ્રમાણે નિર્ધારિત થયેલી જીવનશિક્ષણની અર્થાત સર્વાંગી જીવનકેળવણીની પદ્ધતિ. યુગપ્રવાહનું સ્વરૂપઃ પરિવર્તન બહુ ઝડપી છે. આજથી હજાર વર્ષ પહેલાં જેટલા પરિવર્તન માટે એક સદી લાગતી તેટલું પરિવર્તન આજે પ્રત્યેક વર્ષે થાય છે. એક સદી બરાબર એક વર્ષ થઈ ગયું છે. આ યુગપ્રવાહ ગાંધીવિચારધારા અને ગાંધીજીવનશૈલીથી સર્વથા ભિન્ન છે. ગાંધીજીવનશૈલીની મૂળભૂત ધારણાઓ અને વર્તમાન યુગપ્રવાહની યુગધારણાઓ તદ્દન અલગ છે. સાદાઈ, કરકસર, અપરિગ્રહ, સ્વદેશી, અસ્વાદ, સંયમ, સત્ય, અહિંસા આદિ ગાંધીમૂલ્યોના ધજાગરા ઊડી રહ્યા છે.

ગાંધીવિચારને મનોમય ભૂમિકા પર સ્વીકારનાર પણ ગાંધીવિચારને આચારમાં મૂકી શકે તેવી પરિસ્થિતિ વિકટ બનતી જાય છે. એટલે ગાંધીવિચાર અને ગાંધીપ્રણીત નઈ તાલીમે હવે યુગપ્રવાહની સામે ચાલવાનું છે. આ પરિસ્થિતિ અર્થાત વિપરીત યુગપ્રવાહ માટે આપણે કોઈ વ્યક્તિ કે

વ્યક્તિસમૂહને દોષપાત્રે ગણી શકીએ નહીં, કારણકે આ યુગપ્રવાહ છે અને યુગપ્રવાહ કોઈ માનવીનું સર્જન નથી. આ યુગપ્રવાહ માટે આપણે કોઈ સરકારને કે સંસ્થાને જવાબદાર ઠેરવી શકીએ નહીં. આ યુગપ્રવાહ છે અને આ યુગપ્રવાહ પૃથ્વીગત પ્રવાહી ગ્લૉબલ વૅવ છે.

**શિક્ષણની વર્તમાન અવસ્થાઃ**

વિશ્વભરમાં શિક્ષણનો વ્યાપ ખૂબ વધ્યો છે. સ્ત્રીઓ માટે બધા જ પ્રકારના શિક્ષણ માટે દ્વાર ખુલ્લાં થયાં છે. જ્ઞાનવિજ્ઞાનની અનેક નવી શાખાઓ ખૂલી છે. નવું સંશોધન ખૂબ ઝડપથી અને ખૂબ વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યું છે. વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનો અસાધારણ વિકાસ થયો છે. જ્ઞાનનો વિશ્વવિનિમય શક્ય બન્યો છે. પણ, વિદ્યાર્થીઓના જીવનઘડતરની, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની વાત વિસારે પડવા માંડી છે. જ્ઞાનનું હસ્તાંતરણ કરવું તેને જ શિક્ષણનું પ્રધાન કાર્ય ગણવામાં આવે છે. મૂલ્યશિક્ષણ તરફ દૃષ્ટિ નથી. ધર્મ અને અધ્યાત્મની શિક્ષણમાં સર્વથા ઉપેક્ષા થઈ છે. શિક્ષણનું પુષ્કળ પ્રમાણમાં વ્યાપારીકરણ થયું છે. આ બધું છતાં જીવનઘડતર તરફ દૃષ્ટિ રાખીને વિદ્યાર્થીઓને જીવનલક્ષી કેળવણી આપવાના ધ્યેયને સુપેરે પાર પાડનારી શિક્ષણસંસ્થાઓ પણ ઘણી છે.

સર્વત્ર તેમ અહીં શિક્ષણમાં પણ શુભ તત્ત્વો અને અશુભ તત્ત્વો - બંને પરિબળો છે. યુગપ્રવાહની અસર જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પડે જ છે. જેવો યુગ તેવું તે યુગનું શિક્ષણ!

**નઈ તાલીમની વર્તમાન અવસ્થા**

૧૯૧૦માં નાનાભાઈએ ભાવનગરમાં દક્ષિણામૂર્તિનો પ્રારંભ કર્યો.

૧૯૨૦માં મહાત્મા ગાંધીએ ગૂજરાત વિદ્યાપીઠનો પ્રારંભ કર્યો.

૧૯૩૮માં બુનિયાદી તાલીમ અર્થાત નઈ તાલીમનો વિધિવત પ્રારંભ થયો. તે જ વર્ષે નાનાભાઈ અને તેમના સાથીઓએ આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિનો પ્રારંભ કર્યો.

૧૯૫૩માં નઈ તાલીમનું ઉચ્ચ શિક્ષણમાં પદાર્પણ થયું અને નાનાભાઈ અને એમના નિષ્ઠાવાન સાથીઓએ સણોસરાની ભાગ્યવંતી ભૂમિ પર લોકભારતીનો પ્રારંભ કર્યો. આ સમયમાં કાકાસાહેબ, નાનાસાહેબ, આચાર્ય કૃપલાણી, મૂળશંકરભાઈ, બુચભાઈ, મનુભાઈ પંચોળી, ડોલરરાય માંકડ, મનસુખરામ જોબનપુત્રા, જુગતરામ, ગિજુભાઈ આદિ સમર્થ કેળવણીકારો દ્વારા નઈ તાલીમે વિકાસ અને પ્રસાર બંને સિદ્ધ કર્યાં.

ભારતની નઈ તાલીમની સંસ્થાઓની ૯૦% સંસ્થાઓ ગુજરાતમાં છે. એક સંસ્થા ઉત્તરાખંડના કુમાઉંમાં, કૌશાનીમાં, થોડી સંસ્થાઓ બિહારમાં અને થોડી દક્ષિણ ભારતમાં છે, પણ નઈ તલીમની મોટા ભાગની અર્થાત કુલ ૯૦% સંસ્થાઓ ગુજરાતમાં છે.

નઈ તાલીમની યુનિવર્સિટી એક જ છે - ગૂજરાત વિદ્યાપીઠ.

નઈ તાલીમની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ અર્થાત ગ્રામવિદ્યાપીઠો ગુજરાતમાં ૧૪ છે. અગાઉ આ આંકડો ૨૨ પર પહોંચ્યો હતો. તેમાંની ૮ બંધ થઈ. વર્તમાનમાં આવી ગ્રામવિદ્યાપીઠો ૧૪ છે. આ સૌની માતૃસંસ્થા લોકભારતી છે. અત્યારે સમગ્ર ગુજરાતમાં ઉત્તર-બુનિયાદી શાળાઓની સંખ્યા ૫૫૬ છે. તેમાં સૌરાષ્ટ્રમાં ઉત્તર-બુનિયાદી શાળાઓની સંખ્યા ૮૫ છે. ઉત્તર-બુનિયાદી પ્રાથમિક શાળાઓની સંખ્યા ૬૯૩ છે.ઉચ્ચતર બુનિયાદી શાળાઓ અર્થાત ધોરણ ૧૧-૧૨ની શાળાઓ ૫૩ છે. બુનિયાદી તાલીમને ધોરણે ચાલતાં છાત્રાલયોની સંખ્યા ૩૦૦ છે.

નઈ તાલીમની આ બધી સંસ્થાઓ સરકારી ગ્રાંટ મેળવે છે. એટલે સરકારની અર્થશક્તિ પાસે લાચાર બનેલી છે. વસ્તુતઃ લોકશાહીમાં સરકાર શિક્ષણસંસ્થાઓને મદદ કરે તો તેમાં કોઈ ઉપકાર કરતી નથી. તેથી આ સમસ્યાને જુદી રીતે સમજવી જોઈએ.

નઈ તાલીમની બધી જ શિક્ષણસંસ્થાઓ શું યથાર્થતઃ નઈ તાલીમની સંસ્થાઓ છે? તેમનું સ્વરૂપ, શિક્ષણપદ્ધતિ, કાર્યશૈલી ખરેખર નઈ તાલીમને અનુરૂપ છે? નઈ તાલીમની

સારી શિક્ષણસંસ્થાઓ ઘણી છે, પણ સાથે સાથે આપણે એ પણ નોંધવું જોઈએ કે માત્ર સરકારી મદદ લેવા માટે બુનિયાદી શિક્ષણનો પરિવેશ ધારણ કરનારી બુનિયાદી શાળાઓ પણ છે. આવી શાળાઓમાં શિક્ષકો કે વિદ્યાર્થીઓ ખાદી પહેરતા નથી. ઘણી ઉત્તર-બુનિયાદી શાળાઓમાં છાત્રાલયની કોઈ વ્યવસ્થા નથી અને છે તો છાત્રાલયમાં રહેવું અનિવાર્ય નથી. જમીન છે, પણ ભાડાપટે આપેલી છે. ગૌશાળા નથી. વિદ્યાર્થીઓ ખેતર કે ગૌશાળામાં જતા નથી. કેટલીક ઉત્તર-બુનિયાદી શાળાઓમાં શિક્ષકોને રહેવા માટે મકાનો જ નથી. બધા શિક્ષકો શહેરમાંથી આવ-જા કરે છે. આવી નઈ તાલીમની સંસ્થાઓમાં નઈ તાલીમનું એક જ તત્ત્વ છે કે ત્યાં ખેતીવાડીના બે વિષય છે તે ભણાવવામાં આવે છે અને પરીક્ષાઓ લેવાય છે. આવી કહેવાતી નઈ તાલીમની સંસ્થાઓની સંખ્યા નાની કે નગણ્ય નથી. આવી સંસ્થાઓને કારણે નઈ તાલીમ બદનામ થઈ રહી છે અને એનું ગૌરવ ઘટ્યું છે.

આવી સંસ્થાઓ માટે ત્રણ વિકલ્પ છે. ૧. તેમણે યથાર્થ નઈ તાલીમની શાળા બનવું. ૨. તેઓ સામાન્ય પ્રકારની શાળાઓ બની જાય ૩. તેઓ બંધ થઈ જાય. નઈ તાલીમનું નામ ધારણ કરવું અને નઈ તાલીમથી વંચિત રહેવું એ તો નઈ તાલીમને બદનામ કરવા બરાબર છે. આ બંધ થવું જોઈએ. જે બુનિયાદી સંસ્થાઓ ખરેખર નિષ્ઠાપૂર્વક કામ કરી રહી છે અને તે જ રીતે કામ કરવા આતુર છે તેમનું ધોરણ અને વાતાવરણ પણ નબળાં પડી રહ્યાં છે. આમ બનવાનાં ૫ કારણ છેઃ

૧. નઈ તાલીમની શિક્ષણસંસ્થાઓ સરકારી સહાય પર નભે છે.

૨. નઈ તાલીમની શિક્ષણસંસ્થાઓ કોઈ બૉર્ડ કે કોઈ યુનિવર્સિટી સાથે જોડાઈ ગઈ છે. આ રીતે તેમને સ્વતંત્રતા ગુમાવી છે.

૩. શિક્ષકો અને પ્રાધ્યાપકોની પસંદગી મહદ અંશે સરકાર દ્વારા થાય છે. જેમને નઈ તાલીમ સાથે સ્નાનસૂતકનો પણ સંબંધ ન હોય તેવા શિક્ષકો નઈ તાલીમની સંસ્થાઓમાં નિયુક્ત થાય છે.

૪. નઈ તાલીમની સંસ્થાઓમાં નિષ્ઠાપૂર્વક કામ કરતા શિક્ષકોની ખેંચ છે.

૫. યુગનો પ્રવાહ ગાંધીવિચાર અને નઈ તાલીમ વિરુદ્ધ છે.

હવે કરવું શું? આનો જવાબ આવતા અંકે.

ક્રમશઃ

### 'અન ટુ ધિસ લાસ્ટ' અને ગાંધીજી

ગાંધીજી જહોનિસબર્ગથી નાતાલ જતા હતા. ૨૪ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. ગાંધીજીને સ્ટેશને મૂકવા આવેલા મિત્ર પોલાકે બાપુના હાથમાં એક નાનકડી પુસ્તિકા મૂકી જેનું શીર્ષક હતું 'અન ટુ ધિસ લાસ્ટ'- લેખકઃ જહોન રસ્કિન.

પોલાકે કહ્યુંઃ 'આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે; તે વાંચી જજો તમને ગમશે.'

૩૨ પાનાનું 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તિકાનું વાચન કરી ગાંધીજીએ કહ્યું હતું : 'જે વસ્તુ મારામાં ઊંડે ઉતરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું તેણે મારા ઉપર સામ્રાજય જમાવ્યું, ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો'

ગાંધીજીએ 'અન ટુ ધિસ લાસ્ટ' રસ્કિનના ગ્રંથનો અનુવાદ 'સર્વોદય' પુસ્તકરૂપે આપી, સર્વોદય સિદ્ધાંતનો સાર કાઢ્યો

(૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

(૨) સાદું, મજૂરનું, ખેડૂતનું જીવન જ ખરું છે.

(૩) વકીલ અને વાળંદના કામની કિંમત સરખી કારણ આજીવિકાનો હક્ક બધાનો છે.

## ૦૫ લોકભારતીના દાદાઓઃ દર્શક તમે ક્યાં ક્યાં નથી...

**મનોહર ત્રિવેદી**

---

૧૯૮૯ ની એક સાંજે, મિત્ર મનસુખ સલ્લાને, લોકભારતીના એના આંગણામાં બેઠા બેઠા મેં હોંશભેર કહ્યું હતુંઃ ''દાદા ઉપર લાંબી લેખણે એક કાવ્ય લખવાનો મેં પ્રારંભ કર્યો છે, એની પ્રારંભની બે-ચાર પંક્તિઓ પણ કદાચ બોલ્યો હોઈશ. સાંભળીને કે, પૂરી કરીને ઝટઝટ મને મોકલો સરસ થશે.'' આપણેયે મોજથી હા કહેલી.

દાદા એટલે મનુભાઈ પંચોળી. એમની આંગળી પકડીને તેમણે બતાવેલા કેટલાય પ્રાંત-પ્રદેશોમાં, દેશ-વિદેશે, અલગ અલગ સમયખંડોમાં ઘૂમવાની મનીષા હતી. ઠેઠ પૌરાણિક યુગનાં કર્ણ, કૃષ્ણ, અર્જુન, ભીમ, યુધિષ્ઠિર, કુંતા, ગાંધારી, ધૌમ્ય, તક્ષક, તપતી, માધવી, કૃષ્ણસખી દ્રૌપદી... 'બંધન અને મુક્તિ'નાં વાસુદેવ-સુભગા, શેખર, રુદ્રદત્ત. 'દીપ નિર્વાણ'નાં મહાકશ્યપ, સુચરિતા, આનંદ, કૃષ્ણ, મૈનેન્દ્ર ને મહર્ષિ ઐલ - જાઉં એમના પગલે પગલે સોક્રેટીસના આંગણે, એમની દ્રાક્ષવાડીમાં એથેન્સ ને એસ્પેશિયા-પેરક્લિસ મીડિયા એપોલાડોરસ રોમ અને ગ્રીસ...વૈભવના એ ભર્યા વારસામાંથી વણદેખી કેડીઓને ઉકેલું.. હતી મનીષા આપ સૌને મારાં કાગળનાં કમાડ ખોલી આવકારું. તેમને પ્રણમું. અભિવાદન કરું.... નાનકડા અમારા વર્ગખંડમાંથી પગથિયાં ઊતરીને પગપાળા ચાલ્યા આવતા કાકાસાહેબ, સ્વામીદાદા, પંડિત સુખલાલજી, ઠેઠ જોડાસાંકોથી પધારેલા રવિ ઠાકોર...મેઘાણીભાઈ... દર્શકને પોતાના ઘોડે બેસાડીને પાછળ પાછળ અડવાણે પગે ચાલ્યા આવે છે, હરખભેર. આ પણે શરદબાબુ સાથે દેખાય વિરાજવહુ, રાજલક્ષ્મી, અન્નદાદીદી, આ રહ્યા 'આરણ્યક'ના સર્જક બિભૂતિદા... ભગવાન તથાગત... કાર્લ માર્ક્સ...ટોલ્સ્ટોય...પ્લેટો...હોય મધ્ય ભારતે મહાત્મા...આ અધૂરપ આપણી અપરિહાર્ય નિયતિ છે.

નાનાદાદાના ઉલ્લેખ વગરનું એકાદું નાનું સરખુંયે વ્યાખ્યાન સાંભળ્યાનું સ્મરણ નથી. થાય છેઃ દર્શકદાદા, પૂ. ભાઈ, પૂ. બુચદાદા જેવા ગુરુજનો ન મળ્યા હોત તો કોણ ખોલી શકત આ લૌકિક-અદ્રશ્ય અને અપરિચિત સૃષ્ટિ? કોણે આપી હોત ભેદની ભીંત્યુંને ભૂંસવાની-ભાંગવાની ચપટીક જેટલીય ક્ષમતા? ચૂંટણીસભાઓ, ગ્રામસભાઓમાં વિરોધીઓને બેબાકળા કરી મૂકે એવા ચાબખા વીંઝતા, લોકરંજન કરતા ટૂચકા, કટાક્ષોના તાતા તીર છોડતા, ચોપાટની સોગઠીને ગાંડી કરતા મનુભાઈને હકડેઠઠ માણ્યા છે તો વર્ગખંડના-સારસ્વત ભવનના દર્શકને ય ઓછેવત્તે અંશે જાણ્યાં છે. સભા શું બુદ્ધિમાનોની, શું અલ્પશિક્ષિતોની, ક્ષણભર પણ કોઈ આઘોપાછો થાય! કોઈ ચંદ્રકાંત બક્ષી : મનુભાઈ રાજારામ પંચોળી : લખે એમાંય ઊંડે ઊંડે તો દર્શકદાદાની આભાનો આડકતરો સ્વીકાર છે. મોભાદારનું વાંકું બોલ્યે વટ રહે. ખસૂડિયા કૂતરા સામે છાતી કાઢીને ન ઊભાય.

રાજનીતિ શું આજની શું ગઈકાલની? પોતાના વિચાર-વાચન-ચિંતનના ઉન્નત શિખર પરથી રહેતી વાક્ધારાને અમે ખોબે ખોબે પીધી છે ને અમારી તૃષ્ણાને ઓર વધારી છે. તેમનાં વ્યાખ્યાનોમાં આવતાં પૌરાણિક કથાનકો, લોકકથાઓ, રામાયણ, મહાભારતની કથાઓ વિશ્વયુદ્ધોમાંથી સર્જાયેલી વિભિષિકાઓ, કૃષિ...ગોપાલન...ખાદી-ગ્રામોત્થાનનાં રચનાત્મક કાર્યો...સહકારી ક્ષેત્રો... કેળવણી..નાટક...

વનસ્પતિશાસ્ત્ર, નવાં બિયારણ, એની માવજત : ક્યાં ક્યાં એવા સર્જનાત્મક મૂલ્યો છે જ્યાં એમણે આંટાફેરા નથી કર્યા? આટઆટલી સંસ્થાઓ સંભાળતા સંભાળતા મોંઘેરું સર્જન કરવા સમય એમની સાથે અનુકૂલન કઈ રીતે સાધી શક્યો હશે?

પ્રયાગમાં ગંગા-યમુના એકમેકમાં ભળીને પણ પોતાના અનોખાપણાનો જેમ પરિચય આપતી દેખાય છે. એવું જ કવિતા શીખવતી વખતે મનુભાઈ અને 'દર્શક'નું! જુદા, એકરૂપ, સાવ જુદા! કવિને અને કૃતિને એવા આત્મસાત કર્યા હોય કે મુક્ત તરુણ મન તેમના પ્રવાહમાં ખેંચાતું રહે. વચ્ચે વચ્ચે કવિ માટે 'ડોબો', 'ગધેડો' કે 'કોડો' જેવા પદ ઉચ્ચારાય ત્યારે ખડક સાથે વહેણનું અફળાવું લાગે, પ્રવાહ અટકે નહીં. ઉમાશંકર તો શબ્દના સ્વામી. જીભને ટેરવેથી એક પણ ઉદ્‌ગાર તેમની પ્રજ્ઞાનો સ્પર્શ પામ્યા વગર, સાવ કોરેકોરો બહાર ન નીકળી શકે. પણ કૃષ્ણ તેમનું સુદીર્ઘ સંવાદકાવ્ય એમણે કહેલું 'કર્ણ કૃષ્ણ' મારાં કરતા મનુભાઈ સરસ ભણાવે છે. આ અભિપ્રાય જેઓ દર્શકદાદાના પગ પાસે બેસીને કવિતા ભણવાનું વરદાન પામ્યા હોય તે જ જાણે. વ્યાસ, વાલ્મિકી, તુલસી, કબીર, સૂરદાસ, રવિ ઠાકોર તેમનામાં રક્તસંચાર કરતાં અનુભવાય. મકરંદભાઈનું 'ઊજેણી નગરી' સુંદરમનું 'બુદ્ધનાં ચક્ષુ' કે રવિ ઠાકોરના 'અભિસાર', 'સ્વર્ગથી વિદાય', 'ગાંધારી આવેદન' ઉમાશંકરનાં 'વડ', 'સ્વતંત્રતા દે', સુંદરમનાં 'ઘણ ઉઠાવ', 'બુદ્ધનાં ચક્ષુ' મેઘાણીભાઈ તો એમની જીભ પર સાક્ષાત. કોઈ વક્તાની વાણીમાં મેઘાણીને આમ આત્મસાત્ થયેલા નથી જોયા. 'ભેદની ભીંત્યુને આજ મારે ભાંગવી'નાં ત્રણ પ્રવચનો જેણે સાંભળ્યાં છે, તેણે જોયું છે કે એક કાચી ચબરખીનો આધાર લીધાનું કોઈને નહીં સાંભરે. ચોટીલામાં લોકોએ મેઘાણીભાઈના ૭૫મી જન્મજયંતી ઉજવણીનો કાર્યક્રમ રાખેલો. ધોમ તડકામાં સભા મનુદાદાને સાંભળવા પ્રતીક્ષા કરતી હતી તેમને જાણ હતી કે તડકો વેઠ્યા પછી ટાઢકના નર્યા શેરડા ફૂટવાના છે. મેલાં ઘેલાં થાંગડથીંગડ વસ્ત્રોમાં વસનારો શું અભણ ગ્રામીણ, શું દેશની મોટી મોટી યુનિવર્સિટીના કુલપતિઓ - બંને પલ્લાંમાં દાદા સમતોલન સાચવી શકે.

આ સૌમાં મીરાં, નરસિંહ, પ્રેમાનંદ એમના રસકેન્દ્રમાં વણનોતર્યાં આવીને બેઠક લે. મીરાના પ્રભાવે તો 'ઝેર તો પીધાં છે જાણી જાણી' જેવી બૃહદ નવલકથાના ઘૂંટ ગુજરાતી પ્રજાએ પીધા છે. નવલકથાઓ કાવ્યો નાટકો એ માત્ર મનોરંજનનાં સાધનો તેમણે નહોતાં ગણ્યાં, તે તેમને મન જીવનપોષક રસાયણ હતાં. દાદા કહેતાઃ

'' હૃદયની કેળવણી વિનાનો મનુષ્ય અધૂરો છે'' આવા ચિંતન પાછળ અનુભવની ઝળહળતી એક જ્યોત હતી અને તે એ કે કવિતા વિના એ શક્ય નથી. સમાજની સંવેદનશીલતા એના થકી ઘાટ પામે છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીની કેળવણીનું ગોત્ર શ્રમસંસ્કાર સાથે છે. શ્રમ કેવળ મજૂરી બની રહે તો એના મહિમાને હાનિ પહોંચે છે. ઉપર ઉલ્લેખિત રચનાઓ ઉપરાંત અસંખ્ય કૃતિઓની પસંદગીમાં પેલી જીવનપોષક દૃષ્ટિ તો ખરી, સાથે સાથે ઉલ્લાસને અડીને વહે એવાં માનવીય અભિગમ કેળવાય, વિદ્યાર્થી છેલ્લા માણસ માટે ખેવના રાખતો થાય, એની પીડાને સમજે, સમજે જ નહીં નિવારવા મથે. કોઈ કામ હલકું નથી, ગંદકી માટે સૂગ હોય, એને દૂર કરવાથી ન થાય તેવું વાતાવરણ સર્જવાથી, સમાજ સ્વસ્થ બને છે, એવી દૃષ્ટિ પણ ખરી. ભણીને લોકો વચ્ચે જાય ત્યારે આ બધું પાનખરનાં પાંદડાં પેઠે ખરી ન જાય, વાસંતી ડૂંખ ફૂટતી રહેવી જોઈએ-કવિતાના માધ્યમથી અજાણપણે અમારામાં ઠર્યું, સંચરિત થતું રહેતું. માત્ર વર્ગખંડ કવિતાશિક્ષણનું માધ્યમ નથી રહ્યું, બીજી રીતે નિરંતર એ પ્રક્રિયા ચાલતી રહેતી.

વાત દર્શકદાદાની ચાલે છે એટલે થોડા પ્રસંગો - ઘટનાઓ વચ્ચે ખેંચી જવા મન ઉત્સુક અને ઈચ્છુક છે. દર્શકદાદા પોતાના નવલકથાવિશ્વના જ કેવળ નિયંતા નથી, કલ્પનાસૃષ્ટિ જેવી સમોવડી સૃષ્ટિ આ સંસ્થાઓમાં રચી જાણી. 'ઝેર તો પીધાં છે' ના ગોપાળબાપા તેમની કલમમાંથી ઊતર્યા તો લોકવનના સંશોધક ડૉક્ટર ઝવેરબાપાને અત્યંત આદરપૂર્વક લોકભારતીની ભોંય પર ઉતારી શક્યા. દર્શકનું શબ્દલોક અને સંસ્થાલોક અલગ નથી. તક્ષક-તપતી કે રોહિણી-સત્યકામ તેમના ચિત્તમાં જ નહીં, આંખ સામે તેમણે હરતાં-ફરતાં જોયાં છે. કેવળ કલ્પનાવિલાસ તો પત્તાના મહેલની ગતિને જ પામે. સ્થૂળ જગતમાંથી કળાવતાર પામીને આવેલાં એ પાત્રો છે. નિત્યનૂતનતા વિચારની અને આચારની બેઉમાં જોવા મળે - સર્જનમાં તેમ સંસ્થાઓમાં.

એમણે એક પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છેઃ ''દર્શક તરીકે તો વર્ષમાં બે-ત્રણ કલાક જીવાય છે બાકી તો હું મનુભાઈ હોઉં છું'' અલબત્ત તેમણે પોતાના માટેની આ અનુદાર કસોટી કરી છે તેમ છતાં એ સાચું છે કે દર્શકને જેમ જોયા-વાંચ્યા-જાણ્યા સાંભળ્યા તે જ રીતે મનુભાઈ સાથે જીવનની અમૂલ્ય પળોનેય અમે અમારા મનને પટારે ભરી રાખી છે. દર્શક અને મનુભાઈને ઈચ્છવા છતાં હું બહુ ઓછાં ઠેકાણે અલગ તારવી શક્યો છું.

પ્રસંગોમાં મનુભાઈ પણ છે ને દર્શક પણ છે. ક્યાંક એકત્વ પામે છે ક્યાંય નર્યા મનુષ્યરૂપે નોખા પડતા મેં નથી જોયા, એમ કહું તો અતિનો અનર્થ સર્જાય. એમના પક્ષપાતો અને પૂર્વગ્રહો ઓછાં નહોતા. મારા જેવા અનેકોએ આ અવલોક્યું છે. એવી ઊણપોને અતિક્રમી જતાંયે અમે જોયા છે.કુમાર, કવિતા, નવનીત, મિલાપ, કવિલોક જેવાં સામયિકોમાં મારી રચનાઓ છપાતી જોઈને તેઓ ઉમંગમાં આવી જતા ને અણધાર્યા ટૂંકા પત્રો મારા આંગણાને પાવન કરી જતા. એક વખત લખ્યું :

'રિસામણે જતી કણબણ્યનું ગીત' ગીત અને 'તમે ભલે ઘર છોડી ચાલ્યાં' જેવા ૨૫, ૩૦ ગીત તમારે હાથે લખાય તો ગુજરાતના બહુ ઊંચા ગીતકવિ તરીકે ખ્યાતિ વધે. આવા ઉમળકામાં આશા સાથે આશીર્વાદ પણ ભળેલાં જોવા મળે.કોઈ કાર્યક્રમ નિમિત્તે મધુસુદન કાપડિયા યુએસએથી આવેલા દર્શકદાદાના સાહિત્યના પરમ ઉપાસક. મુ. યશવંતભાઈ શુકલ પણ એ વખતે લોકભારતીમાં હતા. મને ભાળીને બોલ્યા, ''તમે, કવિ, રોકાઈ જાજ્યો, તમારી રચનાઓ અમારે સાંભળવી છે.'' મેં કહ્યુંઃ ''દાદા, મારે કાલે સવારે સ્કૂલે પહોંચવાનું છે...'' ઠોળમાં આદેશ ભર્યોઃ ''ભાળી તારી સ્કૂલ ને ભાળ્યો અમે માસ્તર....તું ભણાવે છે જ ક્યાં ? યશવંતભાઈને આપણે સ્વસ્થ કરવા છે. એમના જુવાનજોધ જમાઈ ગુજરી ગયાની હજુ એમને કળ નથી વળી.'' હું રોકાયો. એક કવિતા હું સંભળાવું, મધુસુદનભાઈએ અને યશવંતભાઈએ વારાફરતી ગીત-ભજન ગાયાં. દર્શનદાદાની વચ્ચે વચ્ચે મનભર વાતો.એવો જ અનુભવ રાજકોટમાં રામકૃષ્ણ આશ્રમે ગયો ત્યારે થયેલો. ઓચિંતા જ અતિથિગૃહના એક ઓરડામાં દર્શકદાદા સાથે ઉમાશંકરભાઈ અને રઘુવીરભાઈ ચૌધરીને જોયા. દાદા કહે, 'તું ક્યાંથી?' મેં કારણ આપ્યું.

ઉમાશંકરભાઈએ પલંગ પર મને પોતાની બાજુમાં બેસાડ્યો. દાદા ઉમાશંકર તરફ વળ્યા, ''આને ઓળખો છો? અમારો કવિ, લોકભારતીનો વિદ્યાર્થી.'' ઉમાશંકર હસ્યા, ''બે ય રીતે ઓળખું છું. મેં એમનું કાવ્ય "સંસ્કૃતિ"માં છાપ્યું છે.'' પોતાના વિદ્યાર્થીને વિકસતા જોઈ દાદા ભારે પોરસાતા. શોખ ભોજનનો એવો જ શોખ જાડા વણેલા ગાંઠિયાનો ને મરચાંનો. જલ્દી ભાગે નહીં એટલે હું 'ગરમાગરમ ગાંઠિયા આવે છે' એમ કહું તો તાળી પાડીને પાછી બેઠક જમાવે. ચાનું વળગણ પણ ઓછું નહીં, સવારે ચા પીતા જોઈને અજાણ્યો દંગ રહી જાય. મોટી તાંસળી

ભરીને પીવે. એક વખત હું એકલો હતો ને ઘેર આવી ચડ્યા, 'બીજું કશું નહીં ચા કર, તને ફાવે છે?' ને મેં કહ્યું, ''તમારા અને બુચદાદાના વિદ્યાર્થીને આવું પૂછાય?'' રસોડામાં આવ્યા, ''ઉકાળીને નંઈ, દૂધ-પાણી-ખાંડ ઉકાળી નાખ. ગેસ ઠારીને પછી તપેલીમાં ચા નાખજે ને થોડી વાર છીબું ઢાંકી રાખજે. આપણે તો ચાના સ્વાદનું કામ છે. એમાંનું નિકોટીન નુકસાન કરે છે, ચા નહીં.'' સંસ્થાગત સંમેલનોમાં જાતે જઈને રસોડામાં ભાળ મેળવે. રસોઈ ચાખે. સૂચનો આપે.

એક દિવસ ઘરે જમવા રોકાયા. મેં અપુને કહેલું; 'જમ્યા પછી દાદા આરામ કરશે એ રૂમમાં. મારાં તમાકુસોપારીનો ડબ્બો કબાટમાં મૂકી દે. દાદાએ અમારી વચ્ચે શી વાત થાય છે તે જાણવા પૂછ્યું, 'અપુ, શું કહે છે તારા ભાઈ?' બહેનબાએ ફૂંકી મારેલું, 'ઈ તો એમનો તમાકુનો ડબ્બો કબાટમાં સંતાડી દેવાનું કહે છે.' દર્શક તાજુબી સાથે હસી પડ્યા, 'તું ખાય છે તમાકુ? હું લેવાયો. બહાનું બતાવ્યું, 'રાતે મોડે સુધી મારે વાંચવા-લખવાની ટેવ તે...' તેમણે અસ્વીકારમાં માથું ધુણાવ્યું, ''અરે મારા ભાઈ, મારી જેટલું કોણે વાંચ્યું છે? કેટકેટલું લખ્યું છે, અમારે તો કાંઈ એવી જરૂર નથી પડી.'' પછી મને સંકોચમાંથી બહાર લાવતા કહે, 'છોડી દેવી.'

૯ મે ૧૯૯૫ના દિવસે અપેક્ષા તથા ભત્રીજા દિગીશનાં લગ્ન નક્કી થયેલાં. એક દિવસ દાદા અને બુચદાદા આવ્યા. અપુને કહે, 'આજે તારો શુભ દિવસ છે, રડીશ નહીં.' અમે જોયું તેઓ રડતાં રડતાં અપુને શિખામણ આપતા હતા, 'લાવ, મને મીઠું મોઢું કરાવ. તને તારા જી રામચંદ્રભાઈએ જે આપ્યું હોય તે, આ તારી મોટીના માનજે...' અપુ ના-ના કરતી રહી ને હજાર રૂપિયા હાથમાં પકડાવીને ઊભા થયા. વિજયાબા અવશ્ય આ દૃશ્ય જોઈ ઉપર બેઠાં બેઠાં પ્રસન્નતા અનુભવતાં હશે. એ એની લાડકી દીકરીનાં લગ્નમાં દાદાની ઉપસ્થિતિ સિવાયની બીજી શી ઈચ્છા રાખતા હોય! સંસ્થાઓને આવી એક નહીં સેંકડો દીકરીઓ માટે તેમનું હૃદય ભીનું ભીનું રહેતું. તારીખ ૨૯ ઓગસ્ટ ૨૦૦૧ના દિવસે સંસારની માયાથી તેઓ અળગા થયા. સારસ્વત ભવનમાં તેમના અચેતન દેહનેઅંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. ભીષ્મપિતામહ પોઢ્યા છે જાણે શર શય્યા પર! અપુને સંભાળવા હું ચિંતિત હતો. એણે પગ પકડીને જે રુદન કર્યું છે ને તે જોઈને અસંખ્ય વ્યગ્ર, સ્તબ્ધ, મૂંગી આંખો આંસુના અર્પણ કરી રહી હતી.લાંબો પંથ કાપીને એવોર્ડ્ઝ પુરસ્કારો તેમને શોધી લેતા. પદ્મભૂષણથી માંડી રાજ્ય અને દેશકક્ષાનાં સન્માનોની સંખ્યા આપણને ચકિત કરી દે તેવી છે. ૧૯૭૫માં 'સોક્રેટીસ' નવલકથાને કેન્દ્રીય સાહિત્ય એકેડેમીએ પુરસ્કૃત કરી ત્યારે એના ઉપલક્ષમાં યોજાયેલા અભિવાદન સમારોહમાં મૂળશંકરભાઈ ભટ્ટે પોતાના વક્તવ્યમાં કહેલું, ''હજુય નાનાભાઈનો હાથ મનુભાઈના વાંસામાં ફરે છે.''

ઉમાશંકરભાઈનું કથન પણ તરત આ સંદર્ભે જોડવું ગમે એવું છેઃ

**''નાનાભાઈ નસીબદાર. એમને દર્શક મળ્યા. સૌ મહાજનોનું આવું સદ્‌ભાગ્ય હોતું નથી. જોન બાપ્ટિસ્ટની જેમ નાનાભાઈ કહેવામાં ગૌરવ લેતા કે મારી પાછળ ચાલી રહ્યા છે તેના જોડાની વાધરી છોડવાની પણ મારી લાયકાત નથી. નાનાભાઈના આ વાત્સલ્યે, આવતાંનાં એંધાણ પારખતી ઉમંગભરી ઉદારતાએ દર્શકને ઘડવામાં ઓછો ફાળો આપ્યો નથી.''**

લખતાં લખતાં અત્યારે પણ આંખોમાં ભેજ ફરી વળે છે. મૂળશંકરભાઈએ કહ્યું એવું જ થાય છે,'તમારા સૌના હાથ આજેય મારા વાંસામાં ફરી રહ્યા છે.'' ઓરડો છે. ટેબલ છે. પેન-કાગળ છે. હું છું. પૂછું તો હવે કેમ કરીને પૂછુંઃ દર્શક, તમે ક્યાં ક્યાં નથી?

(મો.૯૩૨૭૭૩૯૦૬૮)

## ૦૬ ભારતભૂમિની ઊર્જાવાન નારીઓ : ગાંધીજીની માનસપુત્રી : અંબુજામ્મલ

**ટીના દોશી**

---

એ સ્ત્રી ગાંધીજીની માનસપુત્રી તરીકે જાણીતી થઈ, રાષ્ટ્રીય ચળવળના દરેક કાર્યક્રમમાં એણે ભાગ લીધેલો, પોતાનું સઘળું જરઝવેરાત મહાત્મા ગાંધીજીને એણે દાન કરી દીધેલું, બાળવિવાહ, બહુપત્નીત્વ અને દેવદાસીની પ્રથાને નાબૂદ કરવા એણે સરાહનીય કામ કરેલું, સ્ત્રીઓના સંપત્તિના અધિકાર અને સામાન્ય અધિકારોની સુરક્ષા માટે પ્રશંસનીય પ્રયાસ કર્યો, વિનોબા ભાવે સાથે ભૂદાન આંદોલનમાં પ્રશંસનીય કામગીરી કરી અને ૧૯૬૪માં પદ્મશ્રી પુરસ્કારથી ભારત સરકારે એને સન્માનિત કરી.....

એનું નામ અંબુજામ્મલ.... ભારતની સ્વતંત્રતામાં તમિળનાડુની અંબુજામ્મલનો સિંહફાળો રહ્યો છે. આ તમિળ સ્વતંત્રતાસેનાનીએ પોતાનું જીવન આઝાદી કાજે સમર્પિત કરી દીધું. સ્ત્રીઓના કલ્યાણને પ્રાથમિકતા આપી. તે નિયમિત રીતે ખાદીનું વણાટકામ કરતી. આર્થિક રીતે અત્યંત ધનાઢ્ય અને સંપન્ન હોવા છતાં માત્ર ગાંધીજીથી પ્રભાવિત થઈને તમામ ભૌતિક સુખસુવિધાઓનો એણે ત્યાગ કરેલો.

અંબુજામ્મલ સામાજિક અને રાજકીય સુધારક હતી. ભારતની સ્વતંત્રતામાં અમૂલ્ય પ્રદાન કરેલું એણે. સ્ત્રીઓ માટે એ પ્રેરણામૂર્તિ બનેલી. તમિળનાડુના માયલાપુરના રૂઢિચુસ્ત કુટુંબમાં ૮ જાન્યુઆરી ૧૮૯૯ના જન્મ. માતા રંગાનાયકીમ્મલ અને પિતા શ્રીનિવાસ આયંગારની લાડકી કન્યા. એક માત્ર સંતાન. કૌટુંબિક મૂળિયાં રામનંદ જિલ્લામાં.

શ્રીનિવાસ આયંગાર મદ્રાસમાં અગ્રણી વકીલ હતા. સ્વાતંત્ર્ય સૈનિક હતા અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા હતા. એ દિવસોના સામાજિક પરિવેશમાં કન્યાશિક્ષણનું ચલણ નહોતું. ભણવા માટે કન્યાને ઘરમાંથી બહાર જવાની મંજૂરી નહોતી. એથી અંબુજામ્મલને શાળાએ જવાની તક મળી નહીં. જોકે ઘરમાં એના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. એક એંગ્લો-ઇન્ડિયન શિક્ષક એને ભણાવવા આવતા. ઘેર બેઠાં અંબુજામ્મલ તમિળ, સંસ્કૃત, હિંદી અને અંગ્રેજી ભાષા જાણતી થઈ.

તત્કાલીન રિવાજ મુજબ, ૧૯૧૦માં નાની ઉંમરે અંબુજામ્મલનાં લગ્ન કુંબકોનમના સામાન્ય ખેડૂત પરિવારના એસ. દેસિકાચારી સાથે થયાં. દેસિકાચારી વ્યવસાયે વકીલ હતા. અંબુજામ્મલે શિક્ષક તરીકેની તાલીમ લીધી. પોતે નિશાળે ન ગઈ, પણ શાળામાં ભણાવવા માટેની લાયકાત કેળવી. શારદા વિદ્યાલય કન્યાશાળામાં ખંડ સમયની શિક્ષિકા બની. પણ દેશ માટે કાંઈક કરી છૂટવાની ભાવનાને કારણે ભણાવવામાંથી મન ઊઠી ગયું. પિતાને પગલે ચાલીને રાષ્ટ્રીય ચળવળમાં ઝુકાવ્યું.

મહાત્મા ગાંધીએ સ્ત્રીઓને આઝાદી આંદોલનમાં જોડાવાની દેશવ્યાપી હાકલ કરેલી. સ્ત્રીઓ ચળવળના ચાલકબળ તરીકે કામ કરી શકે એવો ગાંધીજીને વિશ્વાસ હતો. ગાંધીવિચારથી પ્રેરાઈને અંબુજામ્મલ સ્વતંત્રતા-સંગ્રામમાં જોડાઈ. ગાંધીજી મદ્રાસ આવતા ત્યારે શ્રીનિવાસ આયંગાર એમને ઘેર તેડાવતા. યજમાન બનતા. ગાંધીજી મહેમાન બનતા. ૧૯૨૦ના અરસામાં ગાંધીજી અને કસ્તૂરબાએ શ્રીનિવાસને ઘેર ઉતારો રાખેલો. આ દંપતીના સત્સંગનો લાભ અંબુજામ્મલને પણ મળ્યો. ગાંધીજી અને કસ્તૂરબાની સાદગી જોઈને તે અત્યંત પ્રભાવિત થઈ. ગાંધીજીની વાણી એના હૃદયને સ્પર્શી ગઈ. અંબુજામ્મલ એ જ ઘડીએ એમની અનુયાયી, એમની ભક્ત બની ગઈ.

આ જ ગાળામાં અસહકાર આંદોલન શરૂ થયેલું. અંબુજામ્મલ આંદોલનમાં સક્રિયપણે જોડાઈ ગઈ. એણે ખાદીને અપનાવી લીધી. ચરખો કાંતવાનું શરૂ કર્યું. જોકે એ ઘરબહાર ઝાઝું નીકળતી નહોતી. અંબુજામ્મલના રાષ્ટ્ર

પ્રત્યેના સમર્પણમાં રાજકીય રસ નહીં, પણ અંગત વિચારોએ ઇંધણ પૂરેલું, એક દિવસ માદીકરી થોડા સમય માટે સાબરમતી આશ્રમમાં રહેવા ચાલ્યાં ગયાં.

આશ્રમથી બન્ને પાછાં ફર્યાં એને કેટલોક સમય વીતી ગયો. દરમિયાન, ગાંધીજી ફરી એક વાર એમના મહેમાન બન્યા. વર્ષ ૧૯૨૫. વાયકોમ સત્યાગ્રહ ચરમસીમાએ હતો. વંચિતોના મંદિરપ્રવેશ મુદ્દે થયેલા વાયકોમ સત્યાગ્રહમાં પ્રવાસ કરતી વેળાએ ગાંધીજી અંબુજામ્મલને ઘેર રોકાયા. રોકાણ દરમિયાન ગાંધીજીએ અંબુજામ્મલને એક પુસ્તક વાંચવા અને અભિપ્રાય વ્યક્ત કરવા માટે આપ્યું. 'મધર ઇન્ડિયા' શીર્ષક ધરાવતા આ પુસ્તકનાં લેખિકા મિસ મૅયો અમેરિકન હતાં. લેખિકાએ પુસ્તકમાં ભારતીય સ્ત્રીનું અભણ, નિરક્ષર, રસોડાની ચાર દીવાલમાં ગોંધાઈ રહેતી અને બહારની દુનિયા વિશે સાવ અજ્ઞાત હોવાનું ચિત્રણ કરેલું. અંબુજામ્મલે પુસ્તકના વર્ણનને વાહિયાત ગણાવ્યું. ગાંધીજીએ કહ્યું, 'ભારતીય સ્ત્રીઓને સાચો રાહ બતાડે આવો કોઈ માર્ગદર્શક કે આગેવાન નથી. એથી ભારતની સ્ત્રીની શક્તિ નિષ્ક્રિય બનીને વેડફાઈ રહી છે.' આમ કહીને ગાંધીજીએ અંબુજામ્મલને સ્ત્રીઓના ઉદ્ધાર માટે કાર્યરત થવાનું અને એમના પથદર્શક બનવા કહ્યું. એ જ ક્ષણથી અંબુજામ્મલે પીડિત, શોષિત અને વંચિત સ્ત્રીઓના કલ્યાણ માટે કામ કરવાનો સંકલ્પ કર્યો.

ગાંધીજીએ પોતાના વિશ્વસનીય અનુગામી તરીકે અંબુજામ્મલને તાલીમ આપી. માત્ર રાજકીય ક્ષેત્રમાં નહીં, સામાજિક ક્ષેત્રમાં પણ. અંબુજામ્મલે જીવ રેડીને કામ કર્યું. પછાત કોમની પીડિતા માટે સ્ત્રીસશક્તીકરણનાં દ્વાર ખોલ્યાં. સાથે જ અસહાય અને નિરાધાર બાળકો માટે પણ ભગીરથ કામ કર્યું. પરિણામ એ આવ્યું કે નિઃસ્વાર્થ કાર્યકર્તા તરીકે અંબુજામ્મલની વાહવાહી થવા લાગી. એની નામના થઈ ગઈ. અંબુજામ્મલ ગાંધીજીની માનસપુત્રી તરીકે પંકાવા લાગી.

સામાજિક કાર્યો કરવાની સાથે રાષ્ટ્રીય ચળવળમાં પણ એટલાં જ ઉત્સાહથી અંબુજામ્મલ સહભાગી થતી. ૧૯૩૦માં નાગરિક અસહકારની ચળવળમાં આગળ પડતો ભાગ લીધો. મદ્રાસના રતન બજારમાં વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર કરવાની કામગીરી એણે સુપેરે પાર પાડી. વિલાયતી કાપડ વેચતી દુકાનની બહાર ઊભા રહીને એ પિકેટિંગ કરતી. લગાતાર દસ દિવસ સુધી તેણે બહાદુરીથી બહિષ્કારની કામગીરી કરી. પરંતુ પોલીસે ધરપકડ કરી. જોકે વકીલ પિતાની મધ્યસ્થીથી પુત્રીને જેલવાસ ન થયો.

બે વર્ષ પછી... વર્ષ ૧૯૩૨. કોંગ્રેસે 'થર્ડ ડિક્ટેટર' તરીકે અંબુજામ્મલની નિયુક્તિ કરી. 'થર્ડ ડિક્ટેટર' એટલે 'ત્રીજા તાનાશાહ' નહીં. એનો અર્થ એવો થાય કે જેના સઘળાં આદેશ માનવાની સૂચના અપાઈ હોય તેવી વ્યક્તિ. સર્વસત્તાધીશ. કોંગ્રેસના 'થર્ડ ડિક્ટેટર' તરીકે અંબુજામ્મલે પરદેશી વસ્ત્રોનો બહિષ્કાર કરતા સત્યાગ્રહીઓના સરઘસનું નેતૃત્વ કર્યું. પોલીસે એની ધરપકડ કરી. વેલ્લોર જેલમાં છ મહિનાનો કારાવાસ થયો.

જેલમાંથી બહાર આવીને અંબુજામ્મલ ફરી આઝાદી આંદોલનમાં જોડાઈ ગઈ. માતામહ સર વી. ભાષ્યમ આયંગાર સાથે મળીને અંબુજામ્મલે મદ્રાસ સ્વદેશી લીગની સ્થાપના કરી. વી. ભાષ્યમ મદ્રાસ પ્રેસિડેન્સીમાં નીમાયેલા ભારતીય મૂળના પ્રથમ એડવોકેટ-જનરલ હતા. અહિંસાના સિદ્ધાંતને આધારે જેટલી ચળવળો થઈ એ તમામના કાર્યક્રમોમાં સ્વદેશી લીગના છત્ર હેઠળ એણે ભાગ લીધો. વિવિધ બેઠકોનું આયોજન કર્યું, સરઘસો કાઢ્યાં, ખાદીનું વેચાણ કર્યું તથા દારૂનાં પીઠાં અને વિલાયતી વસ્ત્રોની દુકાન પર પિકેટિંગ કર્યું.

દરમિયાન, કૃષ્ણાબાઈ અને કામેશ્વરી નામની મહિલાઓએ સ્ત્રીઓ માટે અલગ રાષ્ટ્રીય સંગઠનની સ્થાપના કરી. વીમેન સ્વદેશી લીગ એવું નામકરણ કર્યું. એમાં જોડાવા માટે અંબુજામ્મલને આમંત્રણ આપ્યું. આ સંગઠન દ્વારા અંબુજામ્મલ અને અન્ય સ્ત્રીઓએ ગાંધીજીના સિદ્ધાંતોનું પાલન કર્યું. ખાદીના પ્રચાર-પ્રસારનું અભિયાન આરંભ્યું. ચરખો કાંતવાના અને હિંદી ભાષા શીખવતા વર્ગો શરૂ કર્યા. ગાંધીજીના સામાજિક-આર્થિક કાર્યક્રમોના

અમલીકરણ માટે કોંગ્રેસની બિનરાજકીય પાંખ તરીકે કાર્યરત થયેલી લીગના સભ્યો સ્વદેશીની પ્રતિજ્ઞા કરતાં, કાંતવાના સોગંદ લેતાં અને હાથવણાટનાં વસ્ત્ર પરિધાન કરવાનું મૂલ્ય સમજાવતાં.

ધીમે ધીમે લીગનું ફલક વિસ્તર્યું. સ્ત્રી-કાર્યકરોનું 'સ્વયંસેવિકા' નામનું જૂથ રચાયું. સ્વયંસેવિકાઓ બેઠકો યોજવામાં સહાય કરતી. સાથે જ સ્વદેશી સામગ્રીનું વેચાણ કરતી અને ખાદીનાં વપરાશને બળ મળે એ માટે એનો પ્રચાર કરતી. જોકે ૧૯૩૪ આવતાં આવતાં તો લીગ સાથે જોડાયેલી સઘળી સ્ત્રીઓએ એક કે બીજા કારણસર સંગઠન છોડ્યું. પાછળ રહી અંબુજામ્મલ. એણે થોડા દિવસ ગાંધીજી સાથે વર્ધા આશ્રમમાં ગાળવાનો નિર્ણય કર્યો. શરૂઆતમાં પિતા આયંગાર પુત્રીને મોકલવા રાજી નહોતા, પણ અંબુજામ્મલ ઉપવાસ પર ઊતરી ગઈ. એથી પિતાએ દીકરીને આશ્રમ જવાની મંજૂરી આપી. અંબુજામ્મલ ત્રણ મહિના વર્ધા આશ્રમમાં રહી. આશ્રમની કડક શિસ્ત, કઠોર અનુશાસન, સાદગીભર્યું જીવન, સાદું ભોજન અને શારીરિક શ્રમ... આ અનુભવો એના માટે નવીનતમ પુરવાર થયા.

આશ્રમનો અતુલનીય અનુભવ ગાંઠે બાંધીને અંબુજામ્મલ પાછી આવી અને સામાજિક તથા રાજકીય પ્રવૃત્તિઓમાં પરોવાઈ ગઈ. થોડો સમય વીત્યો. એવામાં અસ્પૃશ્યતા નિવારણ અને દલિત ઉદ્ધારની ઝુંબેશ આગળ વધારવા ગાંધીજી ૧૯૩૬માં ફરીથી મદ્રાસ પધાર્યા. અંબુજામ્મલે કોંગ્રેસની સ્ત્રી પાંખની મહિલાઓ સાથે ગાંધીજીની એક બેઠકનું આયોજન કર્યું. ગાંધીજીએ સ્ત્રીઓની ઘરેણાં માટેની ઘેલછા અને વળગણનો આ બેઠકમાં જોરશોરથી ઉપહાસ કર્યો. ગાંધીજીએ અલંકારોનો મોહ છોડી દેવા તથા વંચિતોના ઉદ્ધાર અંતે એ દાગીના દાન કરી દેવાનું સૂચન કર્યું. પરિણામે ઘણી સ્ત્રીઓએ પતિને કે ઘરના વડીલોને ય પૂછ્યા વિના પોતાનાં બધાં આભૂષણ દલિતકલ્યાણની પ્રવૃત્તિ માટે ગાંધીજીને દાનમાં આપી દીધાં. અંબુજામ્મલે પણ પોતાનાં મહામૂલાં હીરા, રત્ન અને માણેક સહિતનાં આભરણો ગાંધીજીને ચરણે ધરી દીધાં. ગાંધીજીએ દાગીનામાંથી નાણાં ઊભા કરીને વર્ધા નજીક સેવાગ્રામમાં મહિલાશ્રમનું નિર્માણ કર્યું.

દેશ આઝાદ થયા પછી પણ અંબુજામ્મલ સ્ત્રીઓ માટે કામ કરતી રહી. સ્વતંત્રતા મળ્યાં પહેલાં અને સ્વતંત્રતા મળ્યાં પછી પણ રાષ્ટ્રસેવાને સમર્પિત થયેલી અંબુજામ્મલ જેવી સ્ત્રીઓને જોઈને કહેવાનું મન થાય કે, ખરેખર... નારી તું નારાયણી છે!

### ગોપાલકૃષ્ણ ગોખલેની દૃષ્ટિએ ગાંધી

ગાંધીજીના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેને એક વખત એક પત્રકારે ગાંધીજી વિશે પ્રશ્ન કર્યો હતો: ' ગોખલેજી, મોહનદાસ ગાંધી તરફ તમને ખૂબ યકીન છે શા માટે ? '

ગોપાલકૃષ્ણ ગોખલનો જવાબ હતો: 'ગાંધી જેવો માણસ આપણા દેશમાં એક હજાર વર્ષમાં થયો નથી અને આગળ ઉપર કેટલાં વર્ષમાં થશે એ મને ખબર નથી. બીજું કે મારી જિંદગીમાં બે માણસો એક મારા ગુરુ મહાદેવ રાનડે અને બીજા આ મોહનદાસ ગાંધી મને એવા મળ્યા કે જેમની પાસે જવાથી મનના વિકારો સમાપ્ત થઈ જાય છે. આનાથી વધુ શુદ્ધ,વધુ ચારિત્ર્યવાન, અધિક બહાદુર અને ઉમદા આત્મા આ અવનિ ઉપર અવતર્યો નથી.

તેઓ નરોમાં નર, વીરોમાં વીર, દેશભક્તોમાં દેશભક્ત છે. આપણે નિઃસંકોચ એમ કહી શકીએ એમ છીએ કે, એમની મારફત હિન્દની માનવતા એની ઉચ્ચતમ સપાટીએ પહોંચી છે.'

## ૦૭ નાનાભાઈ ભટ્ટની પાત્રસૃષ્ટિ અને સંવાદકળા

**નીતિન ભટ્ટ**

**'રામાયણ' અને 'મહાભારત'ના પાત્રોના આધારે**

વિખ્યાત કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ લિખિત રામાયણ અને મહાભારતનાં પાત્રો માટે શ્રી સ્વામી આનંદે લખ્યું છેઃ

''રામાયણ અને મહાભારતના પોતાના જીવનભરના વ્યાસંગને વલોવીને તેના નવનીતરૂપે નાની મોટી ગ્રંથરચના કરવાનો પવિત્ર સંકલ્પ જે દિવસે નાનાભાઈના મનમાં ઊઠ્યો તે દિવસે જ ગુજરાતની આખી ઉછરતી પેઢીને એમણે કાચા તાંતણે કરજદાર કરી.''

આશરે નવ દાયકા પહેલાં લખાયેલા આ પુસ્તકોની એ વિશેષતા છે કે દરેક પાત્ર આગવા સ્વરૂપે વાચક સમક્ષ રજૂ થાય છે. મહદ અંશે સંવાદ દ્વારા જ તે પાત્રનું વ્યક્તિત્વ ઉપસી આવે છે. તે વખતે આ પાત્રોએ અનુભવેલા મનોમંથન આજે પણ આપણે એક યા બીજી રીતે અનુભવીએ છીએ. મૂળ ગ્રંથોમાં કદાચ આ સંવાદો આ સ્વરૂપમાં નહિ હોય પરંતુ જયારે આ પુસ્તકો લખાયાં ત્યારની સામાજિક અને રાજકીય પરિસ્થિતિ, અને અમુક અંશે અત્યારે જે પરિસ્થિતિ છે, તેના સંદર્ભમાં આ સંવાદો ઘણા સુસંગત છે.

નાનાભાઈ ભટ્ટની પાત્રસૃષ્ટિ અને સંવાદકળા 'રામાયણ' અને 'મહાભારત'નાં પાત્રોના આધારે ચાલો, માણીએ. સીતા અને માતાજી વચ્ચેના સંવાદ દ્વારા કહેવાયેલી સીતાની આપવીતી બહુ રસપ્રદ બની રહે છે.

માતાજીનો પરિચય કરાવતા નાનાભાઈ લખે છે. માતાજી કહેતા, ''શાસ્ત્રમાં હું શું જાણું? મેં તો પર્ણકુટીઓ ઊભી કરી જાણી છે. ઝાડને ઉછેરી મોટાં કર્યાં છે. ગાય, હરણાંને ઘાસ નાખ્યું છે. વાલ્મિકીના આશ્રમના આંગણાને વાળીચોળીને સાફ રાખ્યું છે. આ બધા પાસે શાસ્ત્ર હશે તો મને ઊગશે. બાકી તો શાસ્ત્ર અને બાસ્ત્ર!''

માતાજીની વાતથી સહજ રીતે જ એવા લોકો યાદ આવે છે જેમણે જાણીતી સંસ્થાઓમાં મૂક રહીને કામ કર્યા કર્યું છે. ભાષણો નથી આપ્યાં, લેખો નથી લખ્યા, કારભાર નથી કર્યો. સોંપેલું અને સ્વીકારેલું કામ એકધ્યાન થઈને કર્યું છે. સંસ્થાઓના લાંબા ગાળાના અસ્તિત્વ માટે આવા લોકો પ્રાણવાયુ સમાન હોય છે. સીતા માતાજીને કહે છે તે સાંભળોઃ ''વાલ્મિકીનો આશ્રમ એટલે જ આશ્રમ એમ ન સમજશો. મારા બાપુ મિથિલાની રાજગાદી પર છે ત્યાં પણ એક આશ્રમ છે.''

આજે વેશધારી ધર્મગુરુઓ અને સંપ્રદાયવાદી 'ભક્તો' ભગવા ઓઢીને અરાજકતા ફેલાવે છે ત્યારે એ વાત યાદ રાખવા જેવી છે કે સંસારમાં રહીને પણ ઉચ્ચતમ સંન્યાસીનું જીવન જીવી શકાય છે. પ્રજા અન્યાયનો ભોગ બનેલા માટે ફક્ત સહાનુભૂતિ દર્શાવીને બેસી રહે અને અન્યાય કરનારને કંઈ કહી ન શકે તે વાત આજે પણ કેટલી સુસંગત લાગે છે!

દશરથના તીરથી મૃત્યુ પામેલ શ્રવણની માતા દશરથને કહે છેઃ

''પશુઓને વીંધવાનો આનંદ લીધો છે પરંતુ તેમને નીરખવાનો આનંદ લીધો છે? એમના રંગ રૂપના અભ્યાસ કરવાનો, તેમના શરીરો, ટેવો, ખાસિયતો, કલરવ અને આ બધાની પાછળ રહેલી ઈશ્વરની કળાનો આનંદ તેં કોઈવાર લીધો છે?''

પર્યાવરણ,પશુ પંખી સાથે તાલમેલથી જીવવા માટે આ સુંદર દ્રષ્ટાંત છે.

શ્રવણની માતા દશરથને કહે છેઃ ''પોતાના ખભાને ખરેખર પવિત્ર કરવો હોય તો રાજાએ પ્રજાને ખભે બેસાડીને

ભાર વહેવો જોઈએ. તમે રાજાઓ પ્રજાના ખભા પર ચડી બેઠા છો.''

આજના ચૂંટાયેલા 'રાજાઓ' અને 'મહારાજાઓ' માટે આ કેટલો સચોટ સંદેશ છે!

રામચંદ્રના જન્મ પહેલા કુલગુરુ વસિષ્ઠ સરસ અરુંધતીને કહે છે. 'રાક્ષસ જ નહિ, રાક્ષસવૃત્તિ, જે લોકોના મનમાં છે, તે અનિષ્ટ છે. અધિકારવૃત્તિ એ રાક્ષસવૃત્તિ છે. સાધુતામાં ક્ષાત્રવૃત્તિ હોવી જોઈએ. આર્ય પુરુષોનું સ્ત્રીઓ પ્રત્યેનું વર્તન રાક્ષસી છે. પ્રભુ પોતાની પવિત્રતા, નિષ્ઠા, સમર્પણ, બલિદાનથી પુરુષોના હૈયાને ઢંઢોળશે.'

આ સંવાદ દ્વારા નાનાભાઈ રાક્ષસવૃત્તિ વિષે સચોટ વાત કરે છે.

આર્ય પ્રજાની નબળાઈનું વર્ણન રાક્ષસ સુબાહુના સંવાદ દ્વારા સરસ રીતે થયું છે. સુબાહુ કહે છેઃ

''ઋષિમુનિઓએ ધર્મના નામે ધતિંગ કરેલા છે. આર્ય સમાજમાં સ્ત્રી પર અત્યાચાર થયેલ છે. શિયળ અને પવિત્રતાના નામે તેને ગુલામ બનાવવામાં આવેલ છે. પુરુષ ગમે તેટલીવાર પરણે, ફાવે તેવો વ્યભિચાર કરે, તેનો દોષ નથી જોવાતો. સ્ત્રી એક નાનીશી ભૂલ કરે, તો એના પર અમાનુષી ત્રાસ થવાનો. વિશ્વામિત્ર-મેનકા અને ગૌતમ-અહલ્યાના દ્રષ્ટાંત સામે છે. આર્યો કામવેગ પર ખોટી સૂગ ધરાવે છે અને તેનું દમન કરે છે. એ ભૂલવા જેવું નથી કે રાક્ષસોમાં પણ ઈશ્વરી અંશ છુપાયેલ છે.''

રામચંદ્રના રાજ્યાભિષેક પહેલા કુલગુરુ વસિષ્ઠ રાજધર્મ સમજાવતા કહે છેઃ

''રાજા સ્વેચ્છાથી બનેલો સેવક છે. સોમાંથી નવ્વાણું યુવરાજો કે રાજાઓ પોતાની જવાબદારીનો વિચાર કરતા નથી. પ્રજાની, ગરીબોની, દારિદ્રયની, સ્વાસ્થ્યની, આધ્યાત્મિક વિકાસની દરકાર કરતા નથી. યુવરાજ થવું તે એક તપશ્ચર્યા છે. રાજાની તપસ્યા ઋષિની તપસ્યા કરતા વધુ અઘરી હોય છે. ભોગવિલાસ વચ્ચે રહીને મન તપસ્વીનું રાખવાનું હોય છે.પ્રજાનું આર્થિક, સામાજિક, નૈતિક, ધાર્મિક, રાજકીય તેમજ આધ્યાત્મિક સ્વાસ્થ્ય નિરંતર જાળવે તે સાચો રાજા છે.'

સાચો રાજા અને નેતા કેવો હોય તેની વિષે આ ઉત્તમ કથન છે.

રામચન્દ્ર આર્ય લોકોએ જે બીજી જાતિઓ સાથે વર્તન કર્યું છે તેનાથી ઘણા વ્યથિત છે. તેઓ નિષાદ રાજા ગુહને કહે છેઃ ''આર્યો ધોળી ચામડીવાળા, ચીપી ચીપીને બોલવાવાળા. વેદના મંત્રો બોલે, ભોગવિલાસ માણે એટલે ચડિયાતા? જો આર્યો અને નિષાદો એકમેકથી અલગ રહ્યા હોય તો આર્ય સંસ્કૃતિએ દેવાળું કાઢ્યું છે. ઋષિ-મુનિઓ તેમની નજીક રહેતા ભાંડુંઓને હડધૂત કરે, તેવા ઋષિ-મુનિઓને રાક્ષસો ખાઈ જાય તેમાં શું નવાઈ? જો આશ્રમો જ્ઞાનનો પ્રકાશ ન કરે, લોકોને સંસ્કારી બનાવવા ન મથે, તેમની રહેણીકરણી ન સુધારે, તો આ જડ 'ધર્મના અખાડાઓ'નો શું અર્થ? આર્યો આર્યત્વને વળગી રહે અને એ ભાવનાના બળથી બીજી જાતિઓની પણ બને તેટલી સેવા કરે તો તેમનું આર્યત્વ વધારે તેજસ્વી થાય. આમ જો ન થાય તો શત્રુઓ આપણી ભૂમિ પર જ આપણને ગુલામ બનાવશે. હું અનાર્યોના પરિચયમાં આવી મારી મર્યાદામાં રહીને તેમની સાથે મૈત્રીના સંબંધો બાંધીશ.''

રામચંદ્રજીના આ સંવાદમાં ભારત દેશ માટે જાણે ભવિષ્યવાણી છુપાયેલી છે! રામચન્દ્રજી નિષાદ, વાનર, રાક્ષસ જાતિ સાથે મૈત્રી બાંધી પ્રથમવાર રાષ્ટ્રીય એકતાને મૂર્તિમંત કરે છે. અગસ્ત્ય ઋષિ તપશ્ચર્યાની વ્યાખ્યા આપતા કહે છે, ''શરીરનો પરસેવો ઉતારે તેવી મહેનત વિનાની કહેવાતી તપશ્ચર્યા વાંઝણી છે. મહેનત કરો, પ્રભુને ચરણે મુકો એટલે તપશ્ચર્યા પૂર્ણ થઈ ગણાય.''

કર્મયોગનો મહિમા આલેખતી આ વાત કેટલી સચોટ રીતે કહેવાઈ છે! પરસેવાનું ટીપું પાડ્યા વિના, ગમેતેમ મંત્રોચ્ચાર કરીને ધતિંગ કરતા 'મહારાજો' આ જેટલું જલ્દી સમજે એટલું તેમના માટે અને સમાજ માટે સારું છે!

રામચંદ્રજીના કેટલાક સંવાદો અર્થપૂર્ણ છે.

''શબરી જેવું સાદું સીધું ભોળું હૃદય નરી આંખે ન

દેખાય એવી રીતે પ્રભુના ગરીબડા લોકોની મૂંગી સેવા કરતું હશે. સંસ્કૃતિનો સાચો પ્રવાહ આવાં હૃદયો જીવતો રાખે છે.''

રામચંદ્રજીને પણ તેમની ખામી દેખાડનાર મળ્યા છે.વાલીને અધર્મથી તીર મારી રામચંદ્રજી કહે છેઃ ''તમે, સુગ્રીવની સ્ત્રી રૂમાને રાખી તમારા ભાઈને હાંકી કાઢ્યો એ અપરાધનો તમને દંડ આપેલ છે.''

વાલી કહે છેઃ ''રામચન્દ્ર! સીતાહરણથી ઉન્મત્ત થયા છો એટલે ધર્મ-અધર્મ તોળવા બેઠા છો. તમે સુગ્રીવને આપેલ વચન અધર્મ અને અજ્ઞાનમૂલક છે.''

વાલીવધ એ રામચંદ્રજીનો સ્પષ્ટ અધર્મ છે. વળી વિરહવ્યાકુળ રામચંદ્રજી એટલું સમજતા નથી કે સીતાજીની શોધમાં વાલી ઘણો વધારે ઉપયોગી બનત. (રાવણ વાલીથી કેટલો ડરતો હતો તે જાણીતું છે.)

રાવણ પણ મૃત્યુ સમયે રામચંદ્રજીને નિખાલસ, નિર્ભિક થઈને કહે છે, ''રામચંદ્ર! તમે સીતા માટે જે ઉદ્વેગ કર્યો તે બતાવે છે કે તમને વૈદેહીનો પરિચય નથી. સીતાએ મને ક્યારનો મારી નાખ્યો હતો. તેના એક તણખલા પાસે આ રાવણ ગરીબ ગાય બની જતો હતો. એની લોકોત્તર પવિત્રતા પર આટલો અવિશ્વાસ? આર્યો પણ આવી પવિત્રતાને ઓળખતા નથી?''

આ જ રીતે મહાભારતના પાત્રો જે સંવાદ કરે છે તે પણ એટલા જ પ્રેરણાદાયક છે.

શરશય્યા પર સૂતેલા પિતામહ ભીષ્મ કૃષ્ણની વિનંતિને માન્ય રાખી યુધિષ્ઠિરને જ્ઞાન આપવાનું નક્કી કરે છે ત્યારે કહે છે, ''બેટા યુધિષ્ઠિર, આજ સુધી જે જ્ઞાન મેં વાંઝિયાની માફક સંઘરી રાખ્યું છે તે તારા જેવા અધિકારી રાજાને હાથે પ્રચાર પામશે એથી મને હર્ષ થાય છે.પ્રજા માત્ર પોતાની મૂર્ખાઈથી કલ્યાણના ભોગે રાજી રહે એવું કરવું તે રાજાનો ધર્મ નથી, રાજા માત્ર પ્રજાના શરીરોનું જ રક્ષણ કરવા માટે નથી. તેના માનસ અને આત્માનું રક્ષણ કરવા માટે છે.''

દ્રોણાચાર્ય કહે છે, ''જે વિદ્યાને નિત્યનિરંતર નવીનતાનો ઓપ ન ચડે તે ગમે તેવી સમર્થ હોય તો પણ નવા યુગ સામે ટકી શકતી નથી.''

દ્રુપદ દ્રોણાચાર્યને કહે છે, ''દ્રોણ! તમારા ત્રણ પરાજય થયા છે. તમે અનેક ક્ષત્રિયકુમારોને વિદ્યા આપી શકત. તેને બદલે તમે હસ્તિનાપુરના રાજકુટુંબને તમારી વિદ્યા વેચી તે પહેલો પરાજય. તમે મારી સમાન બનવા ગયા એમાં તમારું બ્રાહ્મણજીવન ખર્ચી નાખ્યું અને મારી કક્ષાએ નીચે ઊતર્યા તે બીજો પરાજય. બ્રાહ્મણ જ્ઞાનની પરબ માંડે અને જે કોઈને તરસ હોય તે ત્યાં તૃપ્તિ મેળવે. તમે એકલવ્યનો અસ્વીકાર કર્યો અને છતાં ગુરુદક્ષિણાને નામે તેનો અંગૂઠો માગી લીધો તે તમારો ત્રીજો પરાજય.''

માતા કુંતી પાંડવોને કહે છે, ''શિશુપાળનો વધ થયો તે મને જરા પણ ગમ્યું નથી. શિશુપાળને કૃષ્ણ શ્રેષ્ઠ ન લાગ્યા. તમે ભરી સભામાં અભિપ્રાય માગો અને જયારે કોઈ ખરેખર અભિપ્રાય આપે તે તમને યોગ્ય ન લાગે એટલે તેને સજા આપો એવું થાય? જે સમાજમાં માણસને પોતાના ગમે તેવા વિચારો દર્શાવવાની છૂટ ન હોય અને તેના માટે તેને ગુનેગાર ગણવામાં આવે તે ગુલામોનો સમાજ કહેવાય.''

યુધિષ્ઠિર ધર્મરાજને કહે છે, ''હું આ કૂતરા વિના આવવાનો નથી. તમે અમને લીધા વિના જશો તો પણ તમારે ફરી વાર આવવું પડશે. દેવરાજ! સ્વર્ગ એ તમારી મહેરબાનીનું ફળ નથી. એ ઈશ્વરની કૃપાનું ફળ છે. એ અધિકાર કોઈ ઝૂંટવી શકે તેમ નથી.''

કર્ણ કુંતીને કહે છે, ''જગતનાં તોફાનો કોઈ પણ દિવસ શમવાનાં હશે તો અમારા જેવા યોદ્ધાઓથી નહિ શમે કે શ્રીકૃષ્ણ જેવા રાજદ્વારી પુરુષોથી પણ એ નહિ શમે. એ તોફાન, એ રંજાડ, એ અરાજકતા, એ વેરઝેર શમશે જગતની માતાઓથી!''

દ્રૌપદી અર્જુનને કહે છે, ''આ તમારા કુલધર્મથી તો હું હારી! એક સ્ત્રી પાંચ પતિને પરણે તો કહેવાય 'એ અમારા કુળનો રિવાજ છે. એક પુરુષ ઘણી સ્ત્રીઓને પરણે તોય એ કુલધર્મ. અર્જુન, હવે તમે આર્ય લોકોમાં વસો છો. સ્ત્રીને પરણેલ પતિથી પુત્ર ન થાય તો બીજા પુરુષથી પુત્ર ઉત્પન્ન

કરે, પતિ અવસાન પામ્યો હોય તો પારકા પુરુષ સાથે નિયોગ કરે. આવા રિવાજ આર્યોમાં એક દિવસ હતા પણ સંસ્કારી આર્યો આવા રિવાજોથી છૂટા થતા જાય છે. પાંચસો વર્ષ પહેલાના કુલધર્મના નામે તમે લગ્નના જંગલી રિવાજોને પકડી રાખશો તો તમે નીચે ઊતરી જશો.''

કૃષ્ણ યુધિષ્ઠિરને કહે છે, ''મહારાજ યુધિષ્ઠિર! જરાસંધ ભીમ દ્વારા એટલે મરાયો કે ભીમના બળની પાછળ લાખો ત્રાસિત લોકોના સંકલ્પનું બળ હતું. જે સામ્રાજ્યો ગરીબોની આંતરડી કકળાવશે અને મદમસ્ત થઈ પોતાના બાહુબળમાં વિશ્વાસ રાખશે તે સામ્રાજ્યોનો વિનાશ નક્કી છે.''

કૃષ્ણ કહે છે, ''રાજાઓ પ્રજાનું રક્ષણ કરવાને બદલે પ્રજાની ગરદન પર ચડી બેઠા છે. આવા ક્ષત્રિયોનો મદ ઉતારવો અને પીડિત-ત્રાસિત પ્રજાને રાજાઓના ત્રાસમાંથી ઉગારી લેવી એનો મને છંદ લાગ્યો છે. ભારતવર્ષની પીડિત પ્રજાની મોટામાં મોટી કોઈ સેવા હોય તો આ છે.''

કૃષ્ણ કહે છે, ''ભીમસેન! હું હસ્તિનાપુર સંધિના પ્રયત્ન માટે જાઉં છું તે એકલા પાંચ પાંડવો માટે નહિ.આ ઝઘડામાં હું સમગ્ર જનતાનો ઝઘડો દેખું છું. જો સમાધાન થાય તો આખા જગતમાં જે અશાંતિ અને વેરઝેર ઉછળે છે એનો ઉકેલ આવે તેમ છે, એટલા માટે હું હસ્તિનાપુર જવા આગ્રહ રાખું છું.''

દ્રૌપદી અર્જુનને પૂછે છેઃ ''શ્રીકૃષ્ણ પોતે સાંખ્યમાં મને છે કે યોગમાં? તેમના કહેવા મુજબ જ્ઞાન સાચું કે ભક્તિ?''

અર્જુન કહે છે, ''દ્રૌપદી! કૃષ્ણ સાંખ્યમાંયે નથી માનતા, યોગમાંયે નથી માનતા, જ્ઞાનમાંયે નથી માનતા કે ભક્તિમાંયે નથી માનતા. એ પોતે માને છે ફક્ત એક પરમાત્મામાં. જે વસ્તુ તેમને પરમાત્મા તરફ લઈ જાય છે તેમાં તે માને છે.''

નાનાભાઈએ સંવાદો દ્વારા પાત્રોને અને તેમના વિચારોને જીવંત કરી દીધા છે.

**ભિક્ષા આપવાની અનોખી રીત**

ગાંધીજી અને કવિવર રવીન્દ્રનાથ ટાગોર વચ્ચે સ્નેહનો સેતુ હતો. ટાગોર ઈ.સ.૧૯૩૯માં બિમાર પડયા ડૉકટરે નિદાન કરી આરામ લેવાની સલાહ આપી. છતાં રવીન્દ્રનાથ પોતાના નિયમિત ક્રમને વળગી કર્મરત રહ્યા. ત્યારે આ વાતની મહાત્મા ગાંધીને ખબર પડી તેઓ શાંતિનિકેતન ગયા અને રવીન્દ્રનાથની તબિયતની ખબર લઈ ગુરુદેવને કહ્યુંઃ 'ગુરુદેવ, મને એક ભિક્ષા આપો.'

ગુરુદેવે હસતા કહ્યુંઃ 'મહાત્માજી, જે સ્વયં ભિખારી હોય એ તમને શું ભિક્ષા આપે ?'

પરંતુ ગાંધીજી તો પોતાની માંગણી પર અટલ રહ્યા ત્યારે ગુરુદેવે કહ્યુંઃ 'આપ, શું ભિક્ષામાં માંગો છો ?'

ગાંધીજીઃ 'આપની નાદુરસ્ત તબિયત રહે છે, ડૉકટરે આરામ કરવા કહ્યું છે માટે ભોજન પછી રોજ આપ એક કલાક વિશ્રામ કરશો એ ભિક્ષા માંગુ છું'

ગુરુદેવે હસતા કહ્યુંઃ 'મહાત્મા આપને ભિક્ષા આપી.'

બાપુ મરક મરક હસવા લાગ્યા. થોડાક દિવસ પછી આચાર્ય ક્ષિતિમોહન સેન કવિવરને મળવા ગયા. તે સમયે દરવાજો બંધ કરી કવિ આરામ કરતા હતા બહાર આહટ થતાં કવિ ક્ષિતિમોહન સેનનો અવાજ ઓળખી જતાં ઘાટો પાડી પૂછયુંઃ 'આચાર્ય સેન બાબુ છો શું ?'

ક્ષિતિમોહન સેન : 'હા, હું છું પરંતુ તમે દરવાજો બંધ કરીને કેમ બેઠા છો ?'

રવીન્દ્રનાથઃ 'ગાંધી બાપુને આપેલ વચન પ્રમાણે એમને ભિક્ષા આપી રહ્યો છું'

અને કવિએ દરવાજો ખોલતા બંને બાળકની જેમ ખડખડાટ હસી પડયા.

## ૦૮ ભૂરી છત્રી

**રસ્કિન બોન્ડ. અનુવાદ : ડંકેશ ઓઝા**

---

ગતાંકથી આગળ- ૫

બિનીયા અત્યારે જંગલના એ મેદાનમાં હતી જ્યાં તેણે પહેલ-વહેલીવાર છત્રી જોઈ હતી. હવે ચોમાસામાં પિકનિક માટે કોઈ આવતું ન હતું. ઘાસ હંમેશા ભીનું હતું અને પાઈન વૃક્ષનો કચરો પગને લપસાવી દે એવો હતો. ઊંચા વૃક્ષો સૂર્યપ્રકાશને નીચે આવવા દેતા ન હતાં. કેસરી અને આછા જાંબલી ઝેરી દેખાતાં મશરૂમ સર્વત્ર ફૂટી નીકળ્યાં હતાં. શાહુડી માટે આ મજાની જગ્યા હતી, જેને મશરૂમ બહુ ગમતા. બિનીયા એ શાહુડીનાં પીછાં શોધી રહી હતી.

પહાડી લોકોને શાહુડીનાં પીછાંનું કંઈ બહુ મૂલ્ય ન હતું, પણ દૂર દક્ષિણ ભારતમાં એનો મોહ એવોને એવો હતો, જ્યાં તે રૂપિયાના એક લેખે વેચાતું. રામભરોસા એની પાસે આવતાં દરેક પીછાંના દસ પૈસા આપતો અને પછી મેદાની વેપારીઓને નફાના ભાવે આપી દેતો.

બિનીયાએ પાંચ પીછાં તો એકઠાં કરી લીધાં હતાં. પણ તેને હતું કે હજુ આ ઊંચા ઘાસમાંથી બીજાં મળી આવશે. આમ કરતી વેળાએ તેણે છત્રીને બાજુ પર મૂકી હતી. આમ કરવું જરૂરી પણ હતું. કારણ કે તેણે ધ્યાનપૂર્વક પેલાં પીછાં શોધવાનાં હતાં.

હવે રાજારામને તક મળી ગઈ. ઝાડ અને ખડકો પાછળ લપાતો છૂપાતો તે કેટલાય સમયથી બિનીયાનો પીછો કરી રહ્યો હતો. બિનીયા પેલા પીછાં શોધવામાં વ્યસ્ત હતી એ જોઈને તે હળવેકથી નજીક આવી ગયો. પોતે પકડાઈ ન જાય તે જોવા પોતે આતુર હતો. પછી ભલેને પાછળથી તે ઓળખાઈ જાય.

બિનીયા છત્રીથી થોડી દૂર જાય એ જોવા તે અટક્યો. નીચો નમીને તે આગળ વધ્યો, પટ દઈને ખુલ્લી છત્રી પકડી લીધી અને તે લઈને ભાગ્યો. રાજારામના મોટા પગ મજબૂત હતા અને બિનીયાએ તેનો ભારે અવાજ સાંભળ્યો. જેવું તેણે પાછું વળીને જોયું કે પેલો વૃક્ષોની ઝાડીમાં અદશ્ય થઈ ગયો. તેણે ચીસ પાડી, શાહુડીના પીછાં ફેંકી દીધા અને પેલાને પકડવા દોડી.

બિનીયા નાજુક અને નાના પગલાંવાળી હતી. રાજારામ તો ફલાંગો ભરતો હતો. પણ તેણે ટેકરીની નીચે તરફ ઊતરવાની ભૂલ કરી. જેના પગ લાંબા હોય તે ચઢવામાં ઝડપી હોય, ઊતરવામાં નહિ. બિનીયા સમયસર જંગલના મેદાનના છેડે પહોંચી ગઈ અને જોયું કે ચોર ચારે પગે ગબડતો ઝરણા તરફ જઈ રહ્યો હતો. દોડવામાં છત્રી નડે નહિ તેથી તેણે તે બંધ કરી દીધી હતી. બિનીયા પેલાંને પકડવામાં જ હતી, પેલો દોડ્યો જતો હતો. બિનીયા ઢાળવાળી ટેકરી પરથી નીચે તરફ લપસવા માંડી. પણ જેવી તે ટેકરીની તળેટીએ પહોંચી તો પછીનો રસ્તો સીધો હતો અને પેલો ફલાંગ ભરતો છોકરો ફરી માથું ઊંચુ કરીને દોડવા લાગ્યો.

બીજી દીશામાંથી બિજ્જુ ઘર તરફ પાછો વળી રહ્યો હતો. એના માથે રસોઈ માટે એકઠાં કરેલા લાકડાનો ભારો હતો. જેવો એ રસ્તા પર પહોંચ્યો તો એણે જોયું કે બિનીયા એવી રીતે દોડતી નીચે આવી રહી હતી જાણે ગઢવાલની પહાડીઓના બધા ભૂત એની પાછળ ન પડ્યા હોય!

તેણે બૂમ પાડી, ‘‘શું થયું? તું દોડે છે કેમ?’’

બિનીયા ઘડીક રોકાઈ અને ભાગતા રાજારામ તરફ આંગળી ચીંધવા માંડી.

તેણે રડતાં રડતાં કહ્યું, ‘‘મારી છત્રી! પેલાએ ચોરી લીધી છે.’’

બિજ્જુએ માથા પરનો ભારો બાજુ પર ફેંક્યો અને બહેનની સાથે દોડવા લાગ્યો. જેવો તે બિનીયાની નજીક આવ્યો એટલે કહ્યું, ‘‘હમણા હું એને પકડું છું!’’ લીલાછમ

ઘાસ પર એ ખૂબ ઝડપે દોડવા લાગ્યો. એ ઉત્સાહી હતો, બિનીયાથી ઘણો આગળ નીકળી ગયો હતો અને હમણાં ચોરને પકડી પાડશે એમ લાગતું હતું.

બિજ્જુ રાજારામની છેક નજીક પહોંચી ગયો ત્યારે પેલો ઝરણાના ઓછા પાણીવાળા વિસ્તારને વળોટી રહ્યો હતો. રાજારામ ઊંચો હતો તો બિજ્જુ મજબૂત બાંધાનો હતો. એ ચોર પર કૂદીને પડ્યો, એને પગથી પકડ્યો અને પાણીમાં પછાડ્યો. રાજારામ ઊભો થઈને ભાગવા જતો હતો પણ બિજ્જુએ એનો પકડેલો પગ છોડ્યો નહિં. રાજારામ બેલેન્સ જાળવી ન શક્યો અને ધડામ દઈને નીચે પટકાયો. તેણે છત્રીને પણ પડવા દીધી. છત્રી હવે પાણીના પ્રવાહમાં વહેવા લાગી. એટલામાં બિનીયા આવી પહોંચી તે અધીરી હતી અને હાંફતી પણ હતી. તે સીધી ઝરણામાંની છત્રી પાછળ દોડી.

દરમ્યાનમાં બન્ને વચ્ચે જબરી લડાઈ શરૂ થઈ ગઈ. ભયંકર લડાઈમાં પડેલા બન્ને જણ તણાઈને ખડક સુધી આવ્યા, ફરી રેતી પર પછડાયા અને કિનારાના કાંકરા પર રગડાતા રગડાતા ફરી પાછા ઝરણાના પાણીમાં આવી પડ્યા. મેગ્પાઈ, બુલબુલ અને બીજાં પંખીઓ ગભરાયાં અને ભયનો ચીંચારવ કરતાં ઊડી નીકળ્યાં.

કાદવથી ખરડાયેલા, ઘવાયેલા એકબીજા પર પકડ જમાવતા બન્ને હવે પાણીમાં હતા. પાંચેક મિનિટના ઉશ્કેરાટપૂર્ણ સંઘર્ષ પછી બિજ્જુની જીત થઈ. રાજારામ થાકીને રેતીમાં ચત્તોપાટ પડ્યો હતો અને બિજ્જુ તેના પર બે પગ પહોળા કરીને ચઢી બેઠો હતો.

રાજારામે શ્વાસ ભરતા કહ્યું, ''મને ઊભો થવા દે! મને જવા દે- મારે તારી આ નક્કામી છત્રી જોઈતી નથી.''

બિજ્જુએ પૂછ્યું: ''તો લઈને ભાગેલો કેમ?'' બોલ બોલ ભાગેલો કેમ!

રાજારામે કહ્યું: ''એ તો પેલા કંજૂસ રામભરોસાને કારણે, એણે કહેલું કે તું છત્રી મેળવી આપ. જો નહિ લાવે તો તને નોકરીમાંથી કાઢી મૂકીશ.''

(ક્રમશઃ)

**ગાંધીજીની અગ્નિપરીક્ષા**

ઇ.સ. ૧૯૨૦-૨૧માં બારડોલીમાં સત્યાગ્રહની લડત કરતા હતા ત્યારે એક કદાવર કાબૂલી માણસ બાપુને હાથમાં ખંજર રાખી મારવા આવતા સેવકો પકડી લે છે.

બાપુને ત્યાં હુમલાખોરને લાવે ત્યારે પ્રથમ તો બાપુ એને સેવકોથી છોડાવી પૂછેઃ 'ભાઈ, કહે મારું શું કામ હતું? શા માટે રાત્રિના સમયે છુપાઈને મને મારવા આવતો હતો?'

કાબૂલીઃ 'હું તમારું નાક કાપવા માટે આવતો હતો.'

બાપુઃ 'ભાઈ, મારું નાક કાપવાથી તને આનંદ મળે તો નાક કાપી લે. એટલાથી સંતોષ ન થાય તો મારું આખું શરીર લઈ જા, મારા સાથીઓ તને હાનિ નહીં પહોંચાડે એનું તને વચન આપું છું. હું તૈયાર છું.'

બાપુની વાણીથી શાતા મેળવતા, આંખમાં આંસુ સાથે હુમલો કરનાર કહેઃ 'બાપુ, હું તો તમારી અગ્નિપરીક્ષા લઈ રહ્યો હતો, તમે બધાને અહિંસાનો ઉપદેશ આપતા ફરો છો, પરંતુ તમારા જીવનમાં અહિંસાનું આચરણ કેટલી સીમા સુધી કરી શકો છો તે મારે નિહાળવું હતું.'

સાંભળી બાપુઃ 'ભાઈ, હું કદાચ તારી પરીક્ષામાં નાપાસ થયો હોઉં પણ અહિંસાની તું અવગણના કરીશ નહીં. કદાચ મારા જેવો સામાન્ય માણસ અહિંસાના આચરણમાં નાપાસ થાય, પરંતુ અહિંસા તો અણમોલ છે.'

સાંભળી પેલા માણસની આંખો આંસુથી છલોછલ થઈ તેણે બાપુને વંદન કરતા કહ્યું : 'બાપુ, તમે સામાન્ય માણસ નથી આપ અહિંસાની ટોચ પર છો, તમારા જેવા પૂજ્ય માણસની સેવા કરવાને બદલે મેં શંકા કરી મને માફ કરશો.'

## ૦૯ શિક્ષકત્વની વાત....

**પારસકુમાર**

---

એક નિશાળના ટેબલ પર સ્થિર પડેલી એક ચોકે કાંકરીચાળો કરતાં બીજી ચોકને કહ્યું, 'આ વર્ગખંડ આપણા વિના અધૂરો છે.' ચોકનો સંવાદ સાંભળીને બ્લેકબોર્ડ અને ડસ્ટર બોલ્યાં, 'ના, આ વર્ગખંડ અમારા વિના અધૂરો છે.' છેવટે ક્યારના ચૂપ બેઠેલાં શિક્ષકે પણ ચર્ચામાં ઝંપલાવતા કહ્યું, 'જનાબ, નિશાળના વર્ગખંડ તો અમારા વિના બિલકુલ અધૂરા છે.' સૌ પોતપોતાનું વર્ચસ્વ પ્રસ્થાપિત કરવા અરસપરસ લડવા લાગ્યા ત્યારે એક નાનકડાં બાળકે વર્ગખંડના દરવાજા પાસે ઊભીને મીઠાં સ્વરે 'મે આઈ કમ ઈન, સર? ' કહ્યું કે, તરત જ સૌને વર્ગખંડ કોના વિના અધૂરો છે, તે વાતની પ્રતીતિ થઈ અને તથ્યહીન ઝઘડો પળવારમાં સમાપ્ત થયો. કેટલાક શિક્ષકો વર્ગખંડમાં પુષ્પની જેમ ઊઘડતા હોય છે, કેટલાક શિક્ષકો પરપોટાની જેમ ફૂટતાં હોય છે અને કેટલાક શિક્ષકો પ્રભાતના પહેલા પ્રહરમાં જ આથમી જતાં હોય છે. કેટલાક શિક્ષકો નિવૃત્ત થાય તેમાં જ સૌથી મોટી સમાજસેવા રહેલી હોય છે.

શિક્ષકત્વની વાત વિદ્યાર્થી વિના અધૂરી છે. શાળામાં શંખનાદને બદલે શબ્દનાદ જ સંભવામિ યુગે યુગે બની શકે. વિદ્યાર્થી એટલે વક્રતુંડ. વક્રતુંડની પૂજા એ જ પ્રસાદ, પણ વક્રતુંડને સજા એટલે સ્નેહનો વિષાદ. શિક્ષકોને શસ્ત્રોનો સંન્યાસ શોભે, શબ્દોનો નહીં. વિદ્યાર્થીની કાળી કોરી રેગીસ્તાન જેવી સ્લેટમાં આડાઅવળા વેરાયેલા એકડા-બગડામાં વસંતના વગડાને નીરખી શકે તેને 'માસ્તર' નહીં પણ 'માસ્ટર' માનવો અને રાવણમાંથી પણ ચપટીક સંસ્કાર ચોરતા શીખવે તે 'ગ્લોબલ શિક્ષક' અને વિદ્યાર્થી વિસ્મયજગતના વણઝારા બને એ જ તેનો નોબલ.

અમેરિકાના વિશ્વવિખ્યાત સાહસિક નવલકથાકાર જેક લંડનની 'કોલ ઓફ ધી વાઈલ્ડ' પ્રાણીકથા પ્રાણીઓની જેમ પાળવાનું મન થાય તેવી બેનમૂન નવલકથા છે. નાનુભાઈ સુરતીએ આ નવલકથાનો 'વગડાનો સાદ' નામે ખૂબ જ સરસ અનુવાદ કર્યો છે. આ નવલકથાના લેખક જેક લંડન માટે શિક્ષકે બાળપણમાં કરેલી સજા સફળતા બની ગઈ. બાળવયે જેક લંડન સ્કૂલમાં ગવાતી પ્રાર્થનામાં કદી સામેલ થતા નહીં. શિક્ષકે જેક લંડનની હરકતનું કારણ પૂછ્યું ત્યારે જવાબ મળ્યો, 'તમે પ્રાર્થના બરાબર ગવડાવતા નથી, હું તમારી પ્રાર્થના ગાઈને મારો અવાજ બગડવા માંગતો નથી.' આવો જવાબ સાંભળીને કોઈ પણ શિક્ષક ધૂંઆફૂંઆ થયા વિના રહે નહીં. જેકના શિક્ષક પણ ગુસ્સે થયા પરંતુ જેકને સજા સરસ આપી. શિક્ષકે સજામાં પોતાનું શિક્ષકત્વ પુરવાર કરતાં કહ્યું, 'હવેથી તારે પ્રાર્થના ગાવાને બદલે પ્રાર્થના સાંભળીને લખવાની. પ્રાર્થનાનું શ્રુતલેખન કરવાનું.' જેકને શિક્ષકની વાત ગમી ગઈ. જેક લંડન કહે છે ત્યારથી ઝડપી લખવાની મને એવી સરસ પ્રેક્ટિસ થઈ ગઈ કે હું રોજ સવારે એક હજાર શબ્દ તો જરૂર લખી જ નાખું. આને ઈંટનો જવાબ પથ્થરને બદલે પરફ્યુમથી આપ્યો કહેવાય.

શિક્ષકે સમસ્યાથી ભાગવાનું ન હોય પણ સમસ્યા સામે લડવાનું હોય. ક્લાસમાં કૃષ્ણની જેમ અર્જુનનું ઘડતર કરનાર શિક્ષક તો 'કૃષ્ણાત્મા' કહેવાય. પ્રત્યેક શિક્ષકનો એક જ જીવનમંત્ર હોવો જોઈએઃ ન દૈન્યમ ન પલાયનમ. અર્થાત કોઈ દીનતા નહીં ચાહીએ, ચુનૌતિયો સે ભાગના નહીં, બલ્કી ઝૂઝના જરૂરી હૈ. શિક્ષકે બાળકનું ચિત્ર દોરતા પહેલાં ખુદના ચરિત્રને વાંચવું પડે. વિદ્યાર્થીના ભાવજગતનું આલેખન કરતાં પહેલાં ખુદનું ઉત્ખનન કરવું પડે. કેટલાક સાક્ષર શિક્ષકો જીવનભર બાળ સંવેદનાનું વાંચન કરી શકતા

નથી. શાળા છૂટતી વેળાએ કોઈ બાળક રડતું હોય તો રડતા બાળક પર કવિતા લખવાની ન હોય, કોઈ બાળકને નિશાળમાં પગ મૂકતાવેંત પોતાનું સર્વસ્વ લૂંટાઈ ગયાની અનુભૂતિ થવા લાગે ત્યારે બાળકની અનુભૂતિ પર નિબંધ લખવાનો ન હોય. શાળામાં વલખાં મારતા બાળક પર નવલકથા લખવાની ન હોય અને વર્ગખંડમાં ભાગ્યે જ હોંકારો આપતા બાળક પર હાઈકુ લખવાનું ન હોય. શિક્ષકે જિંદગીભર એક જ કામ કરવાનું છે, વિદ્યાર્થીના મૌનને શબ્દનો દેહ આપવાનો છે. શિક્ષકે શાળામાં સમસ્યાનું નહીં પણ સમસ્યાના ઉકેલનું આલેખન કરવાનું છે. બાળકના મસ્તકમાં માળો બાંધ્યા પછી પુસ્તક લખનાર શિક્ષકના આલેખનમાં ન દૈન્યં ન પલાયનમનો ભાવ વર્તાતો હોય છે.

જિંદગીમાં પહેલીવાર વર્ગખંડમાં પગ મૂકનાર માસુમ બાળક ક્લાસના કણેકણને બારેમાસ મધુર સ્મિત આપવાનો વાયદો કરી બેસે ત્યારે શિક્ષકે સ્મિતની વસંત બનીને ક્લાસની ચેતના જીવંત રાખવી પડે. શિક્ષક માટે સ્મિતથી મોટું કોઈ હથિયાર નથી. જે વ્યક્તિ પોતાના બાળકોને વારસામાં હળવું સ્મિત ન આપી શકે તે વ્યક્તિ ભક્ષક હોઈ શકે શિક્ષક નહીં. શાળામાં વિચારવંત શિક્ષકનો તાસ આરંભ થાય ત્યારે ભીતર ભરેલા અવગુણોને ઓગળવાનો વખત આવતો હોય છે. કેટલાક તાસ બાળકના એકાંતને કલાત્મક બનાવતા હોય છે, બાળકની એકલતામાં લતામંડપ ઊભો કરનાર શિક્ષક ક્યારેય નિઃસંતાન હોઈ શકે નહીં,

માણસ શિક્ષક બને એના કરતાં શિક્ષક માણસ બને તો કેવું સારું! પમરાટ પુષ્પ ફેલાવી શકે, પથ્થર નહીં.પુષ્પ જેવા શિક્ષક્ને પથ્થર બનાવવા આતુર રહેતા શિક્ષકોનાં એજન્ડામાં અંધારા માટે અનામતની વ્યવસ્થા હોય છે. અંધકારને અનામત મળે ત્યારે એજ્યુકેશનને અનશન પર બેસવાની નોબત પડે. કેટલાક શિક્ષકો વર્ગખંડમાં પુષ્પની જેમ ઊઘડતા હોય છે, કેટલાક શિક્ષકો પરપોટાની જેમ ફૂટતા હોય છે. અને કેટલાક શિક્ષકો પ્રભાતના પેલા પ્રહરમાં જ આથમી જતાં હોય છે. કેટલાક શિક્ષકો નિવૃત્ત થાય તેમાં જ સૌથી મોટી સમાજસેવા રહેલી હોય છે.

શિક્ષકનું વ્યક્તિત્વ તો શાળાની સંપત્તિ કહેવાય છે, ઉત્તમ શિક્ષક નિવૃત્ત થાય કે બદલી કરે ત્યારે શાળાની સંપત્તિમાં ઘટાડો થાય છે. એક સાચો શિક્ષક નિવૃત્ત થાય ત્યારે ચોપડીમાં પુરાયેલા કવિઓ અને ગણિતશાસ્ત્રીઓને પણ ડૂમો આવી જતો હોય છે. કવિ કે લેખક તો સર્જન કરીને નવું સર્જન કરવા ખોવાઈ જતા હોય છે, પણ રસિક વાચક જેવા શિક્ષક જૂના સર્જનને સતત વહેતું રાખીને જીવંત રાખતા હોય છે. આવા શિક્ષક નિવૃત્ત થાય ત્યારે બીજે જ દિવસે ગઝલ કે પઝલના શેરબજારમાં ગાબડું પડતું હોય છે. બાબુ મોશાય, માત્ર શકુંતલાની નહીં, શિક્ષકની વિદાય વખતે પણ વૃક્ષો રડતાં હોય છે!

(મો.૯૮૨૫૯૯૬૫૩૯)

**શ્રેષ્ઠ જીવન**

એક ભકતે સદ્‌ગુરુને પૂછયુઃ 'ગુરુજી, માનવજીવનને અલંકૃત કોણ કરી શકે ?'

સદ્‌ગુરુએ કહ્યુંઃ 'પવિત્ર હૃદય અને જીભ.'

ભકતઃ'ગુરુજી, એ કેવી રીતે શકય બને ?'

ગુરુજીઃ 'માણસ શ્રેષ્ઠ જીવનાચરણ અને મધુર સંભાષણ કરે તો એ જીવન કૃતાર્થ થઈ જાય, સાત્ત્વિક હૃદય અને જીભનો ખરો ઉપયોગ કરવો જોઈએ. જો જીભ કટુ વચન કહે અને હૃદય મેલું હોય તો જીવન નરક બને છે. બંને સ્થિતિ અહીં જ નિર્માણ થતી હોય છે.'

**કાલિન્દી પરીખ**

બાળકેળવણી કે બાળઉછેર એ અત્યંત ધીરજ માગી લે તેવું કામ છે. માતા-પિતા બનવું એ ઈશ્વરે તમારામાં મૂકેલો વિશ્વાસ છે. પરંતુ ઘણું કરીને ખોટી માન્યતાઓ અને દેખાદેખીના કારણે આ વિશ્વાસ તૂટતો જોવા મળે છે. માતા-પિતાએ માત્ર બાયોલોજિકલ પેરેન્ટ્સ જ નથી બની રહેવાનું. તેમણે પૂરી સંવેદના અને નૈતિકમૂલ્યો સાથે ચોક્કસ દિશા અને અભિગમ સાથે બાળકનો ઉછેર કરવાનો છે. બાળકના માત્ર શાળાકીય શિક્ષણ પ્રત્યે જ નહીં પરંતુ તેના ચારિત્ર્ય અને સંસ્કારોના સંવર્ધન બાબતે પણ જાગૃત રહેવાનું છે. બાળપણને સદ્‌ગુણોનું ધરુવાડિયું અમસ્તું જ નથી કહેવાયું. કુમળા છોડને જેમ વાળો તેમ વળે છે, તે જ રીતે બાળકને જેવી કેળવણી આપવામાં આવે તેવું તેના વ્યક્તિત્વનું ઘડતર થાય છે. જે મહાન છે તે જન્મથી જ બાળકો હોય છે. મૃત્યુ પામે છે ત્યારે તે જગતને પોતાનું મહાન બાળપણ અર્પણ કરતો જાય છે.

દરેક બાળકને જન્મસિદ્ધ હક્ક છે કે એને હેત મળે, પ્રેમ મળે, યોગ્ય રીતે સમજવામાં આવે, પૂરતું પોષણ અને તબીબી સંભાળ મળે, એને વિનામૂલ્યે શિક્ષણ પ્રાપ્ત થાય, રમતગમતની મોકળી તક મળે, પોતાની અસ્મિતા અને રાષ્ટ્રીયતા સાંપડે. જો અપંગ હોય તો ખાસ કાળજી લેવાય. આપત્તિમાં રાહત અપાય, એમાં એને પણ અગ્રતા મળે. સમાજને ઉપયોગી થતાં શીખે અને પોતાની શક્તિઓ વિકસાવી શકે, શાંતિ અને વિશ્વબંધુત્વની ભાવના વચ્ચે એ ઉછેરાય તથા જાતિ-રંગ-જાતીયતા-ધર્મ-દેશ કે સમાજના કોઈ પણ ભેદભાવ વિના પોતાના આ સર્વ હક્ક એ ભોગવે. (સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાઃ૨૦, નવે.૧૯૫૮માં સ્વીકૃત અને ઘોષિત)

બાળક એ ચેતનાનો ફુવારો છે. ચેતનાના એ ફુવારાને દબાવી દેવાથી લાભ નહિ પણ નુકસાન જ થાય છે. એને યોગ્ય દિશામાં વાળવામાં આવે તો એમાંથી એક મોટી શક્તિ પેદા થાય છે. એ ચેતનાના ફુવારાને યોગ્ય વળાંક આપવાનું કામ માતા-પિતા અને શિક્ષકનું છે. સંતાનોને ઉત્સાહ, હિંમત અને આત્મવિશ્વાસ આપવા જેવો ઉત્તમ ખજાનો બીજો કોઈ નથી. બાળકને સુવિધા કે સવલતો આપવાની ના નથી પરંતુ તેમાં પ્રમાણભાન જાળવવું પણ એટલું જ જરૂરી છે. જેમ નાના છોડને ન ઓછું પાણી કે ન વધુ પાણી પીવડાવવું જોઈએ, ન તો વધુ પડતું ખાતર આપવું જોઈએ, તેના પર વધુ તડકો ન પડે તેનું ધ્યાન રાખી યોગ્ય છાંયાવાળી જગ્યાએ રાખવો જોઈએ જેથી છોડ ન તો મુરઝાઈ કે ન મરી જાય. બાળકની પણ આ પ્રમાણે જ કાળજીભરી માવજત કરવાની હોય છે.

બાળકો સતત પ્રેમ-હૂંફ અને લાગણી ઈચ્છે છે પણ વધુ પડતો પ્રેમ ક્યારેક એમના વિકાસને રૂંધે છે.

વધુ પડતી સગવડતા સાથે ઉછેર કરતાં દરેક પરિસ્થિતિમાં જીવતા શીખવવાથી તે મજબૂત અને આત્મનિર્ભર બનશે. આ માટે બાળકને ઘરના નાના-નાના કામમાં અચૂક જોડો. દાદાજીને છાપું આપવું, દાદીમાને તેમનાં ચશ્માં શોધી આપવાં, લાકડી આપવી, ખાલી થઈ ગયેલી નાસ્તાની પ્લેટ રસોડામાં મૂકી આવવી વગેરે. તેનું કામ તેને જાતે જ કરવા દો. તેનું દફતર, પાણીની બોટલ ભરવી, યુનિફોર્મ, બૂટ કે અન્ય વસ્તુઓ તેની યોગ્ય જગ્યાએ મૂકવી. જરાક શરદી થઈ હોય કે નાની અમથી ચોટ આવી હોય તો પોતે ગભરાઈ જઈ બાળકને પણ ગભરાવી ન મૂકવું. તેના દેહ પર આઘાતો ઝીલવા દો. તેના કોમળ શરીરને થોડો તડકો ખાવા દો, તેને થોડી ઠંડીથી ઠુંઠવાઈ

જવા દો. તેના અંગે અંગ પર વરસાદના ફોરાંઓ પડવા દો.

એમને ખૂબ રમવા દો. રમત વડે જ એના જીવનમાં હાર-જીત, સરળતા, નિખાલસતા, ચપળતા, એકાગ્રતા, મિલનસારપણું જેવા ગુણો ખીલશે. એમને કોઈ વાતથી ડરાવી, એમની સાહસવૃત્તિને તોડશો નહિ. બાળકને ઉચિત પરાક્રમો કરવા દઈ એમનામાં શૌર્યને વિકસવા દો.

બાળકમાં પણ આગવી દ્રષ્ટિ હોય છે, તે જોવાની અને પરખવાની દ્રષ્ટિ માતા- પિતા અને શિક્ષક પાસે હોવી ખૂબ જ જરૂરી છે. કેમકે બાળકની નજરે પણ ક્યારેક આ વિશ્વને જોવું જોઈએ. એમના વિસ્મયના વૈભવને લૂંટી કે છીનવી ન લેતાં વધુ સમૃદ્ધ કરવા પ્રયત્નશીલ બનવું તે જ ખરી બાળકેળવણી છે. સાવ સામાન્ય લાગતો બાળક કે વિદ્યાર્થી યોગ્ય ઘડતરથી અતિ તેજસ્વી બની શકે છે. જરૂર છે તેમનામાં અખૂટ શ્રધ્ધા રાખવાની. દરેક બાળક અનકટ ડાયમન્ડ જ છે. વાલી અને શિક્ષકે તેને તરાશવાનો છે. વાલીએ તેની શાળાની તમામ પ્રવૃત્તિઓથી વાકેફ રહી તેને સતત પ્રોત્સાહન આપવાનું છે. શિક્ષકે તેનામાં રહેલી પ્રતિભાને બહાર લાવવાની છે. એમની શીખવાની શક્તિ ઘણી જ તીવ્ર હોય છે. એમનામાં જ્ઞાનની વૃદ્ધિ થાય તે હેતુથી શીખવો નહિ કે પરીક્ષાલક્ષી. તેમનામાં સ્પર્ધા, ઈર્ષ્યા કે ભયના નકારાત્મક ભાવોને નહિ પણ તેમનામાં રહેલી દિવ્યતાને બહાર લાવવા સતત મથતાં રહેવું તે જ સાચી બાળકેળવણી છે.

બાળક એ કુદરતે માણસને બક્ષેલું અણમોલ રતન છે. માણસની કેટલીય ભાવનાઓ બાળક દ્વારા પૂર્ણતાએ પહોંચે છે. માનવીય ગુણોના વિકાસનું સૌથી મહાન અને સૌથી પ્રથમ સાધન બાળક જ છે. બાળકને કેળવણી આપવાની સાથે સાથે આપણે સ્વયં પણ કેળવાતાં હોઈએ છીએ. સામાન્ય રીતે એમ કહેવાતું હોય છે કે, 'You cannot make your children good by making them happy, but you can make them happy by making them good'.પરંતુ આ અધૂરી કેળવણી છે. જે કેળવણી બાળકને હસતો રાખી વિદ્યા અને વિનય આપે છે ત્યાં પરીઓ જન્મે છે.

(મો.૯૪૨૯૧૩૯૧૪૫)

**જન્મદિવસે સંદેશ**

મહાત્મા ગાંધીનો જન્મદિવસ હતો તેથી કસ્તૂરબાએ શુકનરૂપ ઘીનો દીવો કર્યો એ જોઈ ગાંધીજી બોલ્યાઃ 'આ ઘીનો દીવો કોણે કર્યો?'

કસ્તુરબાઃ 'મેં કર્યો છે.'

ગાંધીઃ 'એ ઘીના દીવાની શું જરૂર પડી ? '

કસ્તુરબાઃ 'એ દીવાના પ્રકાશમાં અમે તમારા માટે પ્રાર્થના કરીશું.'

બાનો જવાબ સાંભળી ગાંધીજીના ચહેરા ઉપર ઉદાસી છવાઈ ગઈ એટલે બા : 'મારાથી કાંઈ ભૂલ થઈ ગઈ?'

ગાંધીઃ 'હા તારી ભૂલ થઈ છે. તમારે આ ઘીનો દીવો કરવાની જરૂર ના હતી.'

કસ્તુરબાઃ 'પણ એ તો શુભેચ્છા આપવા માટે.'

ગાંધી નારાજ થઈ : 'કોઈ બીજા માણસે ઘીનો દીવો કર્યો હોત તો મને ખાસ દુઃખ ના થાત, પણ મારી સાથે વર્ષોથી રહેવા છતાં તમે આમ કેમ કર્યુ ? '

કસ્તુરબાઃ 'મને તમારી વાત સમજાઈ નહીં.'

ગાંધીઃ 'મારો જન્મદિવસ હોય તેથી શું ?

મારા ભારતના કરોડો માણસોને જે ચીજ ખાવા ન મળી શકતી હોય એનો દીવો કરી બાળવાની શું જરૂર છે ?'

ગાંધીનો ધબકાર

## ગાંધીજી, વિનોબાજી અને સર્વોદય

મહાત્મા ગાંધીને દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગથી નાતાલ સુધીની ટ્રેનની મુસાફરી દરમ્યાન એમના મિત્ર હેનરી પોલાકે એક પુસ્તક આપ્યું, 'મુસાફરીમાં આ પુસ્તક વાંચવું ગમશે.' એ હતું રસ્કિનનું 'અનટુ ધીસ લાસ્ટ'. ગાંધીજી એને હાથમાં લીધા પછી છોડી ન શક્યા. આ પુસ્તકની એમના પર એવી ઊંડી અસર થઈ કે એમનું જીવન બદલાઈ ગયું.

ગાંધીજીએ 'અનટુ ધીસ લાસ્ટ' ૧૯૦૪માં વાંચ્યું અને ૧૯૦૮માં તેમણે તેનો ભાવાનુવાદ 'સર્વોદય' નામની નાની પુસ્તિકામાં પ્રગટ કર્યો. પુસ્તકવાચનથી લઈને પોતાના અંતિમ શ્વાસ સુધી ગાંધીજીએ દેશ આખાને સર્વોદયમય બનાવવા કામ કર્યું. તેમના અવસાન બાદ તેમની સર્વોદય-વિચારધારાનો તંતુ વિનોબાએ આગળ ધપાવ્યો. સપ્ટેમ્બર મહિનામાં આવતી વિનોબાની જન્મજયંતી નિમિત્તે વાત કરીએ ગાંધીજી, વિનોબા અને સર્વોદયની.

ગાંધીજીની હત્યા બાદ માર્ચ ૧૯૪૮માં દેશના અગ્રણી ગાંધીજનોનું સંમેલન સેવાગ્રામમાં મળ્યું. ટોચના નેતાઓ પણ હાજર હતા. ગાંધીજીના કામને આગળ કેમ ધપાવવું તેની વિચારણા કરવાની હતી. વિનોબાએ આ સંમેલનમાં સક્રિય ભાગ ભજવ્યો. વિનોબા ગાંધીજી પાસે ૧૯૧૬માં આવ્યા. સતત ૩૨ વર્ષ વ્યક્તિગત સાધના સાથે ગાંધીજીનાં વિવિધ રચનાત્મક કામો, સમગ્રનું ચિંતન, સ્વરાજ્ય આંદોલન, જેલવાસ આ બધું ચાલતું રહ્યું. ગાંધીજીની હત્યા થયા બાદ વિનોબા વિચારવા લાગ્યા કે હવે મારું કર્તવ્ય શું? સેવાગ્રામમાં મળેલાં સંમેલનમાં વિનોબાએ સૂચન કર્યું કે ગાંધીજીના બૃહદ પરિવારને 'સર્વોદય સમાજ' નામ આપવું. સૌએ આ સ્વીકાર્યું, પણ અમતુસ્સલામ કહે, 'સર્વોદય શબ્દ ગામડાના લોકો નહીં સમજી શકે, તો?' વિનોબાએ જવાબ આપ્યો, 'પ્રત્યક્ષ કૃતિથી તે સહેલો બની જશે.'

વિનોબાએ સર્વોદયનો બહુ જ સરળ અને સ્પષ્ટ અર્થ પણ બતાવ્યો, 'સર્વોદય એટલે દરેક જણ બીજાની ફિકર રાખે સાથે જ પોતાની ફિકર એવી ન રાખે કે જેનાથી બીજાને તકલીફ થાય. બસ આટલી જ વાત છે. કુટુંબમાં તો આ કરીએ જ છીએ. હવે સમાજમાં પણ કરીશું.' આખા સમાજને સર્વોદયલક્ષી બનાવવા કોઈ પ્રત્યક્ષ કાર્યક્રમ જોઈએ. આની ખોજ કરતાં કરતાં આંધ્રપ્રદેશના પોચમપલ્લીમાં વિનોબાને ભૂદાન પ્રવૃત્તિ મળી આવી.

આને ઈશ્વરનો સંકેત સમજી વિનોબા નીકળી પડ્યા. એમનો રસ્તો કતલનો કે કાયદાનો નહીં, કરુણાનો હતો. પવનારથી પદયાત્રા આરંભાઈ. ગામેગામ ગાંધીની વાત ફેલાવતા જાય અને જમીન માગતા જાય. 'હવા, પાણી અને પ્રકાશની જેમ ભૂમિ પણ માણસમાત્રનો અધિકાર છે અને તે તેને મળવી જોઈએ. તમારે પાંચ દીકરા હોય તો મને છઠ્ઠો માની છઠ્ઠા ભાગની જમીન દાનમાં આપો.' દિલ્હી પહોંચતા સુધીમાં ૧૮,૦૦૦ એકર જમીન મળી અને વહેંચાઈ.

જોકે વિનોબા નીકળ્યા તો હતા સમાજને સર્વોદયનો અને ગાંધીના ગ્રામસ્વરાજનો રંગ ચડાવવા. 'ભૂદાનમાં લાખો એકર જમીન મળી, એથી હું ભૂદાનને સફળ માનવા તૈયાર નથી. જો એવો અનુભવ થાય કે ભૂદાનના પરિણામે લોકોના હૃદયમાં અહિંસા પ્રત્યે વિશ્વાસ બેઠો, તો હું તેને સફળ માનીશ. તમે જમીન દાનમાં આપી, પણ સામેથી લીધું શું? જો તમે સર્વોદયનો વિચાર સમજ્યા અને એને અપનાવ્યો તો જ હું ભૂદાનને સફળ માનીશ.'

લોકમાનસમાં સર્વોદયની ફિલસૂફીનો મર્મ ઊતરે તે માટે તેઓ કહેતા, ''વાણીનો ઉપયોગ એકતા સ્થાપવામાં,

એકબીજાના દિલ જોડવામાં કરાય એનું નામ ભૂદાનયજ્ઞ. હાથનો ઉપયોગ પરિશ્રમમાં, પડોશીને મદદ કરવામાં, ગામની ભલાઈમાં કરાય એનું નામ ભૂદાનયજ્ઞ. કાનનો ઉપયોગ સર્વના હિતની વાત સાંભળવામાં, ગામના કલ્યાણની ચર્ચા કરવામાં કરાય એનું નામ ભૂદાનયજ્ઞ. ગામને ગંદુ નહીં, સ્વચ્છ રાખવું, ગામમાં સૌને લખતાં-વાંચતાં શીખવવું, ગામના ઝઘડાનો નિકાલ ગામમાં જ કરવો, ગામને પોતાનું કુટુંબ સમજીને બધું સમર્પણ કરવું એનું નામ ભૂદાનયજ્ઞ.''

તેથી જ જયપ્રકાશજી કહેતા, ''વિનોબા જે કરવા માગે છે તે ભૂમિક્રાંતિ નહીં, હૃદયક્રાંતિ છે. વિનોબાનું આંદોલન માત્ર જમીનની વહેંચણી કરવાનું ન હતું, એ તો દેશના નવનિર્માણનું, સમાજના નવસંસ્કરણનું આંદોલન હતું. ગાંધી સર્વોદયનો જે મંત્ર આપી ગયા હતા, તેનો આ સર્જનાત્મક આવિષ્કાર હતો.''

કાકા કાલેલકરે સર્વોદય માટે કહ્યું હતું, ''ભવિષ્ય માટે સમાજરચના નવેસરથી કરવી પડશે. એવો સમાજ જે ધર્મભેદ અને જ્ઞાતિભેદને મહત્ત્વ ન આપે. લોકોમાં રાષ્ટ્રપ્રેમ, શિક્ષણપ્રેમ, માનવપ્રેમ હોય, ગામડાઓને સારા રસ્તા, સ્વચ્છતા અને આરોગ્ય માટે તમામ પ્રકારની મદદ મળે, ગામોનો વિકાસ એ રીતે થાય કે શહેર અને ગામમાં કોઈ તફાવત ન રહે, આગેવાનો સેવાભાવી અને લોકો સંસ્કારી હોય, ગ્રામોદ્યોગ ખીલે અને સાચા સ્વ-રાજ્યનું વાતાવરણ સર્વોદય દ્વારા તમામ લોકોમાં ફેલાયું હોય...''

સર્વોદય સમાજના મુખ્ય આધારો છે અહિંસા, વિવેકપૂર્ણ સમાનતા, શરીરશ્રમ, અપરિગ્રહ, સાદાઈ, વિકેન્દ્રીકરણ, સ્વાવલંબન, કુટિર-ઉદ્યોગોને પ્રાધાન્ય અને સહયોગ. દરેક વ્યક્તિ સંપત્તિના માલિક તરીકે નહીં, પણ ટ્રસ્ટી તરીકે વર્તે અને લોકહિત માટે એનો ઉપયોગ કરે.

અઢારમી એપ્રિલે પ્રથમ ૧૦૦ એકર જમીન ગરીબોમાં વહેંચવા દાનમાં મળી અને બીજા દિવસથી ભૂદાનયજ્ઞ આંદોલન માટે વિનોબાની પદયાત્રા શરૂ થઈ, જે સતત ૧૪ વર્ષ ચાલી. તેને પરિણામે ૫૦ લાખ એકર જમીન ભૂદાનમાં મળી. તેમાંની ૩૨ લાખ એકર જમીનનું ગરીબોમાં વિતરણ થયું. પૃથ્વીની બે વખત પ્રદક્ષિણા થઈ શકે એટલી લાંબી વિનોબાની એ પદયાત્રા થઈ. તે દરમિયાન ગાંધીવિચારનો એક સુવ્યવસ્થિત પિંડ બંધાયો. ચંબલના બહારવટિયાઓનું હૃદય-પરિવર્તન થયું. ભૂદાનમાંથી ગ્રામદાન, જીવનદાન, સંપત્તિદાન, સર્વોદય-પાત્ર, શાંતિસેના વગેરે કાર્યક્રમો અસ્તિત્વમાં આવ્યા. ગ્રામદાનથી સુલભ ગ્રામદાન તરફ વળવાની પ્રક્રિયાને વિનોબાએ સૌમ્ય સત્યાગ્રહ ગણાવ્યો. એને સૌમ્યતર અને સૌમ્યતમ સ્વરૂપે પ્રયોજવાની વાત કરતાં વિનોબાએ કહ્યું કે ''આ પ્રજાસૂય યજ્ઞ છે. સૌએ તેમાં સામેલ થઈને જમીન, ધન, બુદ્ધિ અને શ્રમશક્તિમાંથી જેની પાસે જે કાંઈ હોય તેનો થોડો હિસ્સો આપવો. આનાથી જનશક્તિ, સજ્જનશક્તિ, વિદ્વજ્જનશક્તિ, મહાજનશક્તિ અને શાસનશક્તિ — એ પાંચેય શક્તિઓના સહયોગ દ્વારા દંડશક્તિથી ભિન્ન અને હિંસાશક્તિની વિરોધી એવી ત્રીજી લોકશક્તિ ખડી થશે.'' આ હતો એમનો સર્વોદય.

નવેમ્બર ૧૯૮૨માં વિનોબાને હૃદયરોગનો હુમલો થયો. તે જ દિવસથી વિનોબાએ દવા, પાણી, આહાર લેવાનું બંધ કર્યું અને અગિયાર દિવસ બાદ સહજ પ્રાણત્યાગ કર્યો. ભારત સરકારે તેમને મરણોપરાંત ભારતરત્નના ખિતાબથી નવાજ્યા છે.

ગાંધીભારતી - આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, લોકભારતી
સંપર્કઃ ૯૯૭૯૧ ૮૭૫૮૭, ૯૮૩૩૭૦૮૪૯૪, ૮૩૬૯૭૭૭૦૮૬
email: appliedgandhi150@gmail.com

## ૧૧. સંસ્થા સમાચાર (ઓગસ્ટ, ૨૦૨૩)

**સંકલન : પ્રશાંત મહેતા**

### લોકભારતી સમાચાર

- તા.૧ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરના પૂર્વ વિદ્યાર્થી અને હાલ ભદ્રાવળ પ્રાથમિકશાળાના શિક્ષક શ્રી અરજણભાઈ ડાંગરે ચિત્રના પાયાના ખ્યાલો વિષે વાત કરી.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૧ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૮ના સમાપન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ શુભેચ્છા પ્રવચન, પ્રમાણપત્ર અને પુસ્તક આપ્યાં.
- તા.૩ના રોજ અધ્યાપનમંદિરનો અમૃતમહોત્સવ પૂર્ણ થતા શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી અર્ચનાબેન દવે, શ્રી જયવંતસિંહ ગોહિલ, શ્રી ગિરિશભાઈ દવે અને શ્રી દિનુભાઈ ચુડાસમાએ શુભેચ્છાઓ પાઠવી. શ્રી જગદીશગિરિ ગોસાઈએ અધ્યાપનનો ઈતિહાસ અને અધ્યાપનમંદિરના ૭૫ વર્ષની ઝાંખી રજૂ કરી. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવાયો.
- કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન યોજાએલ કુલ ૯ જેટલી તાલીમોમાં કુલ ૨૭૯ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૧૬થી ૨૨ દરમિયાન ૨૧૦ જેટલા તાલીમાર્થીઓ 'ગાજર ઘાસ જાગૃતિ સપ્તાહ' માટેના કાર્યક્રમો શ્રી સરોજબહેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યા.
- તા.૦૫ના રોજ અધ્યાપનમંદિરમાં નવા મંત્રીમંડળની રચના કરવામાં આવી.
- તા.૦૭ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરનો 'ખજાનાની શોધ' કાર્યક્રમ યોજાયો.
- તા. ૮ થી ૧૦ ના સમયગાળા દરમ્યાન લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની સંસ્થા અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમા ટી.વાય.બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્થાના પાયાના મૂલ્યો વિશે તૈયારી કરી રસપ્રદ અને અસરકારક રજૂઆત કરી. આ કાર્યક્રમમાં સૌ અધ્યાપક ગણ પણ જે તે ટુકડી મુજબ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા. આ શિબિરનું ઉદઘાટન શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને સમાપન શ્રી અરુણભાઈ દવેએ કર્યું. સમગ્ર શિબિરનું આયોજન અને સંકલન શ્રી હસમુખભાઈ સુથાર દ્વારા કરવામાં આવ્યું.
- શ્રી શીલાબહેન બોરીચા તા.૭થી ૧૧ 'પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી' વિષય પર લુધિયાણા, પંજાબ ખાતે પાંચ દિવસ તાલીમમાં ભાગ લઈ આવ્યા.
- કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન અલગ અલગ ગામોની અંદર ૧૨૫ જેટલા ખેડૂતોને કપાસ, મગફળી અને તુવેરના પાકમાં અગ્રહરોળ નિદર્શન આપવામાં આવ્યા.
- તા.૦૯ના રોજ ગ્રામપંચાયત-સણોસરા અને જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા 'મારો દેશ, મારી માટી' કાર્યક્રમ ગામની પ્રાથમિકશાળામાં પ્રાંત અધિકારીશ્રી-સિહોર તથા અન્ય આગેવાનો/ અધિકારીશ્રીઓની હાજરીમાં યોજાઈ ગયો, લોકભારતીના પ્રતિનિધિ તરીકે શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા હાજરી આપવા જઈ આવ્યા.

- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૦ના રોજ ગ્રામપંચાયત મંત્રી મહિલા ઓપવર્ગ – ૨૪૯ નો વર્ગ પ્રારંભે શ્રી રામચંદ્રભાઈ પંચોળી ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મુક્યો
- તા.૧૧મીના રોજ મણાર મુકામે યોજાયેલ પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં લોકભારતીના કાર્યકરો જઈ આવ્યા.
- તા.૧૨ના રોજ ફિનાર ફાઉન્ડેશન દ્વારા પ્રોત્સાહિત અમદાવાદની આજુબાજુની કસ્તુરબા વિદ્યાલયની બાળાઓનો લોકભારતી પરિચય પ્રવાસ આવી ગયો.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૪ના શ્રી પ્રવીણભાઈ ઠક્કર, શ્રી દિનુભાઈ ચુડાસમા, તા.૧૯ના રોજ શ્રી મુકેશભાઈ પંડિત તા.૨૧ના રોજ સણોસરા પી.એચ.સી. સેન્ટરમાંથી શ્રી મિતેશભાઈ અને શ્રી મહેશભાઈ પઢારીયા, તાલીમાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપી ગયા.
- તા.૧૪થી ૧૯ના રોજ અધ્યાપનમંદિરમાં અભિમુખતા શિબિર થઈ. દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ સમૂહજીવન, સહશિક્ષણ, ખાદી અને ગ્રામોદ્યોગ, નઈ તાલીમ શિક્ષણપ્રણાલી અન્વયે સંચાલન કરવા ઉપરાંત સાબુ, અગરબત્તી, મીણબત્તી, ઊભા સાવરણા બનાવવા જેવી વિવિધ પ્રવૃત્તિઓનું નિદર્શન કર્યું.
- સ્વાતંત્ર્યદિન નિમિત્તે શ્રી પ્રવીણભાઈ ઠક્કરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. સારસ્વત ભવનમાં બે વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુરૂપ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ સૌને સ્વાતંત્ર્ય દિવસના શપથ લેવરાવ્યા અને શ્રી પ્રવીણભાઈ ઠક્કરે પ્રસંગને અનુરૂપ રસપૂર્ણ પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું. સમગ્ર કાર્યક્રમનું આભારદર્શન શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ કર્યું.
- તા.૧૫મીના રોજ લોકભારતી કાર્યકર ક્રેડિટ કૉઓપરેટીવ સોસાયટીની સાધારણસભા શ્રી ધીરુભાઈ રાઠોડના પ્રમુખસ્થાને મળી ગઈ.
- તા.૧૬થી લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષ અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓની વિશિષ્ટ મૂલ્યાંકન પરીક્ષાઓ યોજાઈ ગઈ.
- તા.૧૯ના રોજ અધ્યાપનમંદિરમાં અલિયાબાડા અધ્યાપનમંદિરના નિવૃત્ત આચાર્ય શ્રી દિલીપભાઈ વ્યાસ અને જી.ડી.શાહ વિદ્યાલય, જામનગરના ડાયરેક્ટર શ્રી રીટાબહેન સુબ્રમણ્યમે શાળાના સ્ટાફ સાથે આવીને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો.
- તા.૨૨ના રોજ લોકભારતીના સમગ્ર કાર્યકરોની એક બેઠક રાખવામાં આવી, જેમાં આગામી ‘દર્શક’ વ્યાખ્યાનમાળા અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ અંગેની વિવિધ જવાબદારીઓની વહેંચણી કરવામાં આવી. લોકભારતી અંગેની કેટલીક જરૂરી વિગતો શ્રી અરુણભાઈ દવેએ વિગતે રજૂ કરી.
- તા.૨૨ના રોજ અધ્યાપનમંદિરમાં સાબરમતી આશ્રમ અમદાવાદથી આવેલ પ્રતિભાબહેન અને તેમના સાથી મિત્રોએ ગોષ્ઠી કરી.
- તા.૨૩ના રોજ અધ્યાપનમંદિરમાં હિરોશીમા-નાગાસાકીની કરુણઘટના સંદર્ભે પાંચ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સરસ પ્રેઝેન્ટેશન કરીને પોતાનો સ્વાધ્યાય રજૂ કર્યો.
- શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી ધીરુભાઈ રાઠોડ સાથે લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના કૃષિ જૂથના વિદ્યાર્થીઓ તા.૨૩ના રોજ એક દિવસના શૈક્ષણિક પ્રવાસમાં જઈ આવ્યા.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૩ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ– ૨૪૯ ના સમાપન કાર્યક્રમમાં શ્રી કાંતિભાઈ ગોઠીએ શુભેચ્છા

પ્રવચન, પ્રમાણપત્ર તેમજ પુસ્તક આપેલ

- પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ અંગે બહુ પ્રોત્સાહન આપનારાં અને 'દર્શક'ના પ્રસંશક મા.શ્રી રજનીબહેન ગાંધી તા.૨૩ના રોજ લોકભારતીની ટૂંકી મુલાકાતે આવી ગયાં.
- તા.૨૩ના રોજ ભારતના ISRO દ્વારા ચંદ્રયાન-૦૩ મોકલવામાં આવેલ તે સાંજે ચંદ્રની ધરતી પર લેન્ડિંગ થયાની ઘટનાનો સારસ્વત ભવનમાં જીવંત પ્રસારણનો ઉપક્રમ ગોઠવવામાં આવ્યો હતો. પ્રસારણને સમગ્ર લોકભારતી પરિવારે માણ્યું.
- તા.૨૪ના રોજ અધ્યાપનમંદિરમાં શ્રી અરુણભાઈ દવેએ અધ્યાપમંદિરના અમૃતમહોત્સવના ઓવારણા પ્રસંગે અભિમુખતા શિબિર અને હિરોશીમા પશ્ચાતાપ દિવસ વિશે પ્રાસંગિક વાત કરી.
- લોકભારતીના દાતા એવી પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ-મુંબઈના દસેક ચિફ એક્ઝીક્યૂટીવ્ઝની એક ટીમ શ્રી સ્મિતાબહેન દલવીના નેતૃત્વ તળે તા.૨૩ અને ૨૪મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ.
- તા.૨૫ની સાયંપ્રાર્થનાના અનુસંધાને શ્રી સોનલબહેન પરીખે 'દર્શક'ની મહાન કૃતિ 'ઝેર તો પીધાં છે જાણી જાણી' અંગે રસપૂર્ણ રજૂઆત કરી.
- મોટા આસરાણા મુકામે યોજાયેલ 'સમન્વય શિક્ષણગોષ્ઠિ'માં વક્તવ્ય આપવા શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી તા.૨૬ના રોજ જઈ આવ્યા.
- તા.૨૯મીના પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળાનો વીશમો મણકો અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ સારસ્વત ભવનમાં યોજાઈ ગયો. શ્રી અરુણભાઈ દવેએ મહેમાનોને આવકાર અને કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી, વક્તાશ્રીનો પરિચય શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ આપ્યો અને વ્યાખ્યાનમાળાના વીશમા મણકાનું વ્યાખ્યાન શ્રી મનસુખભાઈ સલ્લાએ 'દર્શકનું કેળવણીદર્શન અને નવી શિક્ષણનીતિ' વિષય ઉપર બહુ સરસ રીતે અભ્યાસપૂર્ણ આપ્યું. લોકભારતીના ચાર પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી અતુલભાઈ પંડ્યા-અમદાવાદ, શ્રી પાર્થેશભાઈ અને શ્રી બિંદુબહેન પંડ્યા-રાજપુર, ગાંધીનગર અને શ્રી રવજીભાઈ ગાબાણી-ગાંધીનગરનું શાલ-સન્માનપત્ર અને રૂપિયા અગિયાર હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. અનેક શુભેચ્છકો ઉપસ્થિત રહી સહભાગી થયા. કાર્યક્રમનું આભારદર્શન શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ કર્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી પૂજાબહેન પુરોહિતે કર્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં લોકભારતીના સમગ્ર કાર્યકરો અને વિદ્યાર્થીઓએ પરિશ્રમ કર્યો હતો. લોકભારતીની સફાઈ, સુઘડતા અને સમગ્ર વ્યવસ્થા અંગે સૌ મહેમાનોએ સંતોષ વ્યક્ત કર્યો. સમગ્ર સંચાલન લોકસેવાના ત્રીજા વર્ષના ભાઈઓ-બહેનોએ જવાબદારીપૂર્વક સુપેરે સંપન્ન કર્યું.
- તા.૩૦ના રોજ રક્ષાબંધનનો કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવાયો. પરંપરાગત પ્રણાલિકાઓ મુજબ રક્ષાબંધન ઉજવણી કરવામાં આવી. મુખ્ય વક્તા તરીકે નીલપરથી આવેલ ડૉ. રમઝાનભાઈ હસણિયાએ મનનીય રસસભર વક્તવ્ય આપ્યું. રાત્રે વિદ્યાર્થીઓએ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૩૧ના રોજ ગ્રામપંચાયત મંત્રી મહિલા ઓપવર્ગ – ૨૫૦ નો વર્ગ પ્રારંભ થયો.

**આંબલા સમાચાર**

- તા.૦૧ના રોજ ભાવનગરથી નિવૃત્ત શિક્ષક તેજલબહેન રાજેશભાઈ ભટ્ટ તથા મંદાકિનીબહેન સંજીવભાઈ ભટ્ટ શુભેચ્છા મુલાકાતે આવી ગયાં.
- તા.૧૦ના રોજ વિશ્વ સિંહદિવસની ઉજવણી કરવામાં આવેલ. શ્રી નરેન્દ્રભાઈ મકવાણાએ સિંહ વિષે માહિતી આપી.
- તા.૧૧ના રોજ મણાર મુકામે સ્વ. મૃદુલાબહેન પ્ર. મહેતા પ્રેરિત પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળામાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા કાર્યકર પરિવાર જઈ આવ્યા. સાથે વિદ્યાર્થીઓએ અલંગ શીપ બ્રેકિંગ યાર્ડની મુલાકાત લીધી.
- તા.૧૧થી તા. ૨૦ દરમિયાન આંબલાના ૩ નેવલ નેવી NCC યુનિટના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો સિદસર મુકામે વાર્ષિક તાલીમમાં શ્રી નરેન્દ્રભાઈ મકવાણા, શ્રી મહર્ષિભાઈ સોલંકી, શ્રી ભેરુભાઈ કરમટીયા સાથે જઈ આવ્યા. કેમ્પમાં બેસ્ટ સ્કૂલ ૨૦૨૩ નો એવોર્ડ અને ચેમ્પિઓન ઓફ ટગ ઓફ ફોરનો એવોર્ડ ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા લોકશાળાને મળ્યો. બેસ્ટ ફાયરિંગ કેડેટનો એવોર્ડ શ્રી રાહુલભાઈ ધાપા, બેસ્ટ ડીલ કેડેટનો એવોર્ડ શ્રી વીર ડાંગર, બેસ્ટ એકેટમી કેડેટનો એવોર્ડ શ્રી અંજલિબહેન ત્રિવેદી, બેસ્ટ કેડેટ ૨૦૨૩નો એવોર્ડ શ્રી ડાભી મૈથીલીબહેને મેળવ્યો.
- તા.૧૩ના રોજ શ્રી પાર્થેશભાઈ પંડ્યા શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૧૩ના રોજ ભાવનગરની INFORMAL શાળા ચલાવતું ગ્રૂપ ૪૦ વ્યક્તિ પોતાનાં નાનાં બાળકો સાથે સંસ્થા મુલાકાતે આવ્યા. તેમની સાથે બાળરોગ નિષ્ણાંત ડૉ.અશ્વિનભાઈ દવે, ડૉ.ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી વગેરે હતા.
- તા.૧૪ના રોજ ભાવનગરના ડૉ.અમિતભાઈ ખીમજીભાઈ પટેલ અને ડૉ.અશ્વિનભાઈ ઈશ્વરભાઈ પટેલ શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૧૫ના રોજ લોકભારતી સણોસરા ખાતે લોકભારતી કાર્યકર કો-ઓપ.ક્રેડિટ સોસાયટીની વાર્ષિક સભામાં આંબલાના સભાસદો જઈ આવ્યા.
- તા.૧૫ના રોજ ૭૭માં સ્વાતંત્રદિનની ઉજવણી કરવામાં આવી આ પ્રસંગે માજી સૈનિક શ્રી વિરેન્દ્રસિંહ લહેરૂભાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.
- તા.૧૮ના રોજ શ્રી વાઘજીભાઈ કરમટીયાના કાકા સ્વ.શ્રી નાનુભાઈ વાલાભાઈ કરમટિયાનું ૭૫ વર્ષની વયે અવસાન થયેલ તે નિમિત્તે સાયંપ્રાર્થના સભા રાખેલ જેમાં શ્રી ભારતેન્દુભાઈ દવેએ અને શ્રી મેહુરભાઈ લવતુકાએ તેમની સાથેનાં સ્મરણો કહ્યાં.
- તા.૧૯ના રોજ માંડવી કચ્છથી માનસી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી લીલાધરભાઈ ગડા, હીરાલાલભાઈ સાવલા, શ્રીમતી મીનાબેન સાવલા, ગીતાબેન રામજીભાઈ ગાલા, શુભેચ્છા મુલાકાતે આવી ગયા. તેમણે સંસ્થાથી પ્રભાવિત થઈ રૂપિયા ૧૧,૦૦૦/-નું દાન આપેલ.
- તા.૨૨ના રોજ આંબલા મુકામે ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટની વ્યવસ્થાપક મંડળની બેઠક યોજાઈ ગઈ તેમાં કાર્યકારી ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી ડાહ્યાભાઈ ડાંગર, શ્રી વાઘજીભાઈ કરમટીયા, શ્રી રાજેન્દ્રસિંહ વાળા, મણારના હિશાબનીશ શ્રી ફિરોજભાઈ અને આંબલાના હિસાબનીશ શ્રી રવીન્દ્રભાઈ હાજર રહેલ.
- તા.૨૩ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટના મુખ્યદાતા પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ મુંબઈના ચીફ એકઝીક્યુટિઝની ૧૨ વ્યક્તિઓની ટીમ સંસ્થા

મુલાકાતે આવી ગઈ.

- તા.૨૩ના રોજ ઇસરો તરફથી જે ચંદ્રયાન -૩ લેન્ડિંગ થયેલ તેનું વિદ્યાર્થીઓને જીવંત પ્રસારણ બતાવ્યું.
- તા.૨૬ના રોજ દિલ્હીથી શ્રી પન્નાબહેન રસિકલાલ હેમાણી અને જયપુરથી શ્રી દક્ષાબહેન પિનાકીનલાલ સંસ્થાના મૂલ્યો અને શિક્ષણપ્રણાલીને સમજવા માટે શુભેચ્છા મુલાકાતે આવી ગયાં. પ્રાર્થના સભામાં પ્રેરક વાતો કરી.
- તા.૨૭ના રોજ વિદ્યાર્થીઓનો મનગમતો કાર્યક્રમ ખજાનાની શોધ સોનગઢ મુકામે બોરડીધારે રાખેલ. તેમાં સૌ વિદ્યાર્થીઓ અને કાર્યકર પરિવાર ઉત્સાહપૂર્વક જોડાયા. સાથે સાથે આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થિની બહેનો પણ જોડાયા.
- તા.૨૮ના રોજ મણારના ભૂતપૂર્વ આચાર્યશ્રી રમેશભાઈ વિરમગામી તેમજ શ્રી યોગેશભાઈ ત્રિવેદી સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયેલ.
- તા.૨૮ના રોજ પૂર્વ આચાર્ય શ્રી દાસભાઈ રામાનુજના પુત્ર અને પૂર્વ વિદ્યાર્થી અક્ષયભાઈ રામાનુજ શુભેચ્છા મુલાકાતે આવી ગયા અને ખેતી - બાગાયત અંગે માર્ગદર્શન આપ્યું.
- તા.૨૮ના રોજ લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી શ્રી ધીરુભાઈ ઘેવરિયા, બારડોલીથી સામાજિક કાર્યકર શ્રી મુકેશભાઈ શાહ, અને શ્રી બિન્દુબહેન દેસાઈ સંસ્થાની શિક્ષણપ્રણાલી અને મૂલ્ય સમજવા માટે આવ્યાં.
- મોજીલા શિક્ષણ મોબાઈલ વાન પ્રોજેક્ટના કાર્યકર શ્રી કેતનભાઈ મકવાણા માઈધાર મુકામે તાલીમમાં જઈ આવ્યા.
- તા.૨૯ના રોજ લોકભારતી સણોસરા ખાતે મનુભાઈ પંચોળી ''દર્શક'' સ્મારક વ્યાખ્યાનામાળામાં કાર્યકરો જઈ આવ્યા.
- તા.૩૦ને બુધવારે રક્ષાબંધનની ઉજવણી પરંપરાગત રીતે ઉજવવામાં આવી. નવ નિયુક્ત DYSP શ્રી મનીષાબહેન દેસાઈના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ ઉજવાયો. શ્રી મનીષાબહેન સંસ્થાની આગવી વિશેષતાઓ તથા પૂ.નાનાભાઈના સ્મરણભાવ – આ દેશને શિક્ષણમાં તેમનું યોગદાન અને બાળકોને પ્રેરણાત્મક વાતો કરી સૌને મંત્રમુગ્ધ કર્યા. આ કાર્યક્રમમાં શ્રી લાલજીદાદા પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌ લોકશાળા પરિવારે હર્ષોલ્લાસ સાથે મજા કરી. મોજીલી શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.

**મણાર સમાચાર**

- તા.૦૨ ના રોજ અલંગ મરીન પોલીશ સ્ટેશનના (પી.આઈ.) શ્રી બેરા સાહેબ તથા તેમની ટીમે શાળામાં ''મહિલા સુરક્ષા'' અને ''પોસ્કો એક્ટ'' વિષયક સુંદર માર્ગદર્શન અને જાણકારી આપી સૌને માહિતગાર કર્યા.
- તા.૦૯ના રોજ ''આઝાદી કા અમૃતમહોત્સવ'' તથા ''મેરી મિટ્ટી મેરા દેશ'' કાર્યક્રમ અંતર્ગત આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગર અલંગ ગ્રામપંચાયતના કાર્યક્રમમાં હાજર રહ્યા અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.
- તા.૧૦ના રોજ સમગ્ર સંસ્થામાં ''સમૂહસફાઈ'' કાર્યક્રમ યોજાઈ ગયો, સંસ્થાના તમામ વિભાગોમાં વિદ્યાર્થી-કર્મચારીગણ સાથે રહીને સફાઈ કરવામાં આવી.
- તા.૧૦ના રોજ શાળામાં ''વિશ્વ સિંહદિવસ'' ની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. તથા એન.સી.સી.ના કેડેટ્સ દ્વારા કરવામાં આવ્યું સમગ્ર સ્ટાફગણ પણ જોડાયો.
- તા.૧૧ના રોજ સ્વ.મૃદુલાબેન પ્ર.મહેતા પ્રેરિત ''પંડિત સુખલાલજી'' વ્યાખ્યાનમાળાનું સુંદર આયોજન થયું. ૩૧માં મણકાના મુખ્ય વક્તા શ્રી

હીરજીભાઈ નાકરાણી એ "કેળવણીમાં છાત્રાલયજીવનનું મહત્ત્વ" વિષય પર મનનીય વક્તવ્ય આપ્યું. સંસ્થાના ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ અધ્યક્ષ સ્થાને રહ્યા. આજુબાજુના ગ્રામજનો, પૂર્વ વિદ્યાર્થીઓ, મહેમાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા.

- તા.૧૧ના દિવસે ત્રિવિધ કાર્યક્રમો યોજાયા.જળમંદિરના દાતા શ્રી સોહનલાલ વડેરા તેમના ધર્મ પત્ની તથા ઘનશ્યામભાઈ ચભાડીયા અને સર્વ મહેમાનોની હાજરીમાં "જળમંદિર" ના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો.
- સુઘડ સ્નાનઘાટના દાતા શ્રી શંકરભાઈ રાઠોડ તથા તેમના પરિવાર દ્વારા કપડાં સુકવવાનો શેડ તથા સ્નાનઘાટનું લોકાર્પણ કરવામાં આવ્યું. ઉપરોક્ત સમગ્ર દાતાઓનો સંસ્થાએ આભાર પ્રગટ કર્યો.
- તા.૧૩ થી ૧૫ સુધી "આઝાદી કા અમૃતમહોત્સવ" અંતર્ગત મેરી મિટ્ટી,મેરા દેશ, "હર ઘર ત્રિરંગા" પ્રભાતફેરી, સ્વાતંત્ર્યપર્વ, વૃક્ષારોપણ વગેરે અનેકવિધ કાર્યક્રમો યોજાયા-કાર્યક્રમોનું સંચાલન એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું. જરૂરી માર્ગદર્શન પ્રોગ્રામ ઓફિસર કંચનબહેન દ્વારા પૂરું પાડવામાં આવ્યું.
- સ્વાતંત્રતા દિવસની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી, પ્રેરકવક્તા શ્રી મનહરભાઈ ઠાકરના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો.વિદ્યાર્થીઓએ પરેડ, પિરામીડ, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે યોજીને ૭૭ માં સ્વાતંત્ર્યપર્વની શાનદાર ઉજવણી કરી. સહુનો સહકાર રહ્યો. કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર(પિડિલાઈટ)ના કાર્યકર્તા શ્રી સિંગ સાહેબ દ્વારા સહુને મો મીઠું કરાવવામાં આવ્યું.
- તા.૧૩ના રોજ લોકશાળા મણાર અને કૃષિવિકાસ કેન્દ્રની મુલાકાતે લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી શ્રી ઝવેરભાઈ અને ધનંજયભાઈ, નિરમાં ઈન્સ્ટીટ્યૂટ ભાવનગરથી આવી ગયા.
- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણારના એન.સી.સી. ના કેડેટ્સ તા.૧૧થી ૨૦ સુધી સિદસર મુકામે N.C.C. CATC CAMPમાં જઈ આવ્યા, જ્યાં તેમણે ફાયરીંગ, બોટિંગ વગેરે જેવી પ્રવૃત્તિઓ કરી, આ દસ દિવસના કેમ્પ દરમ્યાન શિસ્ત અને અનુશાસનના પાઠ શીખ્યા તેમજ એન.સી.સી.ની વિવિધ પરેડથી માહિતગાર થયા. છેલ્લા દિવસે સંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થી બહેનોએ હેલારો, ગરબા, ડાન્સ કર્યો તેમજ દેશભક્તિને લગતા બે ગીત ગાયા તેમજ ભાઈઓએ દેશભક્તિ સોંગ પર પિરામીડ કરીને હાજર બધા કેડેટ્સ અને ઓફિસર્સને મંત્ર મુગ્ધા કરી દીધા. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં 'બેસ્ટ પર્ફોમન્સ ઓફ ધ સ્કૂલ' નો એવોર્ડ મળ્યો.
- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણાર ના એન.એસ.એસ. યુનિટ દ્વારા રાષ્ટીય રમત-ગમત દિવસની ઉજવણી અને ફીટ ઈન્ડિયા અંતર્ગત વિવિધ રમતોનું આયોજન તા.૨૩થી તા.૨૭ સુધીમાં કરવામાં આવ્યુ.
- તા.૨૭ના રોજ ઉદ્યોગપતિ શ્રી કિશોરભાઈ અને તેમના પત્ની સંસ્થાની મુલાકાતે આવી ગયા. તેમણે વિદ્યાર્થીઘડતર સંદર્ભે માર્ગદર્શન અને વ્યસનમુક્તિ માટે ખૂબ સરળ શૈલીમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ તેમજ નોટબુક્સ અને પેનોની ભેટ આપી.
- તા.૨૯ના રોજ લોકભારતી સણોસરા "દર્શક" વ્યાખ્યાનમાળામાં કાર્યકરગણ જઈ આવ્યા.
- રક્ષાબંધન પર્વની ઉજવણી તા.૩૦ના રોજ હોશભેર કરવામાં આવી. મુખ્ય મહેમાન અને વકતા શ્રી ઉમાકાંતભાઈ રાજયગુરુ તથા શ્રી ભીખાભાઈ કોરાટ (પરિવાર સાથે), શ્રી મહેંદીભાઈ તથા સમગ્ર લોકશાળા પરિવાર,

જોડાયો. પ્રસંગોચિત વક્તવ્ય યોજાયા. બહેનોએ હાથે બનાવેલ રાખડી ભાઈઓને બાંધીને સૌએ મો મીઠા કરી, રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી કરી.

**માઈધાર સમાચાર**

- તા. ૪ના રોજ ગણેશ શાળા ટીમાણામાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પીરસવા, ગીતો અને અભિનય શીખવવા, શિક્ષકોને તાલીમ મળી શકે એવા કાર્યક્રમમાં શ્રી ભાવનાબહેન પાઠક અને મોજીલું શિક્ષણના કાર્યકરો જઈ આવ્યા.
- તા. ૧૦ના રોજ સિંહદિવસની ઉજવણી કરવામાં આવી.
- તા ૧૧ના રોજ મણાર પંડિત સુખલાલજી સ્મારક વ્યાખ્યાનમાળામાં શ્રી પાતુભાઈ આહિર અને શ્રી એભલભાઈ જઈ આવ્યા.
- તા. ૧૧ના રોજ "મેરી માટી મેરા દેશ" કાર્યક્રમ અંતર્ગત તિરંગા રેલી, શહીદોને શ્રદ્ધાંજલિ, શિલાન્યાસ અને દેશની રક્ષા કરનારનું સન્માન પત્રથી સન્માન કરવામાં આવ્યું જેમાં લોકવિદ્યાલય સમગ્ર કાર્યકરો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો.
- તા. ૧૫ના રોજ રેલી, ધ્વજવંદન કાર્યક્રમ પૂર્ણ કરી બપોર બાદ "કોન બનેગા નોલેજ પતિ" કાર્યક્રમ યોજાયો હતો.
- તા.૧૭ના રોજ શ્રી મહેન્દ્રભાઈ ચોટલિયા તથા શ્રી વિશાલભાઈ ભાદાણી સંસ્થા મુલાકાતે આવી ગયા. વિદ્યાર્થી સાથે સંવાદ – પ્રશ્નોત્તરી કરી.
- તા. ૨૩ ના રોજ શ્રી અરુણભાઈ દવે અને શ્રી કાંતિભાઈ ગોઠી નવનિર્મિત ભોજનાલય સમીક્ષાર્થે આવી ગયા.
- તા.૨૪ ના રોજ મુંબઈથી પિડિલાઈટની ટીમ સંસ્થા મુલાકાતે આવી હતી.
- તા. ૨૪થી ૨૬ શિક્ષકો માટે મોજીલું શિક્ષણની તાલીમ યોજવામાં આવી.
- તા. ૨૯ ના રોજ 'દર્શક' વ્યાખ્યાનમાળા અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમમાં માઈધારના કાર્યકરો જઈ આવ્યા.
- તા.૨૯ ના રોજ સ્વદીપ શિક્ષણ વિકાસ સંસ્થા દ્વારા દાંત તથા પેઢાને લગતી સમસ્યા માટે નિદાન કેમ્પનું આયોજન થયું.
- તા.૩૦ના રોજ શ્રી ભરતભાઈ દવેએ રક્ષાબંધન ગીતોની તાલીમ આપી અને પ્રાર્થના અનુસંધાને પ્રેરણાત્મક પ્રસંગો કહ્યા.
- તા. ૩૧ના રોજ રક્ષાબંધન તહેવારની ઉજવણી કરવામા આવી, શ્રી જાગૃતિબહેન આચાર્યએ (દીકરીનું ઘર,પાલિતાણા) પ્રાસંગિક વાતો કરી. વિદ્યાર્થી અને કાર્યકરોએ પણ અભિવ્યક્તિ કરી.
- ઓગસ્ટ મહિના દરમિયાન આંબલા લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી શ્રી ધીરુભાઈ ઘેવરિયા, શ્રી અમિતભાઈ જાદવાણી, શ્રી નિખિલભાઈ ત્રિવેદી, શ્રી સીમાબહેન તથા શુભેચ્છકો શ્રી રજનીબહેન ગાંધી, શ્રી સોહનલાલ વડેરા, શ્રી સુમિત્રાદેવી, શ્રી ઘનશ્યામભાઈ ચભાડિયા વગેરે સંસ્થા મુલાકાતે આવી ગયા.

**શ્રદ્ધાંજલિ**

• લોકભારતીના પૂર્વ વિદ્યાર્થિની શ્રી સાવિત્રીબહેનના પતિ શ્રી ચંદ્રકાંતભાઈ હરિશચંદ્રદાસ પટેલનું તા. ૨૯ના રોજ વડોદરા મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

લોકસમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેમના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માને પરમ શાંતિ મળે તેવી પરમેશ્વરને પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## લોકભારતી સંસ્થા : રક્ષાબંધનપર્વની ઉજવણી




## આંબલા સંસ્થા : સ્વાતંત્ર્યપર્વની ઉજવણી




## મણાર સંસ્થા : સ્વાતંત્ર્યપર્વની ઉજવણી




## માઈધાર સંસ્થા : સ્વાતંત્ર્યપર્વની ઉજવણી







TO.

**From :**


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-